ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 09 Date : 16-01-2026

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૫) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૫ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૬ : સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર |
| કિશોર દેસાઈ | ૦૮ | ગુજરાતમાં (પ્રાથમિક/માધ્યમિક) શિક્ષણની દશા અને દિશા |
| રજની દવે | ૧૧ | જમનાલાલ બજાજ એવોર્ડ – ૨૦૨૫ : અભિનંદન હસમુખભાઈ પટેલ |
| રાજુ રૂપપુરીયા | ૧૨ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ |
| ગુ. ટુડે. | ૧૪ | માતાના દૂધમાં યુરેનિયમ |
| પારુલ દાંડીકર | ૧૬ | મિત્ર-મિલન મહોત્સવ પવનાર |
| રજની દવે | ૧૯ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - ૫ |
| રશાંસ | ૨૦ | વાંચન થાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ઓળખપત્ર |

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.09 1949 Date : 16-1-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૫)

❍ વિનોબા ❍

### આત્મા-અનાત્મા (૨) : આત્મજ્ઞાન

નાનપણથી લઈને મૃત્યુ આવે ત્યાં સુધી માણસના શરીરની અવસ્થાઓ બદલાતી રહે છે. એવું ને એવું શરીર અને એવું ને એવું મન પણ રહેતું નથી. પરંતુ આટલું હોવા છતાં પણ આત્મા સત્ય છે. પ્રકૃતિનો, મનનો પ્રવાહ વહેતો રહે છે પરંતુ આત્મા અખંડ કાયમ છે. નદીઓનું પાણી વહેતું જ રહે છે. જૂનું પાણી જાય છે, નવું આવે છે, પરંતુ નદી કાયમ રહે છે. એનું મૂળ કાયમ રહે છે. એવી રીતે આત્મા પ્રકૃતિથી અલગ છે, અને મનથી પણ અલગ છે. તેમ છતાં આપણે આત્માને પ્રકૃતિથી અલગ કરતા નથી. અવિવેકને લીધે માણસ મૂઢ રહે છે, એની પાછળ સંસાર પડ્યો રહે છે. વિવેકી એ છે, જેણે આત્મા-અનાત્મા વચ્ચેનો ભેદ સમજી લીધો છે. અને જેને આ ભાન નથી કે આત્મા, એ દેહ-ઇંદ્રિય-મનથી અલગ છે, તે અવિવેકી છે. અવિવેકીનો સંસાર વધ્યા જ કરે છે.

શંકરાચાર્ય કહે છે કે માણસે પોતાના શરીરના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે કોઈ પ્રમાણ આપવાની જરૂર રહેતી નથી – यथा स्वदेहस्य परिच्छेदाय न प्रमाणान्तरापेक्षा ।– આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે તો પ્રમાણ આપવાની જરૂર એના કરતાં પણ ઓછી છે, કેમ કે આ શરીર પણ છેવટે તો બહારની વસ્તુ કહેવાય છે. જ્યારે આત્મા અંતરતમ છે, આપણી અત્યંત નજીક છે. એ તો આપણું નિજરૂપ છે. કુરાનમાં પણ સમાનાર્થક વચન મળે છે – પરમેશ્વર તો તારા શરીરની નાડી કરતાં પણ વધારે નજીક છે.

આ જે શરીર છે તે આત્માના વિકાસ માટે જ છે પરંતુ જેનો પણ આત્મા ઉન્નત થયેલો છે, એને આ જ શરીરમાં વધારે વિકાસ કરવા માટે ગુંજાશ રહેતી નથી. તેનો આત્મા એટલો બધો વિશાળ થઈ જાય છે અને પછી તે પોતાના નાનકડા શરીરને છોડી દઈને, સમાજના વ્યાપક શરીરમાં પ્રવેશે છે.

આપણને ઘણી વાર ભાસ થતો હોય છે કે મનુષ્ય પર ગુણ અને દોષ, આ બંને લાગુ થતા હોય છે. પરંતુ વસ્તુતઃ આવું થતું નથી. જે દોષ હોય છે તે શરીર પર લાગુ થાય છે અને ગુણ આત્મા પર લાગુ થાય છે. જેવી રીતે સત્ય, પ્રેમ, નિર્ભયતા એ આત્માનો સ્વભાવ છે. એટલા માટે તો તે ગુણો સહજ જ રહે છે. આ બધા ગુણો આત્માના સ્વરૂપ જ છે. દોષ નશ્વર છે, એ જનારા છે જ્યારે ગુણ અમર અને ટકાઉ છે. એટલા માટે આપણે ગુણ પર દષ્ટિ સ્થિર કરવી જોઈએ, નાશવાન-ક્ષણભંગુર વસ્તુ પર નહીં. દોષમાત્ર શરીરના છે એટલા માટે તે શરીરની સાથોસાથ ભસ્મીભૂત થઈ જવાના છે. જે કંઈ સારપ છે તે સારાપણું આત્માનું છે અને જે પણ કંઈ ખરાબ છે તે શરીરનું છે – આવું જે કહે છે, એના કહેવામાં થોડોક સાર છે. પ્રકૃતિના દોષ આખા શરીરની અંદર આવી જાય છે. અને પ્રકૃતિમાં રહેલા ગુણ પણ શરીરમાં શુદ્ધ સ્વરૂપે હોતા નથી, મિશ્ર સ્વરૂપમાં હોય છે. પરિશુદ્ધ તો કેવળ આત્મા જ છે.

સંકોચવૃત્તિ દેહભાવનામાંથી નીપજે છે. હું દેહબદ્ધ છું – અર્થાત્ હું બીજા કરતાં કંઈક અલગ છું – આવી કલ્પના પર સંકોચવૃત્તિ ઊભી છે. પોતાના વિષયમાં દેહબુદ્ધિ, એવી જ રીતે બીજા લોકોના વિષયમાં પણ દેહબુદ્ધિ. દેહ પ્રગટ છે, આવી સ્થિતિમાં દેહબુદ્ધિને દૂર કરવી કે ભૂલી જવું તે સરળ નથી. જો દેહ ફાડીને આત્માને બહાર ખેંચી લાવવો છે તો એના માટેનાં સાધનો તીક્ષ્ણ અને સૂક્ષ્મ હોવાં જોઈએ.

આજે તો આપણે દેહની પૂજાને જ આપણું સાધ્ય માની લીધું છે. સાધુસંતો જોર લગાવીને કહે છે – દેહની દિવસ-રાત પૂજા ન કર. બીજાને પણ ઓળખવાનું શીખ. સંતો આપણને વ્યાપક બનવાનો બોધ આપે છે. આપણે આપણા આત્મહંસને દેહના પિંજરામાં પૂરીને શું બહારની હવા ખવડાવીએ છીએ ? આપણો આત્મા તો વ્યાપક થવા માટે તરફડતો રહે છે. એ તો ઇચ્છે છે કે હું આખા જગતને ગળે લગાવું. પરંતુ આપણે તો એને જ બંધ કરી દઈએ છીએ. આપણે આત્માને કેદ કરી દીધો છે. ક્યારેક દેહબદ્ધ આત્મા થોડીક વાર માટે થોડોક બહાર નીકળે છે. પરંતુ એટલાથી આત્માનું કામ થશે નહીં, એને તો મુક્તાનંદ જોઈએ.

ઉપનિષદ કહે છે – તું શરીર નથી, તું આત્મા છે. तत् त्वम् असि – તે આત્મરૂપ (तत्) તું (त्वम्) છે (असि). આ ઘણું પવિત્ર અને ઉદાત્ત વચન છે. તું તે છે, 'તે' એટલે વિશાળ વિશ્વરૂપમાં પરિપૂર્ણ શક્તિ ભરેલી છે. 'તું એટલે દેહની અંદર વિરાજમાન થયેલો, સીમિત, મર્યાદિત, અલ્પ શક્તિવાળો – આવું તું પોતાના અંગે જે માને છે, અનુભવ કરે છે, તેવો નહીં. બલ્કે તું 'તે' છે. અહીં ઘણી ઊંચી ઉડાનની વાત છે, અસંભવ લાગે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેવું ચિંતન અને પોતાના નિત્ય અનુભવની વિરુદ્ધમાં વિચારવાનો અહીં આદેશ છે. હવે હું દેહથી અલગ છું, આ સમજવું તો સહેલું છે, પરંતુ 'હું તે છું' આ સમજવું આસાન નથી.

આ દેહથી પર એવું અવિનાશી અને નિષ્કલંકિત જે આત્મતત્ત્વ છે, એ જ હું છું. એ આત્મતત્ત્વ માટે તો મને આ શરીર મળ્યું છે. આ શરીર પર મારી સત્તા ચાલવી જોઈએ. હું આ શરીરનો ઉપયોગ કરીશ અને તેના દ્વારા હિત-મંગળની વૃદ્ધિ કરીશ. आनंदे भरीन तिन्हीं लोक – હું ત્રિલોકમાં આનંદ ભરી દઈશ. 'તું શરીર નથી, તું આત્મા છે.' ઘણો ઉચ્ચ અને પવિત્ર વિચાર છે. મારા આવા આત્મરૂપને મિટાવી દેવાનું કે નાશ કરી નાખવાનું કોઈ પણ સામર્થ્ય આ સંસારમાં એક્કેય વસ્તુમાં નથી, કોઈ પણ વ્યક્તિમાં નથી.

પ્રશ્ન પુછાયો કે, પાપ-પુણ્ય કોણ કરે છે, શરીર કે આત્મા ? આત્મા વગર દેહ અને દેહ વગરનો આત્મા કંઈ જ કરતા નથી. એ બંનેમાં જે સંબંધ છે, એ સંબંધમાં બધું થાય છે. એ સંબંધ કેવા પ્રકારનો છે, તેની ચર્ચામાં દાર્શનિકો અટવાયેલા છે. કોઈ કહે છે બંને વચ્ચે 'સંયોગ' સંબંધ છે. તો કોઈ કહે છે 'સમવાય' સંબંધ છે. કોઈ કહે છે 'અધ્યાસ' છે. પણ ખરેખર આ કોઈ જાણતું નથી.

કન્ટીન્યુઈટી ઑફ લાઈફ આફ્ટર ડેથ – મૃત્યુ પછી જીવન ન માનવાનો મતલબ દેહભિન્ન આત્માને ન માનવા બરાબર છે. કંટીન્યુઈટીનો અર્થ કેવળ સ્થૂળ શરીર-ધારણ જ નહીં, પણ સૂક્ષ્મ દેહમાં પણ આત્મા રહી શકે છે. પરંતુ જેમણે પણ મૃત્યુ બાદ બધું ખતમ થઈ ગયું એવું માની લીધું છે એમણે પોતાની બુદ્ધિના દરવાજા બંધ કરી દીધા છે, એવો જ અર્થ થાય.

કેવળ દેહને બળવાન બનાવવાની વાસનાનો નિષેધ કરતાં ગાંધીજી 'રામનામ' પુસ્તકમાં લખે છે – ''જેમ જેમ આત્મા નિર્વિકાર થતો જાય છે, તેમ-તેમ તેનું શરીર પણ નિરોગી થવા લાગે છે. પરંતુ અહીં નિરોગી શરીરનો અર્થ શક્તિશાળી શરીર નથી. શક્તિશાળી આત્મા નબળા-દુર્બળ શરીરમાં રહે છે. માણસનું આત્મબળ જેમ જેમ વધે છે, તેમ તેમ શરીરની ક્ષીણતા વધે છે. સંપૂર્ણ નિરોગી શરીર એકદમ ક્ષીણ પણ હોઈ શકે. બળવાન શરીરમાં ઘણા અંશે રોગ રહેતા હોય છે.''

મને કિશોરલાલભાઈમાં માનવીય નિર્લિપ્તતાનું એક અજોડ દર્શન થયેલું. એમને વારેવારે દમના હુમલાઓ આવતા અને તેઓ તેની સામે દિવસ-રાત ઝઘડતા હતા. પણ તે સમયે તેઓ પોતાને પોતાના શરીરથી એકદમ અલગ માનતા હતા. તેઓ આત્મા-અનાત્માનો ભેદ એટલો બધો સ્પષ્ટ અનુભવતા કે તેમને સતત શારીરિક પીડાઓ રહેતી હોવા છતાં તેમના ચિત્તની પ્રસન્નતા હંમેશા રહેતી. એમની આટલી લાંબી કંટાળાદાયક બીમારીમાં પણ તેઓ પોતાના મનનું સંતુલન જાળવી રાખી શકેલા.

ઈસા મસીહનું જીવન પણ આ જ ઉદાહરણ પૂરું પાડે છે. દેહથી એકદમ પૃથક્ થવાનો અનુભવ થયેલો. એમના શરીરમાં ખીલા ઠોકી ઠોકીને તેમનો પ્રાણ લેવાતો હતો, અને ત્યારે કહે છે કે, એ સમયે એમની વાણીમાં આ જ ઉદ્ગાર નીકળ્યા, ''ભગવાન આટલી બધી યાતનાઓ શા માટે આપો છો ?'' – પરંતુ તરત જ એમણે પોતાની જાતને સંભાળી લીધી અને બોલ્યા, ''પ્રભુ ! તમારી ઇચ્છા જ પૂર્ણ થાઓ. આ લોકોને ક્ષમા કરો.'' ઈસા મસીહના આ ઉદાહરણમાં કેટલું મોટું રહસ્ય રહેલું છે ! દેહથી આત્માને કેટલો જુદો કરવો જોઈએ, તેનું આ પ્રતીક છે.

**પ્રકીર્ણ –**

દેહ દેવાલય છે, દેહી એટલે કે આત્મા એ નિરંજન, નિષ્કલંક છે. તે દેહી આત્મા સ્વાનુભૂતિથી વિરાજમાન થાય છે. જેવી રીતે પૂજા દ્વારા દેવ શોભાયમાન થાય છે, એવી રીતે આત્મદેવ સ્વાનુભૂતિથી શોભાયમાન થાય છે.

* શરીર આત્માની મૂર્તિ છે અને મૂર્તિ હોવાના નાતે તેનો ઉપયોગ થવો જોઈએ. જેવી રીતે પ્રકાશ લક્ષણ છે અને સૂર્ય એ લક્ષિત વસ્તુ છે, એવી રીતે આત્મા દેવતા છે અને શરીર એ દેવતાની મૂર્તિ છે. મૂર્તિને જોઈને દેવતાની કલ્પના આવવી જોઈએ.

* મારું આ શરીર જ આત્મા છે અને ખાવા-પીવામાં જ બધું ખતમ થઈ જાય છે, આ અલ્પ આત્મજ્ઞાન છે. ઉપનિષદમાં આને असुराणां हिं एषा उपनिषत् કહ્યું છે. એટલે કે દેહને આત્મા સમજવો, એ અસુરોનું ઉપનિષદ છે.

* માણસનું શરીર છે સાડા ત્રણ હાથનું, પરંતુ આત્મા તો ત્રણેય લોકોને વ્યાપ્ત કર્યા પછી બચનારો, અથવા તો ઋષિની ભાષામાં સાડા ત્રણ લોકોને વ્યાપ્ત કરનાર. આમ સાડા ત્રણ હાથનું શરીર અને સાડા ત્રણ લોકને વ્યાપ્ત કરનાર આત્મા, આ મનુષ્યની મર્યાદાઓ છે.

* શરીરની કિંમત ભલે ને ગમે તેટલી ઓછી આંકીએ, તે આત્માવાસ્ય (આત્મા જ્યાં વસે છે તે) છે. આ પણ કંઈ ઓછી કિંમત ન ગણાય. એની એટલી કિંમત ચૂકવ્યા વગર કોઈ ગતિ જ નથી.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૫) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૫ | સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર |
| કિશોર દેસાઈ | ૮ | ગુજરાતમાં શિક્ષણની દશા અને દિશા |
| રજની દવે | ૧૧ | જમનાલાલ બજાજ એવોર્ડ – ૨૦૨૫ : અભિનંદન હસમુખભાઈ પટેલ |
| રાજુ રૂપપુરીઆ | ૧૨ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ |
| ગુ.ટુડે. | ૧૪ | માતાના દૂધમાં યુરેનિયમ |
| પારુલ દાંડીકર | ૧૬ | મિત્ર-મિલન મહોત્સવ પવનાર |
| રજની દવે | ૧૯ | ગુજરાત સર્વોદય મંડળ એક પરિચય-૫ |
| રશાંસ | ૨૦ | વાંચન થાળ ૦ કલા ગંગોત્રી ગ્રંથ ૨૯ ૦ સંશોધન ગ્રંથ ૧ ૦ પુરસ્કાર વિતરણ ૦ કચ્છની ધરોહર |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ઓળખપત્ર |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

* વાસનાઓ ક્ષીણ થતાં જ દેહની આવશ્યકતા ખતમ થાય છે અને આત્મા મુક્ત થાય છે.

* દેહનો આહાર દેહ દ્વારા (શરીરશ્રમ) કમાઈએ, ચિંતન આત્મા માટે રાખીએ.

* મનુષ્યે આ નિશ્ચળ જ્ઞાન મેળવવું જોઈએ કે આ શરીર યંત્ર છે, અને હું આત્મા યંત્રી છું. અહંને ક્યારે પણ શરીરમાં ડૂબવા ન દઈએ, વિવેકના બળે એને આત્મામાં જ સ્થાપિત કરીએ.

* કર્મનો આધાર આ શરીર છે. એના માટે બીજા કોઈ અલગ આધારની જરૂર નથી, મોક્ષ માટે આધારની જરૂર છે અને તે છે આત્મા.

આત્મા સ્વરૂપતઃ રોગરહિત છે, એવી જ રીતે દેહરહિત પણ છે. રોગરહિત રહેવાની અપેક્ષાનો અર્થ 'સ્વરૂપાવસ્થામાં રહેવું' એટલો જ થાય છે.

* આપણે દેહબુદ્ધિમાં ફસાયેલા રહીએ છીએ. જે કોઈની તરફ જોઈએ છીએ, એને શરીર જ માનીએ છીએ. હિંસા એ દેહની શક્તિ છે, દેહ માર્યો જાય છે. અહિંસા આત્માની શક્તિ છે, આત્મા મરતો નથી. દેહથી વધારે આત્માની શક્તિ છે, આ તો માન્ય થયેલી વાત છે.

* ક્ષીણ શરીરમાં ઉન્નત આત્મા રહે છે - આ જૈનો અને બૌદ્ધોના વિચાર છે.

* દેહ શબ્દ. આત્મા શિવ. જીવન સ્મશાન.

* શરીરનાશ એ નાશ જ નથી. આત્મનાશ થતો જ નથી. નાશ એટલે બુદ્ધિનાશ.

* * *

આત્મા પ્રકાશરૂપ,
પરંતુ બધો પ્રકાશ દેહરૂપી પડદાથી આચ્છાદિત !
આ હતી અમારી જીવદશા.
પરંતુ ઉપાસનામૂર્તિના ચિંતનથી
આ દશા હવે એકદમ પલટાઈ ગઈ છે.
હવે તો દેહ આત્માની જ્યોતિ
પ્રગટ કરનાર દીપક જ બની ગયો છે.
એ દીપકના પ્રકાશમાં આજુબાજુ નજર નાખીએ
તો બધી બાજુએ દીવડા જ દીવડા નજર આવે છે.
બધાના દેહ જાણે આત્મજ્યોતિથી ઝળહળતા દીવડા !.

## આત્મજ્ઞાન

- આત્મજ્ઞાન = અકર્મ
- જ્ઞાનપ્રાપ્તિનાં સાધન
- આત્મજ્ઞાનની બે ભૂમિકાઓ
- પ્રકીર્ણ
- આત્મજ્ઞાન અને કર્મ
- આત્મજ્ઞાન અને ભક્તિ
- આત્મજ્ઞાન - વિજ્ઞાન

### આત્મજ્ઞાન = અકર્મ

જ્યારે આપણે કર્મમાં પ્રવૃત્ત થઈએ છીએ, ત્યારે આપણને આપણા હજારો દોષોનું ભાન થાય છે. ગીતા આ દોષોને નિવારવા માટેના ઉપાયોને વિકર્મ કહે છે. સ્વધર્માચરણની સાથેસાથે, ચિત્તશુદ્ધિના ઉદ્દેશ્યથી જે કર્મ કરવામાં આવે છે, એને ગીતા વિકર્મ કહે છે. કર્મયોગનો વિકર્મની સાથે યોગ થાય ત્યારે આત્મજ્ઞાન પ્રગટ થાય છે. આત્મજ્ઞાનને ગીતા અકર્મ કહે છે. સાધનાની દૃષ્ટિએ જોતાં આત્મજ્ઞાન એ ઉત્તમ વિકર્મ છે. બધાં વિકર્મોમાં તે શ્રેષ્ઠ વિકર્મ છે. આત્મજ્ઞાનની ઉપલબ્ધિ કોઈ પણ ક્રિયા દ્વારા થતી નથી. સાધકને તો ક્રિયાઓ કરતાં કરતાં, અનેક વિકર્મોના અંતમાં પરિપક્વતા પ્રાપ્ત થાય છે. એટલા માટે તો એને અકર્મ કહે છે. પણ એક બાજુથી જોતાં તે વિકર્મ છે. એની તુલના ઉષઃકાલથી કરી શકાય. ઉષઃકાળ એ સંધિકાળ છે. રાત્રીની તરફથી જોતાં ઉષા એ દિવસ છે અને દિવસની તરફથી જોતાં ઉષા એ રાત છે. ભગવાન કહે છે બધાં કર્મો અને વિકર્મોમાં આત્મજ્ઞાન સૌથી શ્રેષ્ઠ છે - सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते - એટલે કે આત્મજ્ઞાનમાં બધાં જ કર્મોની પરિસમાપ્તિ થાય છે. એટલા માટે એને 'પરમ પુરુષાર્થ' કહે છે. આત્મજ્ઞાનની પૂર્ણાવસ્થા જ 'પુરુષોત્તમયોગ' છે. એનાથી કૃતકૃત્યતા છે. एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत ।

### જ્ઞાનપ્રાપ્તિનાં સાધન

ભગવદ્ગીતામાં ભગવાન કહે છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે જ્ઞાનીજનો પાસે જાઓ. અને પછી જ્ઞાન મેળવવાની પ્રક્રિયા જણાવે છે - तद्विधि प्रणिपातेन परिप्रश्नेन सेवया - અર્થાત્ નમ્રતા, જિજ્ઞાસા અને સેવા. સેવા - કર્મયોગની સાધના. નમ્રતા-ભક્તિસાધના. જિજ્ઞાસા - જ્ઞાનસાધના. આત્મજ્ઞાનમાં કર્મ-જ્ઞાન-ભક્તિ, આ ત્રણેય તત્ત્વ સમાવિષ્ટ છે.

શંકરાચાર્યે કહ્યું છે - आत्मेच्छा व्यवसीयतां निजगृहात् तूर्ण विनिर्गम्यताम् - એટલે કે આત્માને જાણવાની ઇચ્છા રાખો અને શીઘ્ર જ ઘર છોડો. ઘરમાં આસક્તિ રહેતી હોય છે. આ આસક્તિઓના રહેવાથી આત્મોન્નતિ થતી નથી. હા, જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી, ઘર અને બહાર એ બંને બરાબર થઈ જાય છે. એટલા માટે જેમને આત્માને જાણવાની ઇચ્છા છે, એમણે ગુરુને શોધવા જોઈશે. ગુરુકૃપા વગર આત્મજ્ઞાન મળી ન શકે. ગીતા કહે છે કે તમે નમ્રતાપૂર્વક ગુરુની સેવા કરો, પ્રશ્ન પૂછો અને જ્ઞાન મેળવો. જ્ઞાનપ્રાપ્તિ એ શાબ્દિક કે તાર્કિક પ્રક્રિયા નથી. જ્ઞાન જીવનમાં ઊતરવું જોઈએ. આના માટે ગુરુ પૂર્ણ જ્ઞાની અને અનુભવી હોવા જોઈએ. યોગ્ય ગુરુ મળવા દુર્લભ છે. તો શું આપણે નાસીપાસ થઈ જઈશું ? ગીતા કહે છે કે કર્મ-વિકર્મના આચરણ દ્વારા જો માણસ પોતાની ચિત્તશુદ્ધિ કરતો રહે અને જ્ઞાનની પિપાસા (પ્યાસ) બનાવી રાખે તો એને આત્મજ્ઞાન મળશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છેવટે તો આત્મજ્ઞાન આત્મામાં જ થવાનું છે. એ કંઈ બહારથી તો આવવાનું નથી. હા, ગુરુ વગર વધારે સમય લાગી શકે, કષ્ટ પણ વધુ અનુભવવાં પડે. ગુરુને શોધવાનો ઉત્તમ ઉપાય એ છે કે આપણે ઉત્તમ શિષ્ય બનીએ. પછી તો જ્ઞાન, કે જે આત્માનું સ્વરૂપ છે તે કાલાન્તરમાં પ્રગટ થઈ જ જશે. ગીતા પણ કહે છે - तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्यति ।

## આત્મજ્ઞાનની બે ભૂમિકાઓ

આત્મજ્ઞાનની ભૂમિકા જુદી-જુદી હોય છે, પણ એવા અનેક આત્મજ્ઞાનીઓ આ જુદી જુદી ભૂમિકાઓથી પર થયેલા હતા. જ્યારે ઈશુખ્રિસ્તને શૂળી પર ચઢાવ્યા, ત્યારે તેમણે કહેલું કે ભગવાન, મને બચાવો. આ બધું દુઃખદાયી છે; પરંતુ બીજી જ ક્ષણે એમને બોધ થયો અને તરત બોલ્યા, હે ભગવાન, તારી ઇચ્છા પૂરી થવા દે, મારી ઇચ્છા નહીં - લેટ ધાય વિલ બી ડન, નોટ માઈન. પૈગંબર મુહમ્મદ સાહેબ પણ કહે છે કે અલ્લાહની ઇચ્છાથી બધું ચાલે છે, હું એના વગર કંઈ જ નથી. ગુરુ નાનકે પણ આવું જ કહ્યું છે - हुकम रजाई चल्लाणा । અર્થાત્ પોતાની જાતને ભગવાનને સર્વથા અર્પણ કરી દેવી, તો આ આત્મજ્ઞાનની એક ભૂમિકા છે.

બીજી ભૂમિકા એ છે કે પોતાને બ્રહ્મ સમજવું. વામદેવ અને ગીતાની આ જ ભૂમિકા છે. હું જ ભગવાન છું, મારા હાથમાં ઈશ્વરીય વિધાન છે. મેં આર્યોને ભૂમિ અપાવી. ડિવાઈન ડિસ્પેન્શન ઈઝ માય ડિસ્પેન્શન (દૈવી વિધાન મારું વિધાન છે). ગીતાની ભૂમિકા આ છે. ઉપનિષદના ઋષિ કહે છે કે વામદેવને આવું જ્ઞાન હતું. તો શું આનો આવો અર્થ કાઢી શકાય કે જે ઋષિઓએ પોતાનું જ્ઞાન પ્રગટ નહોતું કર્યું, એમને જ્ઞાન જ નહોતું ? અથવા તો એમનામાં વિનયભાવ હતો કે વામદેવમાં અહંકાર હતો ? જ્યારે પણ મનુષ્ય ઉચ્ચ પ્રકારનો અને અત્યંત વ્યાપક ભાવનો અનુભવ કરે છે, ત્યારે તે બોલી શકતો નથી. કેમ કે એમ કરતી વખતે એક અંશ તો નીચે ઊતરવું જ પડે છે. ઉપનિષદના એ ઋષિઓને તે અનુભવ હતો. પરંતુ જ્યારે તેઓ કહી રહ્યા હતા, ત્યારે તેઓ એ અનુભવથી કદાચ નીચે હતા. પરંતુ વામદેવ અને શ્રીકૃષ્ણની આ એક વિશેષતા છે કે એ બંનેએ આવો અનુભવ લેતાં, નીચે ઊતર્યા વગર પણ બોલી શકતા હતા. બોલતી વખતે જે દ્વૈત કાયમ રાખવું જોઈએ, એ તો કાયમ રાખીને જ એમણે પરમ ભાવનો અનુભવ કર્યો. ગીતાનો શ્લોક છે -

आश्चर्यवत्पश्यति कश्चिदेनं आश्चर्यवद्वदति तथैव चान्यः
आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्यैनं वेद न चैव कश्चित् ।
(ગીતા : ૨ : ૨૯)

જેને જોવાથી વાણી કુંઠિત થઈ જવી જોઈએ, એને જોવાથી એમની વાણી કુંઠિત થઈ નહીં અને તેઓ બોલી શક્યા, વર્ણન કરી શક્યા. આ વિશેષ વસ્તુ છે. પોતાના અંદરના ભાવને સાંભળીને પરમ ભાવની રક્ષા કરવી તે શ્રીકૃષ્ણમાં વામદેવ કરતાં પણ વિશેષરૂપે પ્રગટ છે. વામદેવના થોડા સૂક્તોમાં આ ભાવના જણાય છે. બાકીના સૂક્તોમાં આત્મજ્ઞાનની ઉપાસના છે. ગીતા તો શરૂઆતથી લઈને અંત સુધી પરમોચ્ચ ભૂમિકા પર છે.

પરિશુદ્ધ આત્મજ્ઞાન થયા પછી હું કેવળ શરીરનો સાક્ષી અને અંતર્યામી છું એટલું પૂરતું નથી પણ હું આ વિશ્વનો દૃષ્ટા અને અંતર્યામી છું આવો અનુભવ થાય છે. જે કોઈને 'હું બ્રહ્મ છું' આ જ્ઞાન થાય છે તે સર્વરૂપ બની જાય છે - य एवं वेद अहं ब्रह्मास्मि इति स इदं सर्व भवति । આ તત્ત્વને સિદ્ધ કરવા માટે વામદેવ ઉદાહરણ આપે છે. વામદેવ વૈદિક ઋષિ છે અને વિશ્વાત્મ ભાવનાના દૃષ્ટાંત રૂપમાં એમનાં અનેક વચનો ઉપનિષદોમાં લેવામાં આવ્યાં છે.

વામદેવ કહે છે, 'આ વિશ્વમાં જે કંઈ પણ છે, તે હું છું.' જ્ઞાની પુરુષ નિરહંકાર થઈ જાય છે. એનું દેહાભિમાન નાશ પામે છે. એની ક્રિયામાત્ર સમાપ્ત થઈ જાય છે. એ સમયે એને એક ભાવાવસ્થા મળે છે. તે અવસ્થા એક દેહમાં સમાઈ શકતી નથી. અને જ્ઞાની પુરુષ તે ઉત્કટ ભાવની અવસ્થામાં આખા સંસારમાં રહેલા દોષો પોતાના માની લે છે. તે ત્રિભુવનનાં પાપથી પાપી અને પુણ્યથી પુણ્યવાન બને છે અને આવું થવા છતાં પણ તે ત્રિભુવનમાં રહેલાં પાપ-પુણ્યથી લેપાતો નથી. આવી ભાવાવસ્થા મળતાં જ્ઞાની પાર્થિવતાથી પર ચાલ્યો જાય છે. એનો આતમપંખી ઊડવા લાગે છે.

## આત્મજ્ઞાનનાં પરિણામ

ભગવદ્ગીતાના ચોથા અધ્યાયમાં આત્મજ્ઞાનનું વિશ્લેષણ કરીને ભગવાન તેનાં ત્રણ પરિણામોનો ઉલ્લેખ કરે છે - (૧) મોહનાશ (૨) પાપનિસ્તાર (૩) કર્મદાહ.

(૧) મોહનાશ - ભગવાન અહીં શરૂઆતમાં કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તું ફરીથી મોહમાં ફસાશે નહીં. મોહ = આ સ્વજન, પેલો પરજન (અન્યજણ); આ દુર્જન, પેલો સજ્જન, આ સારો, પેલો નકામો - આ પ્રકારના ભૂતવૈષમ્યકારી ભેદ. (ભૂતોમાં વિષમતા દેખાડનાર) અહીં ભગવાને જ્ઞાનનું સ્વરૂપ બતાવતાં બે વાતો કહી છે - (અ) પોતાનામાં બધાં ભૂતોને અર્થાત્ સમષ્ટિને જોવી. (બ) સમષ્ટિમય પોતાને ઈશ્વરમાં જોવો. - જ્ઞાનનાં આ બે રૂપ છે.

પોતાની અંદર બધાં ભૂતોને જોવાં એટલે કે પોતાના આત્માની અંદર જોવાં, નહીં કે શરીરમાં. દેહ-વિસ્તાર એ જ્ઞાન-વિસ્તાર નથી, મોહનો વિસ્તાર છે. માતા પોતાના પુત્રોમાં પોતાના શરીરનો વિસ્તાર જુવે છે, તે મોહ-વિસ્તાર જ છે. જો માતા આખા સંસારનાં બધાં બાળકો પર પોતાનાં બાળકો જેવો જ પ્રેમ કરવા લાગે, તો એને મોહનો વિસ્તાર કહેવાશે નહીં. તે આત્મજ્ઞાન હશે. કુટુમ્બ, સમાજ, રાષ્ટ્ર ભલે ગમે તેટલો વિસ્તાર કેમ ન હોય, જો તેની સાથે 'અહમ્ભાવ' જોડાય છે, તો તે શરીરનો જ વિસ્તાર છે, આત્માનો વિસ્તાર નથી. તે જ્ઞાન નહીં, પણ મોહ છે. વળી શરીર-વિસ્તાર, ક્ષેત્ર-વિસ્તાર, અહમ્-વિસ્તારથી પણ કામ થવાનું નથી. એના માટે આપણે ઊંડાણ વધારવું જોઈએ. આત્મ-વિસ્તાર કરવો જોઈશે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા-૬

# સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર


**ગાં**ધીજી વ્યક્તિ અને સમાજને નૈતિક બનાવવા ઇચ્છતા હતા. આ ઉદ્દેશથી તેઓએ કેટલાંક સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર કરેલ, જેમાં મુખ્ય છે - સત્ય, અહિંસા અને સત્યાગ્રહ.

## સત્ય

ગાંધીજીના સમસ્ત દર્શનનો આધાર સત્ય અને અહિંસા છે. સત્ય અને અહિંસા મનુષ્યમાં સ્થાપેલ ધાર્મિક વિકાસને માટે અનિવાર્ય છે. અહિંસા ક્યારેક તેમના માટે સત્યની અભિવ્યક્તિનું સાધન બની જાય અને ક્યારેક સત્ય જ રહે છે, કેમ કે ગાંધીજીએ સાધ્ય અને સાધનને હંમેશા એક કરવાનો પ્રયત્ન કર્યો છે. જોકે સત્યની વ્યાખ્યામાં તેઓએ કોઈ દર્શન રજૂ કર્યું નથી, બલકે તેને જીવવાનો પ્રયત્ન ગણાવ્યો છે. સત્ય શું છે, તેનો જવાબ આપતાં તેઓએ કહ્યું કે આ એક ખૂબ જ અઘરો પ્રશ્ન છે. અંતરાત્મા જે કહે છે તે જ સત્ય છે, પરંતુ સત્યને ગ્રહણ કરી તેને વ્યક્ત કરવાને માટે અંતરાત્મા શુદ્ધ હોવો જોઈએ, કેમ કે શુદ્ધ અંતરાત્માની વાણી જ સત્ય હોઈ શકે છે. અંતરાત્માની શુદ્ધિને માટે સાધનાની જરૂર હોય છે અને આ સાધના જીવનમાં સત્ય અને અહિંસાને અપનાવીને જ કરી શકાય છે. ગાંધીજીના મતાનુસાર સત્ય બે પ્રકારનાં હોય છે -

(૧) સાપેક્ષિક સત્ય (૨) પૂર્ણ સત્ય.

સાપેક્ષિક સત્ય એ છે જે એક સત્ય આત્મા કોઈ વિશેષ પરિસ્થિતિમાં કોઈ વાતને સત્ય સમજે, જ્યારે પૂર્ણ સત્યના આદિ અને અંત નથી. આ પૂર્ણ સત્ય જ ઈશ્વર છે. સત્ય જ પરમાત્મા છે અને સત્ય જ એ સાધન છે, જેના દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. સત્ય અર્થાત સત્ જ એ શુદ્ધ અસ્તિત્વ છે, જે જગતના રૂપમાં આભાસિત હોય છે અને સર્વત્ર વ્યાપ્ત છે. સત્ય અમર છે અને એ ક્યારેય મરી નથી શકતું. ગાંધીજીએ પોતાના અખબારમાં લખ્યું હતું કે જે પુણ્યાત્મા કોઈ વાતને સત્ય સમજે છે, એ જ સાપેક્ષિક સત્ય છે અને તેના પર ચાલતાં પૂર્ણ સત્યને જાણી શકાય છે. અને પ્રત્યેકે ત્યાં જ તેની શોધ કરવી જોઈએ, પરંતુ કોઈ વ્યક્તિને એ અધિકાર ન હોવો જોઈએ કે એ પોતાના સત્યના વિચારોને અન્યો પર થોપે. અર્થાત્ એક વિશેષ સમય પર એક પવિત્ર હૃદય જે અનુભવ કરે છે, એ સત્ય છે અને તેના પર દઢ રહીને શુદ્ધ સત્ય પ્રાપ્ત કરી શકાય છે. સત્ય સ્વયંમાં સ્પષ્ટ છે, પરંતુ મનુષ્ય અપૂર્ણ હોવાને લીધે અજ્ઞાનરૂપી કરોળિયાની જાળથી ઘેરાયેલો છે અને જેવું પવિત્ર કરવાવાળું અનુશાસન અજ્ઞાનને દૂર કરે છે, તેવું જ સત્ય પ્રકાશમાં આવી જાય છે. આ રીતે, સત્યથી અધિક કોઈ ધર્મ નથી. ગાંધીજી કહેતા હતા કે સત્યવાદી વ્યક્તિએ નિર્ભય થવું જાઈએ અને તેણે જૂઠ, દગા અને કપટથી દૂર રહેવું જોઈએ. તેણે તકવાદી ન થવું જોઈએ અને જ્ઞાતિ-જાતિના આધાર પર પક્ષપાત ન કરવો જોઈએ. તેનામાં સહનશીલતા, સદ્ભાવ અને પ્રેમ રહેવાં જોઈએ.




## અહિંસા

ગાંધીજીએ અહિંસાને માનવીનો પ્રાકૃતિક ગુણ માન્યો છે અને તેમનો વિચાર હતો કે મનુષ્ય સ્વભાવથી અહિંસાપ્રિય છે અને એ પરિસ્થિતિવશ જ હિંસાવાન બને છે. મનુષ્ય સ્વભાવથી સાધુ છે અને તે મનુષ્યની અહિંસક વૃત્તિનું જ પરિણામ છે કે આદિકાળની એ વ્યક્તિ જે પરિસ્થિતિવશ નરભક્ષીના રૂપે જીવન જીવતી હતી, આજનાં સભ્ય અને સુસંસ્કૃત પ્રાણી બની ગયાં છે. એમાં શંકા નથી કે સંસારમાં હિંસાનું પૂર્ણ અનાસ્તિત્વ નથી, તે સંસારમાં વિદ્યમાન છે અને ક્યારેક રૌદ્ર રૂપ પણ પ્રકટ કરે છે, પરંતુ માનવસમાજના વિકાસનો ઇતિહાસ એ જ બતાવે છે કે મનુષ્ય મૂળ રૂપે અહિંસાપ્રિય છે અને તેની તે અહિંસક પ્રવૃત્તિના કારણે જ માનવજાત નિરંતર વધતી જઈ રહી છે. આ રીતે અહિંસાને માનવીય જીવનનો સર્વોચ્ચ નિયમ માનતા ગાંધીજીએ બતાવ્યું કે હિંસાના આધાર પર જ એક વ્યવસ્થિત સમાજની સ્થાપના અને માનવજાતની ઉન્નતિ શક્ય છે. અહિંસાનો અભિપ્રાય છે, ''સૃષ્ટિ પર બધાં પ્રાણીઓને મન, વાણી અને કર્મથી કોઈ પ્રકારની કોઈ હાનિ ન પહોંચાડાય.''

અર્થાત્ અહિંસાનો અર્થ છે કે કોઈને ગુસ્સામાં અથવા અંગત સ્વાર્થને માટે તેને ઈજા પહોંચાડવાના ઇરાદાથી દુઃખ ન આપવું અને ન તો હત્યા કરવી.

ગાંધીજી હિંસાને તપાસવાના ઇરાદા પર ખૂબ ભાર મૂકે છે. ઉદાહરણને માટે, જો કોઈને તેના લાભને માટે મારી નખાય તો એ હિંસા નથી. ગાંધીજીએ એક વખત પોતાના આશ્રમના એક વાછરડાને ઝેર આપીને મારી નખાવ્યું હતું, કેમ કે તેને એટલું દર્દ થઈ રહ્યું હતું કે એ સહન કરી શકતું નહોતું. અને તેના દર્દનો કોઈ ઇલાજ પણ નહોતો. ગાંધીજી ત્યાં સુધી કહેતા હતા કે ''જો મારા દીકરાને કૂતરું કરડે અને તેનો કોઈ પણ રીતે ઇલાજ ન થઈ શકે અને તેના દુઃખને દૂર ન કરી શકાય, તો હું એ મારું કર્તવ્ય સમજું છું કે તેનો જીવ લઈ લઉં''.

ગાંધીજી કહેતા હતા કે આ પગલું એવા સમયે ભરવું જોઈએ જ્યારે -

૧. રોગની સારવાર બિલકુલ ન થઈ શકે,
૨. બધાને રોગીના જીવનથી નિરાશા થઈ જાય,
૩. રોગીને કોઈ સહાયતા સેવા શક્ય ન હોય,
૪. રોગીને માટે પોતાની ઇચ્છા પ્રકટ કરવાનું શક્ય ન હોય.

ગાંધીજીએ લખ્યું હતું - ''પૂર્ણ અહિંસા બધાં પ્રાણીઓ પ્રત્યે દુર્ભાવનાના અભાવનું નામ છે.... આ રીતે અહિંસા પોતાના ક્રિયાત્મક રૂપમાં બધા જીવધારીઓની પ્રત્યે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દુર્ભાવનાના અભાવનું નામ છે... આ તો શુદ્ધ પ્રેમ છે. આ રીતે આપણે કહી શકીએ છીએ કે હિંસાનો માત્ર નકારાત્મક અર્થ એ નથી કે બીજાને હાનિ ન પહોંચાડાય, બલકે તે પ્રેમની સકારાત્મક સ્થિતિ છે, જેમાં એક મનુષ્યને પોતાની સાથે ખરાબ વર્તન કરવાવાળી વ્યક્તિની સાથે ભલાઈ કરવી પડે છે, પરંતુ તેમનો અભિપ્રાય તે ક્યારેય નથી કે ખરાબ વર્તન કરનાર વ્યક્તિને સહાય કરાય જેથી ખરાબ વર્તન ચાલુ રહે. તેનો અભિપ્રાય તે પણ નથી કે મનુષ્ય ચુપચાપ ખરાબીને સહન કરતો રહે. તેનાથી ઊલટું, અહિંસાનો અર્થ છે કે ખરાબ વર્તન કરનાર વ્યક્તિને પ્રેમ ન કરાય અને તેને કોઈ સાથ ન અપાય, ભલે તેનાથી એ નારાજ થતા હોય કે તેને આઘાત લાગતો હોય. આ રીતે જો પુત્ર લજ્જાનું જીવન વિતાવતો હોય તો તેને સમર્થન આપવાનું બંધ કરી દેવું જોઈએ અને ન તો તેને કોઈ સહાયતા કરવી જોઈએ, ભલે તેનાથી તેનું મૃત્યુ પણ કેમ ન થઈ જાય. પરંતુ જો તે પ્રાયશ્ચિત્ત કરે છે ત્યારે વ્યક્તિનું કર્તવ્ય તેને પ્રેમ કરવો હોઈ શકે છે અને તેણે એવું કરવું પણ જોઈએ.''

ગાંધીજીને દઢ વિશ્વાસ હતો કે માનવી અને સમાજની સ્થિતિ લોહિયાળ ક્રાંતિના આધારે નહીં, પણ અહિંસાત્મક પદ્ધતિના આધારે જ સુધારવાનું શક્ય છે. તેમનો વિશ્વાસ હતો કે પ્રત્યેક માનવીમાં ચૈતન્ય-શક્તિ હોય છે અને નૈતિક પ્રભાવ દ્વારા એ ચૈતન્યશક્તિને જાગૃત કરી તેનું હૃદયપરિવર્તન કરી શકાય છે. ગાંધીજી અહિંસાથી આધ્યાત્મિક બળ મેળવતા હતા. તેમને વિશ્વાસ હતો કે અહિંસામાં કઠોર હૃદયને પીગાળવાની શક્તિ હોય છે. અહિંસા આત્મિક બળનું પ્રતીક હોય છે, જેના વિરોધમાં ભૌતિક બળ ભલે થોડા સમય માટે વિજયી થઈ જાય, પરંતુ આખરે તો તેને પરાજિત થવું જ પડે છે. હિંસા માત્ર કેટલાક લોકોને માટે શક્ય છે અને તે પણ અવાસ્તવિક રૂપથી. જોકે અહિંસા આમઆદમીનો સ્વાભાવિક ધર્મ છે, કારણ કે 'તે આપણી જેવા જીવોનો શાશ્વત કાયદો છે.'

ગાંધીજીને અહિંસામાં દઢ વિશ્વાસ હતો. તેઓએ અહિંસાની ત્રણ અવસ્થાઓ બતાવી છે -

## ૧. જાગૃત અહિંસા

તેને અહિંસાનું સર્વશ્રેષ્ઠ રૂપ કહી શકાય છે. આ અહિંસાનો પ્રયોગ કરનાર વ્યક્તિમાં પ્રહાર કરવાની ક્ષમતા રહે છે, પરંતુ એ તેની ઇચ્છુક નથી હોતી. અહિંસાના આ રૂપને માત્ર રાજકીય ક્ષેત્રમાં જ નહીં, બલકે જીવનનાં બધાં ક્ષેત્રોમાં દઢતાની સાથે અપનાવવું જોઈએ. અહિંસાના આ રૂપમાં જ અશક્યને શકયમાં બદલવા અને પહાડોને હલાવી નાખવાની અપાર શક્તિ છુપાયેલી છે.

## ૨. ઔચિત્યપૂર્ણ અહિંસા

અહિંસાના આ રૂપને જીવનના ક્ષેત્રમાં કોઈ વિશેષ જરૂર પડવાથી ઔચિત્ય અનુસાર એક નીતિના રૂપમાં અપનાવાય છે. તે નિર્બળ વ્યક્તિઓનો 'નિષ્ક્રિય પ્રતિરોધ' હોય છે. તેમાં નૈતિક વિશ્વાસને કારણે નહીં, બલકે નિર્બળતાના કારણે જ હિંસાનો પ્રયોગ નથી કરાતો. તેમ છતાં જો તેને ઇમાનદારી, સાહસ અને સાવધાનીપૂર્વક એક નીતિના રૂપમાં અપનાવાય તો તેનાથી અમુક હદ સુધી નિર્ધારિત લક્ષ્યની પ્રાપ્તિ કરી શકાય છે, પરંતુ તે 'જાગૃત અહિંસા'ના જેવી પ્રભાવશાળી નથી થઈ શકતી.

## ૩. કાયરોની અહિંસા

કેટલીક વખત કાયર અને ડરપોક વ્યક્તિ પણ અહિંસાનો શ્વાસ લે છે, પરંતુ તેમની આ પ્રવૃત્તિને અહિંસા નહીં, બલકે ડરપોક અને કાયર વ્યક્તિઓની નિષ્ક્રિય અહિંસા કહેવી જોઈએ. એક ડરપોક સંકટનો સામનો કરવાના ડરથી તેનાથી ભાગી જાય છે જે નિતાંત અમાનવીય, અપ્રાકૃતિક અને અસમ્માનજનક છે. ગાંધીજીએ કહ્યું પણ છે કે કાયરતા અને અહિંસા પાણી અને આગની માફક એકસાથે ન રહી શકે. અહિંસા વીરોનો ધર્મ છે અને પોતાની કાયરતાને અહિંસાની ઓટમાં છુપાવવી નિંદનીય અને ઘૃણિત છે. જો કાયરતા અને હિંસામાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય તો ગાંધીજી હિંસાનો જ સ્વીકાર કરે છે. આ સંબંધમાં તેમનો સ્પષ્ટ વિચાર છે કે જો આપણા હૃદયમાં હિંસા ભરી છે તો આપણે આપણી કમજોરી છુપાવવા માટે અહિંસાનું આવરણ પહેરીએ, તેનાથી હિંસક બનવું વધારે સારું છે.

સત્ય અને અહિંસા એક-બીજા સાથે સંકળાયેલા છે. જો આપણે ઊંડાણથી વિચાર કરીએ તો પામીશું કે અહિંસા અને સત્ય બંને એક છે. ગાંધીજીએ લખ્યું છે કે સત્ય અને અહિંસા એક-બીજા સાથે એ રીતે જોડાયેલાં છે જાણે એક સિક્કાની બે બાજુ. કોણ કહી શકે છે કે કઈ તેમાં આગલી બાજુ છે, કઈ પાછલી. આટલું હોવા છતાં પણ સત્ય એક સાધન છે અને અહિંસા એક સાધ્ય (લક્ષ્ય). જો આપણે સાધનોની પરવા કરીએ છીએ તો આપણે શીઘ્ર કે મોડેથી આપણા ઉદ્દેશ સુધી પહોંચી જઈશું. જ્યારે આપણે આ વાતને ગ્રહણ કરી લઈશું તો અંતિમ વિજય નિશ્ચિત છે. પછી ભલે આપણને ગમે તેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે, ભલે આપણે અનેક વખત પરાજય ખમવો પડે, પરંતુ આપણે સત્યની શોધ ન છોડવી જોઈએ, જે સ્વયં પરમાત્મા છે. તેમના મતાનુસાર સત્ય અને અહિંસા આ દેશમાં એટલાં જ જૂનાં છે જેટલા કે પહાડ. તેઓએ સત્યના પ્રયોગ એટલા વ્યાપકરૂપે કર્યા છે જેટલા કે તેઓ કરી શકતા હતા. અર્થાત્ જ્યારે અહિંસા સત્ય બની જાય છે ત્યારે આત્મશુદ્ધિ જ અહિંસા બની જાય છે. આ જ અહિંસાનું આધ્યાત્મિક તત્ત્વ છે. જ્યારે આ જ 'આધ્યાત્મિક' તત્ત્વ સર્વ સાધારણ દ્વારા પરિભાષિત થાય છે અને આચરણમાં આવે છે ત્યારે તેને નૈતિકતા કહેવાય છે. આ રીતે નૈતિકતા આધ્યાત્મિકતાની શોધમાં એક સાર્વજનિક કે સામાજિક સોપાન છે. એ સાચું છે કે વિશ્વના ઇતિહાસમાં પ્રથમ વખત ગાંધીજીએ એ બતાવ્યું કે અહિંસાનો સાર્વદેશિક પ્રયોગ યુદ્ધના શસ્ત્રની જેમ સફળતાપૂર્વક કઈ રીતે કરી શકાય છે. ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'માં લખ્યું છે કે - ''હું સ્વપ્નદર્શી પુરુષ કે કલ્પનાવિહારી વ્યક્તિ નથી. હું વ્યાવહારિક આદર્શવાદી છું. અહિંસાનો ધર્મ માત્ર ઋષિઓ અને સંતોને માટે નથી. તે સાધારણ વ્યક્તિઓને માટે પણ છે. અહિંસા માનવીઓનો એ રીતે ધર્મ છે જેમ કે હિંસા પશુઓનો ધર્મ છે. પાશવિક વૃત્તિના માનવીમાં આત્મા નિષ્ક્રિય રહે છે અને તેને શારીરિક શકિત



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સિવાય અન્ય કાંઈ કાયદાનું જ્ઞાન નથી રહેતું. માનવીની શાન એમાં છે કે એ એક ઊંચા કાયદા અર્થાત્ આત્માની શક્તિને અનુરૂપ આચરણ કરે. મેં ભારતની સામે આત્મ-ત્યાગોનો જૂનો નિયમ કે કાયદો રાખ્યો. કેમ કે સત્યાગ્રહ અને તેની શાખાઓ અસહયોગ અને સવિનય અવગણના કષ્ટ સહન કરવાના નિયમોનાં નવાં નામ છે. જે ઋષિઓએ હિંસાની વચ્ચે અહિંસાના સિદ્ધાંતની શોધ કરી, તે ન્યૂટનથી પણ વધારે પ્રભાવશાળી વ્યક્તિ હતા. તે સ્વયં વિલિંગ્ટનથી પણ મોટા યોદ્ધા હતા. શાસ્ત્રોના પ્રયોગની જાણકારી પછી તેઓએ તેની અનુપયોગિતાને મહેસૂસ કરી અને દુઃખિત સંસારને બતાવ્યું કે તેની મુક્તિ હિંસામાં નહીં, પરંતુ અહિંસામાં છે.'' તેઓએ લખ્યું પણ હતું - ''વ્યક્તિગત સ્વતંત્રતા તો માત્ર અહિંસાત્મક રાજ્યમાં જ રહી શકે છે.''

### સત્યાગ્રહ

પોતાના અખબાર 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીએ લખ્યું હતું કે સત્યાગ્રહ આત્માની શક્તિ છે. તે સત્ય પર આગ્રહ છે, પરંતુ તે આગ્રહ બીજાને કષ્ટ આપીને નહીં, બલકે પોતાની ઉપર કષ્ટ સહન કરીને થઈ શકે છે. તે સચ્ચાઈને માટે તપસ્યા છે. સત્યાગ્રહનો અર્થ જ છે - સત્યને માટે આગ્રહ. અર્થાત્ સત્યના રક્ષણને માટે એક અહિંસક સંઘર્ષ. 'આગ્રહ'નો અર્થ છે જે જે સાધન છે તેમાં પ્રેમ અને અહિંસાની સાથે સુદૃઢ સંકલ્પ અને આત્મપીડાની તૈયારી. સત્યાગ્રહના દર્શનની મૂળભૂત ધારણા એ છે કે સત્યનો હંમેશાં વિજય થાય છે અને સત્યની ઉન્મુક્તિથી જ વિકાસ આગળ વધે છે. સત્યાગ્રહી પોતાના વિરોધીને ક્યારેય કષ્ટ પહોંચાડતા નથી અને હંમેશાં કોમળ તર્ક દ્વારા કાં તો તેની બુદ્ધિને પ્રેરિત કરે છે કાં આત્મબલિદાન દ્વારા તેઓના હૃદયને. સત્યાગ્રહને બેવડું વરદાન કહી શકાય છે. તે એના માટે પણ વરદાન છે જે તેનું આચરણ કરે છે અને તેઓ માટે પણ જેની વિરુદ્ધ એનો પ્રયોગ કરાય છે. સત્યાગ્રહી હારવાનું તો જાણતા જ નથી, કેમ કે એ થાક્યા-હાર્યા વિના સત્યને માટે લડે છે. આ સંગ્રામમાં મૃત્યુ મોક્ષ હોય છે અને કારાગાર સ્વતંત્રતાનું દ્વાર.

### સત્યાગ્રહ અને નિષ્ક્રિય પ્રતિરોધ

ગાંધીજીએ સત્યાગ્રહ અને નિષ્ક્રિય પ્રતિરોધમાં તફાવત ગણ્યો છે. તેઓએ 'યંગ ઇન્ડિયા'માં લખ્યું છે : ''છેલ્લાં ૩૦ વર્ષોથી હું સત્યાગ્રહનો પ્રચાર કરી રહ્યો છું. સત્યાગ્રહનો સિદ્ધાંત એક વિકાસનું પરિણામ છે. સત્યાગ્રહ અને નિષ્ક્રિય પ્રતિરોધમાં એટલો જ તફાવત છે જેટલો કે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવમાં. નિષ્ક્રિય પ્રતિરોધને નિર્બળોનું શસ્ત્ર સમજાય છે અને તેમાં પોતાના ઉદ્દેશની પ્રાપ્તિને માટે શારીરિક શક્તિ અને હિંસાની મનાઈ નથી, જ્યારે સત્યાગ્રહ નિર્બળોનું શસ્ત્ર નહીં, પણ બળવાનોનું શસ્ત્ર છે અને તેમાં હિંસાના પ્રયોગની આજ્ઞા કોઈ રૂપમાં અને કોઈ પણ રીતે નથી.''

આ રીતે સત્યાગ્રહ અને નિષ્ક્રિય પ્રતિરોધમાં નીચે મુજબના તફાવત ગણાવી શકાય છે -

૧. સત્યાગ્રહ અંતર્ગત અહિંસાના સિદ્ધાંતને નીતિના રૂપમાં નહીં, પણ આદેશના રૂપમાં અપનાવાય છે, પરંતુ નિષ્ક્રિય પ્રતિરોધમાં પોતાની નિર્બળતાના કારણે નીતિના રૂપમાં અહિંસાનું પાલન કરાય છે, મૌલિક સિદ્ધાંતના રૂપમાં નહીં.

૨. નિષ્ક્રિય પ્રતિરોધમાં શત્રુને પરેશાન કરવાની ભાવના પર ભાર મુકાય છે, પરંતુ સત્યાગ્રહમાં સત્યાગ્રહી સ્વયં કષ્ટ ભોગવે છે.

૩. નિષ્ક્રિય પ્રતિરોધ નિર્બળનું શસ્ત્ર છે અને સત્યાગ્રહ વીરોનું. ગાંધીજીએ કહ્યું પણ છે કે નિર્બળ કદી સત્યાગ્રહી ન હોઈ શકે.

૪. નિષ્ક્રિય પ્રતિરોધ દ્વેષ, ઘૃણા અને અવિશ્વાસ પર આધારિત છે, એ કારણે તેનો પ્રયોગ સ્વજનો અને સંબંધીઓ વિરુદ્ધ ન કરી શકાય. જ્યારે સત્યાગ્રહ પ્રેમમૂલક છે, એ વિરોધીના પ્રત્યે પ્રેમ અને ઉદારતાની ભાવના પર આધારિત છે. આ કારણે તેના પ્રયોગ પ્રિય વ્યક્તિઓને માટે કરી શકાય છે.

### સત્યાગ્રહ નિર્બળોનું શસ્ત્ર નથી

ગાંધીજી કહેતા હતા કે સત્યાગ્રહના નામે વ્યક્તિ દ્વારા પોતાની કાયરતા છુપાવવી અનુચિત છે. સત્યાગ્રહ એક શક્તિશાળી દ્વારા કરી શકાય છે અને શક્તિ નિર્ભયતામાં સ્થિત છે, નહીં કે આપણાં માંસ અને હાડકાંમાં. સત્યાગ્રહ વીરોનું શસ્ત્ર છે. ગાંધીજી કહેતા હતા કે કાયરતા અને અહિંસા એ રીતે સાથે ન ચાલી શકે કે પાણી અને આગ. એટલા માટે તેમનું કહેવું હતું કે જ્યાં કાયરતા અને હિંસામાંથી એકને પસંદ કરવાની હોય, ત્યાં હિંસા જ યોગ્ય છે.

### સત્યાગ્રહીના ગુણ

ગાંધીજીના મતાનુસાર પ્રત્યેક વ્યક્તિ સત્યાગ્રહના સિદ્ધાંત પર આચરણ ન કરી શકે. સત્યાગ્રહીના કેટલાક વિશેષ ગુણ હોવા જોઈએ. સત્યાગ્રહીને માટે તે જરૂરી છે કે એ સત્ય પર ચાલવાવાળો હોય, અનુશાસનમાં રહેવાનો અભ્યાસુ હોય. મન, વચન અને કર્મમાં વિશ્વાસ ધરાવતો હોય. સત્યાગ્રહી ક્યારેય પણ પોતાના ઉદ્દેશની પ્રાપ્તિને માટે છળ, કપટ, જૂઠ, અને હિંસાની સહાય ન લે. એ જે કાંઈ પણ કરે છે ખુલ્લા રૂપે કરે છે. ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં સત્યાગ્રહીને માટે ૧૧ વ્રતોનું પાલન જરૂરી ગણાવ્યું છે. તે વ્રત છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શારીરિક શ્રમ, અસ્વાદ, નિર્ભયતા, બધા ધર્મોને સમાન નજરે જોવા, સ્વદેશી અને અસ્પૃશ્યતા-નિવારણ.

સત્યાગ્રહનાં અલગ-અલગ રૂપ છે. ગાંધીજીના મતાનુસાર તે શસ્ત્ર, વિવિધ પરિસ્થિતિઓમાં અલગ-અલગ રૂપ ગ્રહણ કરી શકે છે. સત્યાગ્રહનાં મુખ્ય રૂપ નીચે પ્રમાણે છે -

**૧. અસહયોગ**

ગાંધીજીનો વિચાર હતો કે કોઈ પણ શાસન પ્રજાના સહયોગથી જ ચાલી શકે છે. આવી સ્થિતિમાં જો પ્રજા શાસનની સાથે સહયોગ

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાતમાં (પ્રાથમિક/માધ્યમિક) શિક્ષણની દશા અને દિશા

■ **કેટલીક આંકડાકીય માહિતી : (સરકારી આંકડા મુજબ)**

○ ગુજરાતમાં ૬-૭ વર્ષની ઉંમરનાં બાળકોની સંખ્યા ૧ કરોડ ૩૯ લાખ છે જે પૈકી ૩૩ લાખ બાળકો શાળામાં જતાં નથી.

○ ૨૦૨૩-૨૪માં સરકારી શાળાઓમાં ૧.૩૦ લાખ પ્રવેશ ઘટ્યા જ્યારે ખાનગી શાળાઓમાં ૧.૨૭ લાખ પ્રવેશ વધ્યા છે.

○ છેલ્લા દાયકામાં સરકારી શાળાઓમાં ૫૪૨નો ઘટાડો થયો છે, જ્યારે ખાનગી શાળાઓમાં ૧૭૪૫નો વધારો થયો છે.

○ પ્રાથમિક શાળામાં પ્રવેશ લેતાં બાળકો પૈકી માત્ર ૧૫ ટકા બાળકો ધો.૧૨ સુધી પહોંચે છે. (એટલે કે ૮૫ ટકા ડ્રોપ-આઉટ છે)

○ ગુજરાતમાં ૧૯૧૨૮ ઓરડાઓની અછત છે.

○ ગુજરાતમાં ૩૪ જિલ્લાઓમાં ૨૫૭૪ જર્જરિત હાલતમાં છે, ૭૫૯૯ શાળાઓને પતરાંની છત છે. (કાચાં મકાનમાં છે.

○ પ્રાથમિક શાળામાં ૧૯૬૫૦ શિક્ષકોની જગ્યા ખાલી છે, જો કે શિક્ષક-વિદ્યાર્થી રેશિયા મુજબ ૪ લાખ ૫૯ હજાર શિક્ષકો હોવા જોઈએ એને બદલે ૩ લાખ ૯૪ હજાર શિક્ષકો જ છે.

○ નવી શિક્ષણનીતિની જોગવાઈ મુજબ ૭૬૦૦૦ શિક્ષકોની ઘટ છે !

○ ગુજરાતમાં ૭૦૦૭ સ્કૂલોમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી.

○ ગુજરાતમાં ૬૩૩૨ શાળાઓ પાસે રમતનાં મેદાનો નથી.

○ ગુજરાતની ૪૦૦ શાળાઓમાં ફક્ત ૫૦ વ્યાયામ શિક્ષકો છે.

○ છેલ્લાં ૧૫ વર્ષથી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની નિમણૂક થઈ નથી. (સરકાર ૨૦૩૬માં ગુજરાતમાં વિશ્વ-ઓલમ્પિક રમતો રમાડવાનો અભરખો સેવે છે !)

○ ગુજરાતમાં ૨૪૬૨ શાળાઓ ફક્ત એક જ શિક્ષકથી ચાલે છે એટલે કે એક જ શિક્ષકવાળી ૨૪૬૨ શાળાઓ છે !

○ ગુજરાતમાં છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની, સંગીત શિક્ષકોની, ચિત્ર શિક્ષકોની તેમજ લાયબ્રેરિયનોની નિમણૂક (ભરતી) થઈ નથી !

○ ગુજરાતમાં ૨૭૪ શાળાઓમાં એક પણ વિદ્યાર્થી નથી છતાં ત્યાં ૩૮૨ શિક્ષકો છે !

○ ગુજરાતમાં પ્રાથમિક શાળાના શિક્ષકોને શિક્ષણ સિવાયની લગભગ ૪૦ પ્રકારની કામગીરી સોંપવામાં આવે છે !

■ **નવી શિક્ષણ નીતિ :**

○ નવી શિક્ષણનીતિ એક છેતરપિંડી છે.

○ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષકો વિના નવી શિક્ષણ નીતિનો અમલ શક્ય જ નથી.

○ સરકારને શિક્ષણ પાછળ ખર્ચ કરતાં પેટમાં દુઃખે છે ! બજેટના ૬ ટકા શિક્ષણ પાછળ ખર્ચ કરવાની જાહેરાત કરે છે અને ખર્ચે છે માત્ર ૧.૭ ટકા ! (ગુજરાતને સાચા અર્થમાં શિક્ષિત કરવું હોય તો બજેટના ૨૫ ટકા શિક્ષણ માટે ખર્ચવા જોઈએ.)

○ શિક્ષણનું મોટાભાગનું બજેટ તો ગુણોત્સવ, પ્રવેશોત્સવ કે રમતોત્સવમાં જ ખર્ચાઈ જાય છે !

○ શાળાઓમાં ભણવા-ભણાવવાનું મહત્ત્વ નથી. માત્ર સરકારી ઉજવણીઓ રંગેચંગે કરવાનું જ મહત્ત્વ છે.

○ ધો. ૯ થી ૧૨ સુધીનું એક યુનિટ ગણવાથી સામાન્ય પ્રવાહ કે વિજ્ઞાન પ્રવાહની પસંદગીનો પ્રશ્ન વિકટ બન્યો છે.

○ નવી શિક્ષણનીતિમાં નીતિ અને અમલ (વ્યવહાર) બંને જુદાં છે. નીતિનો કદી અમલ ના થઈ શકે એવી જોગવાઈઓ છે !

○ નવી શિક્ષણનીતિમાં ખાનગીકરણને વધુ ઉત્તેજન મળે છે.

○ પ્રાદેશિક ભાષામાં (માતૃભાષામાં) જ શિક્ષણ આપવાનું હોવાથી અંગ્રેજી માધ્યમની શાળાઓ-કૉલેજો સદંતર બંધ થવી જોઈએ.

○ પ્રાદેશિક ભાષામાં જ પાઠ્યપુસ્તકો તેમજ સંદર્ભસાહિત્ય તૈયાર થવું જોઈએ.

○ ગુજરાતમાં ગુજરાતી ભાષાનો આદર થવો જોઈએ.

○ બાળકો સારું ગુજરાતી જાણે અને શીખે એ માટે પૂરતા પ્રયાસો થવા જોઈએ.

○ અન્ય માધ્યમની શાળાઓમાં 'ગુજરાતી' વિષય ફરજિયાત થવો જોઈએ.

○ ગુજરાતમાં કોર્ટ-કચેરીની ભાષા પણ 'ગુજરાતી' જ હોવી જોઈએ.

○ નવી શિક્ષણનીતિમાં ૨૦૨૩થી દરેક વર્ગમાં કોમ્પ્યુટરનો વિષય ભણાવવાનો આગ્રહ છે. છતાં ગુજરાતમાં ૧૯૬૩૯ શાળાઓ પૈકી ૧૩૯૨૪ શાળામાં કોમ્પ્યુટર લેબ નથી અને કોમ્પ્યુટર શિક્ષકો પણ નથી !

○ સ્કૂલ ઓફ એક્સેલન્સ, નવોદય સ્કૂલો કે જવાહર સ્કૂલોના તૂત બંધ થવાં જોઈએ. સંચાલકો મનમાની કરે છે, વધારે ફી ઉઘરાવે છે. શાળાઓ વચ્ચે અને વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ ઊભો થાય છે.

○ નવી શિક્ષણનીતિના અમલમાં મુખ્ય અવરોધ શિક્ષકોની ઘટનો અને શાળામાં ઓરડાઓની અછતનો છે. એની પુરવણી વિના નવી શિક્ષણનીતિ અમલમાં મૂકી શકાય નહીં.

એટલે જ નવી શિક્ષણનીતિ ફારસરૂપ બની રહી છે. સરકારને નવી શિક્ષણનીતિ જાહેર કરવામાં રસ હતો, એના અમલીકરણમાં રસ નથી.

○ વગર તૈયારીએ નવી શિક્ષણનીતિનો અમલ કરવાથી જૂનું શિક્ષણ પણ બગડ્યું અને નવું શિક્ષણ પણ બગડ્યું.

○ વાલીઓ અને શિક્ષકો નવી શિક્ષણનીતિ સમજે એ ખૂબ મહત્ત્વનું છે.

○ શોપીંગ સેન્ટરમાં શાળાઓ ચાલે છે ! એ ચલાવી ના લેવાય. (સુરતમાં એવી લગભગ ૨૯ શાળાઓ છે !) એને માન્યતા શી રીતે મળે છે ?

○ 'RTE દ્વારા પ્રવેશ' એ પણ એક છેતરપીંડી છે.

○ 'RTE' દ્વારા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ રાખવામાં આવે છે.

○ ભૂખમરાને લીધે અને કુપોષણને લીધે બાળકોમાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(વિદ્યાર્થીઓમાં) નબળાઈ વર્તાય છે. આ ગંભીર પ્રશ્ન છે. એના ઉપાય થવા જોઈએ. ગુજરાતમાં આજે ૭,૧૫,૫૧૫ બાળકો કુપોષિત છે. યાદ રાખો નબળું આરોગ્ય - નબળું શિક્ષણ.

○ ગુજરાતની આરોગ્યની સ્થિતિ પણ સુધારવાની જરૂર છે.

○ વર્ષ ૨૦૦૦ પછી ગુજરાતમાં ભાજપનું શાસન શરૂ થયું અને શિક્ષણની અવદશા શરૂ થઈ.

○ શિક્ષણપંચોએ આપેલા અહેવાલો અભરાઈ પર ચઢાવી દેવાય છે. (શાસકોને શિક્ષણ સુધારણામાં રસ નથી)

○ ખાનગીકરણને છૂટો દોર મળ્યો છે. (ખાનગીકરણ દ્વારા 'અનામત' ખતમ કરવાનો પણ ઇરાદો છે)

○ શિક્ષકો સ્વકેન્દ્રિય બન્યા, વાચનવૃત્તિ કે નવું શીખવાની વૃત્તિ ખતમ થઈ ગઈ ! શિક્ષણમાં રસ ઓછો, અન્ય પ્રવૃત્તિમાં રસ વિશેષ.

○ શિક્ષકોને રાજકીય પ્રવૃત્તિના હાથા બનાવી દેવામાં આવ્યા.

○ શાસકો શિક્ષકોનો વધુ ને વધુ દુરુપયોગ કરતા થયા.

○ સજ્જતાની તાલીમ આપનારાઓમાં પણ યોગ્યતા કે ક્ષમતા જોવામાં આવતાં નથી. મારા-તારાનો ભેદ વિશેષ જોવા મળે. 'સારા' કરતાં 'મારા'ને વધુ તક મળે છે.

○ સરકારના શિક્ષણ વિભાગને માત્ર પરિપત્રો (ફતવા !) કાઢવામાં જ રસ છે. ફતવો (૧) રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ૬ થી ૧૪ ઑક્ટોબર-૨૫ દરમ્યાન સત્રાંત પરીક્ષાઓ ચાલશે. એમાં એક પણ રજા રહેશે નહીં. ફતવો (૨) ૭ થી ૧૫ ઑક્ટોબર-૨૫ દરમ્યાન વિકાસ સપ્તાહ ઊજવવાનો છે. શાળાઓને એના કાર્યક્રમોના ફોટાઓ પડાવીને શિક્ષણ વિભાગને મોકલવા. (છેને, શિક્ષણ વિભાગના અધિકારીઓની અક્કલનું પ્રદર્શન !)

**આદિવાસીઓમાં શિક્ષણ**

ભૂસ્તર અને ખનિજ ખાતા કમિશ્નર (પૂર્વ કલેક્ટર સુરત-જિલ્લો) શ્રી ધવલભાઈ પટેલે છોટાઉદેપુર જિલ્લાની છ શાળાઓની મુલાકાત લીધી હતી. તેઓ ખૂબ નારાજ થયા હતા. રાજ્ય શિક્ષણ સચીવશ્રીને પત્ર લખીને એમણે પોતાની વેદના ઠાલવી હતી, તેમાં જણાવ્યું હતું :

○ આદિવાસી બાળકોને સડેલું શિક્ષણ અપાય છે.

○ બાળકો અને વાલીઓ આપણા ભરોસે હોય છે.

○ આ બાળકો આઠ વર્ષ શાળામાં ભણે છે છતાં એમને સાદા સરવાળા-બાદબાકીના દાખલા આવડતા નથી ! આઠ વર્ષ સુધી આપણે એમને શું શીખવીએ છીએ ?

○ શિક્ષકો સજ્જ નથી. અથવા તો એમને ભણાવવામાં રસ નથી.

○ આદિવાસી બાળકો ભણે નહીં અને માત્ર જિંદગીભર મજૂરી કરતા રહે એવા પ્રયત્નો ચાલી રહ્યા હોય એવું લાગે છે.

○ શિક્ષણમંત્રીશ્રીમાં કોઈ સંવેદના હોય તેવું લાગતું નથી.

○ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૩૨૬૬૪ શિક્ષકો-આચાર્યોની ઘટ છે.

○ પ્રાથમિક શાળાઓમાં ૧૯૧૨૮ ઓરડાઓની અછત છે. (જિલ્લાવાર આંકડા : ડાંગમાં ૧૫૪, દાહોદમાં ૧૬૮૮, નર્મદામાં ૧૮૩, છોટાઉદેપુરમાં ૫૭૬, બનાસકાંઠામાં ૧૫૩૨, વલસાડમાં ૭૫૯, નવસારીમાં ૩૫૨, તાપીમાં ૧૬૨, અરવલ્લીમાં ૭૩૪ ઓરડાઓની ઘટ છે !)

○ ૨૨ શાળાઓમાં વીજળીનાં કનેક્શન નથી. છ મહિનાથી આ પરિસ્થિતિ અકબંધ છે !

શિક્ષકોની ઘટ હોય, ઓરડાઓની અછત હોય, ઉપરાંત જે શિક્ષકો છે તેમની પાસે શિક્ષણ સિવાયનાં ૨૦-૨૫ કામો કરાવાતાં હોય તો બાળકો ભણશે શી રીતે ? અને એને ભણાવશે કોણ ? માહિતી મુજબ - સરકાર આદિજાતિ શિક્ષણ માટે વર્ષે ૨૨૧ કરોડ રૂપિયા ખર્ચે છે. એ રૂપિયા ક્યાં જાય છે ? આશ્રમશાળાનાં બાળકો પણ બદતર સ્થિતિમાં જોવા મળે છે ! ખર્ચના પ્રમાણમાં વિદ્યાર્થીઓને સગવડ મળતી નથી. એનો અર્થ પૈસા ખવાઈ જાય છે !

○ દેશમાં સૌથી નબળું શિક્ષણ ધરાવનારા ૫૦ જિલ્લાઓમાં ગુજરાતનો ખેડા જિલ્લો ૪૪મા ક્રમે, છોટાઉદેપુર જિલ્લો ૪૭મા ક્રમે અને પોરબંદર જિલ્લો ૪૮મા ક્રમે છે !

○ શાળાકીય શિક્ષણ સુધારણા માટે ૨૦૧૯માં ગુજરાત સરકારે ગાંધીનગરમાં ૫ કરોડ રૂપિયા ખર્ચીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખોલ્યું. એનાથી શિક્ષણમાં સુધારો ના થયો પરંતુ અધિકારીઓની આર્થિક સ્થિતિમાં સુધારો થયો !

○ રાજ્યોમાં અને રાષ્ટ્રમાં મોદી-શાસનની મોટામાં મોટી દેણ - ''તમામ ક્ષેત્રે બેદરકારી અને બેજવાબદારી'' પ્રવર્તે છે. (No accountability and No responsibility) તમામ ક્ષેત્રે અનિશ્ચિતતા - અરાજકતા - અંધાધૂંધી ચાલે છે.

○ શાળાકક્ષાએ વિદ્યાર્થીઓ આપઘાત કરે એ ખૂબ જ ગંભીર બાબત છે. વિદ્યાર્થીઓ હિંસાના માર્ગે કે હત્યાના માર્ગે દોરાય એ પણ અતિ ગંભીર બાબત છે. વાલીઓએ, શિક્ષકોએ અને સંચાલકોએ આ વિશે ચિંતન-મનન કરવાની જરૂર છે.

aptitude, performance, expectation, ambition competition, comparison જેવાં પરિબળોને એ માટે જવાબદાર ગણી શકાય.

■ **શિક્ષણની સમસ્યાઓના સૂચિત ઉપાયો :**

૧. ધો.૧ થી ધો.૧૨ સુધીનું શિક્ષણ મફત કરવું, ફરજિયાત કરવું.

૨. વિદ્યાર્થીઓ પાસે કે વાલીઓ પાસે કોઈ પણ પ્રકારનાં ઉઘરાણાં થવાં ના જોઈએ.

૩. શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવી જોઈએ. અન્ય ભાષાઓ એક વિષય તરીકે શીખવી શકાય.

૪. ધો.૧ થી ૧૨નું શિક્ષણ આપતી સંસ્થાઓમાં ભૌતિક-સાધન સામગ્રી સમાનતાનાં ધોરણે હોવાં જોઈએ.

૫. ખાનગી શાળાઓ સદંતર બંધ થવી જોઈએ.

૬. 'પડોશી શાળા'નો (Neighbourhood Schoolનો) ખ્યાલ અમલમાં મૂકવો. એક કે બે કિલોમીટરના અંતરે જ વિદ્યાર્થીઓને શાળા મળવી જોઈએ.

૭. શિક્ષકો પાસે શિક્ષણ સિવાયનાં કામો કરાવવાનું સદંતર બંધ થવું જોઈએ.

૮. શિક્ષકોનું નિવાસસ્થાન શાળાની નજીક પાંચ કિલોમીટરના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અંતરે હોય એ જરૂરી છે. નિયમ છે પરંતુ અમલ થતો નથી. સખતાઈપૂર્વક એ નિયમનો અમલ કરવો.

૯. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦ થી વધુ ન હોવી જોઈએ.

૧૦. ૫ થી ૧૨ ધોરણ સુધીના અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો તમામ સ્તરે સમાન હોવાં જોઈએ.

૧૧. ૧ થી ૪ ધોરણ સુધીનાં બાળકો માટે અભ્યાસક્રમની કે પાઠ્યપુસ્કતની જરૂર ના હોવી જોઈએ. એમને જરૂરી શિક્ષણ સહાયક સાહિત્ય (એસાઇમેન્ટ વગેરે) દ્વારા આપી શકાય (દફતર વિનાનું શિક્ષણ-ભાર વિનાનું શિક્ષણ).

૧૨. ધો.૧ પહેલાંનું શિક્ષણ બંધ થવું જોઈએ (કે.જી. નર્સરી વગેરેની દુકાનો બંધ થવી જોઈએ). શાળા-શિક્ષણની શરૂઆત ધો.૧થી જ થવી જોઈએ.

૧૩. સત્રાંત પરીક્ષાઓ (છ માસિક-વાર્ષિક) સિવાય વધારાની પરીક્ષાઓનું વિદ્યાર્થીઓ ઉપર ભારણ ના હોવું જોઈએ. શાળામાં હાજરીની નિયમિતતા, ગૃહકાર્યની નિયમિતતા, ચાલચલગત (વર્તણૂક) તેમજ ઈતર-પ્રવૃત્તિઓમાં એની ભાગીદારીની નોંધ પણ લેવાવી જોઈએ.

૧૪. લાયકાતવાળા શિક્ષકો દ્વારા જ શિક્ષણ અપાય એનો આગ્રહ રાખવો. લાયકાત વગરના શિક્ષકોને છૂટા કરવા.

૧૫. ધો. ૮, ૯, ૧૧માં બોર્ડ - પેટર્નની પરીક્ષાઓ લેવી.

૧૬. વ્યાવસાયિક સજ્જતામાં નબળા શિક્ષકોને પગારવધારો કે અન્ય લાભો ન આપવા.

૧૭. બિન-સાંપ્રદાયિક રાષ્ટ્રમાં શાળાઓમાં (શિક્ષણ સંસ્થાઓમાં) ધાર્મિક માહોલ ઊભો ના થવો જોઈએ.

૧૮. પ્રધાનો(મંત્રીઓ), નેતાઓ, સરકારી અધિકારીઓ, શિક્ષકોનાં સંતાનો સરકારી શાળામાં જ ભણે એવો આગ્રહ સેવાવો જોઈએ.

૧૯. શિક્ષકો તૈયર કરતી ખાનગી સંસ્થાઓ બંધ કરવી.

૨૦. પ્રવાસી શિક્ષક, વિદ્યાસહાયક કે જ્ઞાન સહાયકો પર પ્રતિબંધ મૂકવો, ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટવાળી નોકરીઓ પણ બંધ કરવી.

૨૧. શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકની જગા ત્રણ મહિનામાં પૂરવી. એમાં વિલંબ થાય તો જવાબદાર વ્યક્તિઓ-સંચાલકો-અધિકારીઓ પર શિક્ષાત્મક પગલાં લેવાની કાનૂની જોગવાઈ કરવી.

૨૨. શાળાઓમાં એસ.એમ.સી. (શાળા સંચાલન સમિતિ)ની રચના ફરજિયાત કરવી, જેમાં શિક્ષકો અને વાલીઓનું પ્રતિનિધિત્વ અસરકારક હોય. એના દ્વારા જ શાળાની પ્રવૃત્તિઓનું સંચાલન થવું જોઈએ.

૨૩. જુદા જુદા સમાજોએ પોતાના સમાજનાં બધાં જ બાળકો સારું - સસ્તું શિક્ષણ મેળવે એ માટે સજાગ અને સક્રિય બનવાની જરૂર છે, ખાસ કરીને મુસ્લિમ સમાજે. શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પહેલા ધોરણમાં દાખલ થતા વિદ્યાર્થીઓ ધો. ૧૨ સુધી પહોંચતા નથી. મુસ્લિમ છોકરીઓમાં પણ શિક્ષણ મેળવવાની ધગશ ઓછી જોવા મળે છે. ખૂબ ઓછાં બાળકો સ્નાતક સુધીનું શિક્ષણ મેળવે છે.

૨૪. શિક્ષકો માટે આચારસંહિતા જરૂરી છે. શિક્ષકોએ સમાજમાં પોતાની ઇમેજ બનાવવાની છે.

૨૫. કોઈ પણ જગ્યાએ (ગામમાં કે શહેરમાં) શિક્ષક અપમાનિત ના થવો જોઈએ. શિક્ષકનું સન્માન થવું જોઈએ.

૨૬. ભ્રષ્ટાચાર, શિષ્ટાચાર બની ગયો છે તેમ પરીક્ષામાં ચોરી કે માસકોપી પણ સામાન્ય બની ગયાં છે ! વાલીઓએ, શિક્ષકોએ અને આચાર્યશ્રીઓએ એ બાબતે પ્રમાણિકતાથી અને સખ્તાઈથી કામ લેવું જોઈએ.

૨૭. શિક્ષણમાં ભાષાઓનું અને માન્યતાઓનું વૈવિધ્ય સ્વીકારવું જોઈએ.

૨૮. શિક્ષણમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ અને આધુનિક ખ્યાલોને પ્રોત્સાહન મળવું જોઈએ.

૨૯. શિક્ષણમાં શ્રમનું મહત્ત્વ, સર્જનાત્મકતા તેમજ મૌલિકતાને પ્રોત્સાહન મળવું જોઈએ.

૩૦. શિક્ષણ સર્વસમાવેશી, ક્ષમતાલક્ષી, ગુણવત્તાસભર અને સૌને પરવડે એવું હોવું જોઈએ.

૩૧. પાઠ્ય-પુસ્તક મંડળની બેદરકારી અને બેજવાબદારીની પણ લાંબી યાદી છે. પાઠ્યપુસ્કતોની-પાઠ્યક્રમોની આવરદા (આયુષ્ય) નક્કી થવી જોઈએ. વિદ્યાર્થીઓને સમયસર પાઠ્યપુસ્તકો મળે એ ખૂબ જરૂરી છે.

૩૨. શિક્ષકો ભાવી પેઢીના ભવિષ્યનું નિર્માણ કરે છે એટલે શિક્ષકોનું અપમાન કે એમની અવગણના ના થવી જોઈએ. (શિક્ષકોને સન્માનનીય વેતન ના મળતું હોય તો ''ગુરુર્ બ્રહ્મા, ગુરુર્ વિષ્ણુ...'' શ્લોક ગાવાનું બંધ કરવું જોઈએ - સુપ્રીમ કોર્ટ)

૩૩. પૂર્ણ સમયના શિક્ષકોની કાયમી નિમણૂકો થવી જોઈએ.

૩૪. ખાનગી શાળાઓમાં ફી બાબતે વારંવાર બબાલ થતી હોય છે. ફી-નિર્ધારણ સમિતિનો કોઈ પ્રભાવ નથી. શાળા સંચાલકો મનસ્વી રીતે ફી વધારે છે. ઉપરાંત વાલીઓ અને વિદ્યાર્થીઓએ માનસિક ત્રાસ ભોગવવો પડે છે. સૌથી સારો ઉપાય ખાનગી શાળાઓ બંધ કરવાનો જ છે. તમામ શાળાઓ 'ગ્રાન્ટેડ'(સરકારી) થવી જોઈએ. ખાનગીકરણનાં દૂષણો ઘણાં છે તેથી આ બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ. જરૂર પડે તો એ માટે વિદ્યાર્થીઓએ, વાલીઓએ, શિક્ષકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ વ્યાપક આંદોલન માટે તૈયારી રાખવી જોઈએ.

૩૫. રાજ્યમાં પુખ્તવયની એક પણ વ્યક્તિ અભણ કે નિરક્ષર ના રહેવી જોઈએ. એક વર્ષમાં એનો સર્વે કરી - બે વર્ષમાં તમામને શિક્ષિત કરવા, વાંચતા-લખતા કરવા, સહી કરતા કરવા. 'Each one - Teach one'નું સૂત્ર અપનાવવું.

૩૬. શિક્ષકોએ લાંચ આપીને નોકરી મેળવવી પડે એ ખૂબ દુઃખદ પરિસ્થિતિ છે. શિક્ષણસંસ્થામાં નોકરી આપનારા અને નોકરી લેનારા બંને ભ્રષ્ટ હોય તો બાળકોને મૂલ્યનિષ્ઠ શિક્ષણ શી રીતે મળશે? શિક્ષણસંસ્થાઓને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાનું અભિયાન ચલાવવું પડશે.

૩૭. શિક્ષિત બેકારીનો ખૂબ ગંભીર પ્રશ્ન છે. ૨૪ હજાર જગ્યા માટે ૨૪ લાખ ઉમેદવારો અરજી કરે કે ૧૨ હજાર જગ્યા માટે ૧૫ લાખ ઉમેદવારો અરજી કરે, એ બેરોજગારીની પરાકાષ્ઠા કહેવાય.

૩૮. સરકારી, અર્ધસરકારી-તમામ વિભાગોમાં ખાલી જગ્યાના આંકડા તૈયાર કરી જાહેર કરવા જોઈએ. અને એ જગ્યાઓ યુદ્ધના ધોરણે ભરવી જોઈએ. જ્યાં જ્યાં નવી જગ્યાઓ ઊભી કરવાની શક્યતા હોય ત્યાં પણ એ જગ્યાઓ જાહેર કરીને ભરવાના પ્રયત્નો થવા જોઈએ.

*ખાલી જગ્યાઓ ભરો અને બેરોજગારી દૂર કરો.*

મો.: ૯૮૭૯૧૨૪૬૫૦ **- કિશોર દેસાઈ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જમનાલાલ બજાજ એવોર્ડ-૨૦૨૫ : અભિનંદન હસમુખભાઈ પટેલ



**સ્વ.** જમનાલાલ બજાજનો જીવનકાળ ૪ નવેમ્બર ૧૮૮૯ થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૨ સુધીનો બાવન વર્ષનો રહ્યો. દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવેલા ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમની સ્થાપના કરી. જમનાલાલજીએ તે આશ્રમની મુલાકાત લીધી. ત્યારબાદ તેમણે ગાંધીજીના જીવનમાં રસ લેવા માંડ્યો. વર્ષ ૧૯૨૩માં તેમણે નાગપુરમાં ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તેમની ધરપકડ કરવામાં આવી હતી. જમનાલાલજીના આગ્રહથી ગાંધીજી દાંડીયાત્રા પછી સેવાગ્રામમાં આવીને વસ્યા હતા. જમનાલાલજીને ગાંધીજીના પાંચમા પુત્ર તરીકે ગણવામાં આવે છે.

ગાંધીજી વર્ધા આવીને જીવનનાં ૧૫ વર્ષ વીતાવે છે. તેમણે વર્ધાને 'પુણ્યક્ષેત્ર' બનાવ્યું. વર્ધામાં ઘણી બધી સામાજિક સંસ્થાઓ સ્થાપવાનું શ્રેય જમનાલાલજીને આપવું રહ્યું. ગાંધીજીનાં ઘણાં બધાં કામોના તેઓ સહયોગી રહ્યા. જીવનનાં છેલ્લાં વર્ષોમાં 'ગો સેવા' તરફનું તેમનું વલણ રહ્યું હતું.

વર્ષ ૧૯૭૭માં 'જમનાલાલ બજાજ ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવી. ફાઉન્ડેશન દ્વારા ○ ગ્રામ વિકાસમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવા બાબતે. ○ બાળકો અને મહિલાઓ માટે વિકાસનાં કામ કરવાવાળાઓને ○ વ્યક્તિગત ધોરણે પરદેશમાં ગાંધીવિચારનો પ્રચાર-પ્રસાર કરવાવાળાને એવોર્ડ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫નો એવોર્ડ અર્પણનો કાર્યક્રમ ૧૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ મુંબઈમાં યોજાઈ ગયો. આ પ્રસંગે રચનાત્મક કામો માટે હસમુખભાઈ પટેલને, વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે ખેડૂત P.M. Murugesen (તામિલનાડુ)ને અને બાળકો અને મહિલાઓના વિકાસનાં કામો માટે મહારાષ્ટ્રનાં બહેન ત્રિવેણી આચાર્યને અને ભારત બહાર ગાંધી વિચારનો પ્રસાર પ્રચારને માટે રશિયાનાં બહેન Sekacheva lyudmila Leonidovnaને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

હસમુખભાઈનો જન્મ ૧ જૂન, ૧૯૫૩ને રોજ અમદાવાદ પાસેના નાના ગામમાં સાધારણ પરિવારમાં થયો હતો. ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં લીધું. તેઓ જ્યારે ૨૧ વર્ષના યુવાન હતા ત્યારે ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સામે આંદોલન છેડાયું હતું તેમાં તેઓ સક્રિયપણે જોડાઈ ગયા. નવનિર્માણ આંદોલન-જે.પી. આંદોલનમાં ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનમાં મળતા, મિત્રો સાથે તેઓ કામ કરતા હતા. જે.પી.ના સંપૂર્ણક્રાંતિ આંદોલનમાં એક સૈનિક તરીકે ઝંપલાવ્યું. ગાંધી-વિનોબાના વિચારોમાંથી પ્રેરણા મેળવતાં તેમના જીવનની દિશા બદલાઈ ગઈ. કટોકટીના અહિંસક આંદોલનમાં એક વર્ષ મીસા હેઠળ જેલવાસ ભોગવ્યો. તે વખતે જે.પી. આંદોલનમાં સક્રિય રહેલાં મંદાકિની દવે સાથે જેલવાસ દરમ્યાન તેમનાં લગ્ન થયાં હતાં.

પાલડી સ્થિત ગાંધી પ્રતિષ્ઠાન કેન્દ્ર સાથે ૧૦ વર્ષ સુધી સંકળાયેલા રહીને યુવકો માટે તેમજ નાગરિકો માટે પ્રવૃત્તિઓ કરતા રહ્યા હતા. આ ગાળા દરમ્યાન તેઓ દેશ-વિદેશમાં કાર્યરત અનેક શાંતિવાદી સંગઠનો અને કાર્યકરોના પરિચયમાં આવ્યા. સમાજના છેવાડાના માણસને કેન્દ્રમાં રાખીને પ્રત્યક્ષ ગ્રામીણ વિસ્તારોમાં કામ કરવાનો ધક્કો તેમને ગાંધી વિચારે આપ્યો હતો. થોડાંક વર્ષો તેમણે મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ તથા સનતભાઈ મહેતા સાથે કામ કર્યું હતું.

હસમુખભાઈનો કાર્યવિસ્તાર બનાસકાંઠાનાં ડુંગરાળ આદિવાસી ગામોમાં તેમજ વાવ-થરાદનાં ગામોમાં ફેલાયેલો છે. ૪ દાયકાના તેમના તથા સાથી મિત્રોના સહકાર અને પુરુષાર્થ થકી આશરે ૫૦૦ ગામોમાં તેમનું કાર્યક્ષેત્ર વિસ્તરેલું છે. તેમની સંસ્થા થકી કરેલાં કામોની થોડી વિગતો નીચે પ્રમાણે છે -

○ નિઃશુલ્ક આરોગ્યસેવાઓ અને પોષણવૃદ્ધિ (૨૦ વર્ષ, ૨ લાખ ઓપીડી અને ૨૦૦૦૦ ઓપરેશન અને ૩૭૫૦થી વધુ પોષણવૃદ્ધિ લાભાર્થી) ○ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ (૨૦૦૪થી ૨૦૧૨, ૧૨ વર્ગો, ૩૫૦૦ બાળકો મેઈનસ્ટ્રીમ-બે બક્ષીપંચ આશ્રમશાળા (૧૯૯૨), આદિજાતિ આશ્રમશાળા (૧૯૯૨), એક ઉ.બુ. આ. શાળા (૧૯૯૪), ગ્રામ વિદ્યાપીઠ (૧૯૯૦થી ૨૦૦૫) - ૧૨૦૦૦ બાળકો. ○ જળ સંચય અને જળવ્યવસ્થાપન (૯૨૦૦ હેક્ટર પિયત, ૮૨૩૩ કૂવા ઊંડા, ૧૦૫ ચેકડેમ) ○ રોજગારલક્ષી લાભાર્થી (૨૦૦૦૦થી વધુ) ○ પર્યાવરણવૃદ્ધિ (આશરે ૧૭૫૦૦૦ જેટલાં વૃક્ષારોપણ) ○ મહિલા સશક્તિકરણ (૩૨૦૦ મહિલાઓ) ○ કૃષિ વિકાસ-સજીવ ખેતી (૨૧૨૮૭થી વધુ ખેડૂતો) ○ ગૌશાળા - ૨ (૧૮૦ ગોધન અમીરગઢ, ૪૦ ગોધન વિરમપુરમાં). ○ કુદરતી આફત રાહત અને વ્યવસ્થાપન (૩૦૫૫૨ પરિવાર-કચ્છ ભૂકંપ રાહત સહિત) ○ સામાજિક લોકજાગૃતિ પ્રવૃત્તિ (૪૨૦૦થી વધુ યુવાનો, મહિલાઓ અને ખેડૂતોની શિબિર) ○ વૃદ્ધ નિરાધાર સહાય (૧૬૭૦૦ પરિવારો) ○ બાળ સુરક્ષા ક્ષેત્રે ૧૫ વર્ષથી 'યુનિસેફ'ની ભાગીદાર સંસ્થા (બનાસકાંઠા જિલ્લાનાં ૧૨૫૧ લાભાર્થી ગામો ૨૨૫૦૦૦થી વધુ લાભાર્થી બાળકો)

સંસ્થા આદિવાસી પ્રજા સાથે સારો એવો ઘરોબો ધરાવે છે. પ્રજાની વિશેષતા અને ખામીઓને સંસ્થા જાણે છે. પ્રજા અત્યંત પ્રેમાળ, ભોળી, મોજીલી અને સંતોષી છે, પરંતુ કેટલાંક દૂષણો પણ છે. ○ વેર લેવાની પ્રથા ○ વધુ બાળકો પેદા કરવાં ○ મોટા પાયે દારૂનું દૂષણ.

આદિવાસી સમાજમાં બદલો લેવાની ભાવના-પરંપરા છે. આના કારણે ક્યારેક હિંસક માહોલ ઊભો થતો હોય છે. ખૂબ નાજૂકતાથી આ પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૪થી આ પ્રથાનો અંત આવ્યો છે, તેમ હસમુખભાઈ કહે છે. બાકીનાં દૂષણો અટકાવવાના પ્રયત્નો ચાલે છે. રાતોરાત બધું બદલાઈ જશે તેવા ભ્રમમાં સંસ્થા નથી.

લોકો સાથે દિલનો નાતો બંધાવાના કારણે પરિવર્તનનું કામ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૦૨માં સંસ્થાના કાર્યવિસ્તારમાં કોમી એખલાસ - ભાઈચારો જળવાઈ રહ્યો હતો. હસમુખભાઈને ગામડાની નવી પેઢીમાં ચિક્કાર શ્રદ્ધા છે. તેમને આશા છે કે ફરી ઘરે ઘરે ગાંધી દર્શનનો ગુંજારવ સાંભળવા મળશે. આવો ગુંજારવ સમગ્ર ગુજરાતમાં સંભળાશે તેવી આશા આપણે પણ રાખીએ. હસમુખભાઈ, મંદાબહેન, શિલ્પાબહેન તથા અન્ય સાથીઓને અભિનંદન.

- રજની દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**વ**લ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઑક્ટોબર ૧૮૭૫ના રોજ મોસાળ નડિયાદમાં થયો હતો. વર્ષ ૨૦૨૫માં તેમની ૧૫૦મી જન્મ જયંતી ઊજવવામાં આવી. સરદાર અંગે ઘણુંબધું લખાયેલું છે. માટે કોઈ શોધ નિબંધ લખવાનું આયોજન નથી. તેમ છતાં ભૂમિપુત્રના વાચકો માટે કેટલીક મહત્ત્વની વાતોની નોંધ લઈશું.

વિનોબા આસપાસના સર્વોદય સાહિત્ય જગતમાં સરદાર વિષે ખૂબ ઓછું કહેવાયું છે. વિનોબા જાહેરજીવનમાં ભૂદાન આંદોલનથી વધારે સક્રિય થયા તે વર્ષ હતું ૧૯૫૧. સરદારે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સવારે ૯.૩૫ કલાકે દેહ છોડ્યો.

વિનોબાજીએ સરદારને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું - ઇતિહાસમાં જે વાતોનું મહત્ત્વ આજે આપણને લાગે છે તે સો-બસો વર્ષ પછી ભૂંસાઈ જશે, પણ સરદાર વલ્લભભાઈની બે વાતો કાયમ ઇતિહાસમાં રહી જશે o એક, બારડોલીનો અહિંસક સત્યાગ્રહ અને બીજી, o ભારતનું અખંડ સંધાન.

સરદાર વિષે વિચાર કરતાં કેટલાંક મહત્ત્વનાં પુસ્તકોની નોંધ લેવી જોઈએ.

- **સરદાર વલ્લભભાઈ - ભાગ ૧-૨** - નરહરિ પરીખ (ડિસેમ્બર-૧૯૫૨)
- **સરદારશ્રીના પત્રો ભાગ ૧-૫** (૧૯૭૮) - ના.મા. નાંદુરકર અને મણિબહેન પટેલ
- **સરદારશ્રીને શ્રદ્ધાંજલિઓ** - મણિબહેન પટેલ
- **મહાદેવભાઈની ડાયરી પુસ્તક પહેલું.** (૧૦-૩-૩૨ થી ૪-૯-૩૨ ગાંધીજી સાથે યરવડા જેલમાં) - સંપાદક : નરહરિ પરીખ.

સંપાદકીય નોંધમાં નરહરિભાઈ ૨૫-૭-૧૯૪૮ના રોજ લખે છે-

o આ ડાયરીમાં મુખ્ય પાત્રો ત્રણ છે : ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ.

o સરદારને એક બાહોશ નેતા તથા વિચક્ષણ મુત્સદ્દી તરીકે આખો દેશ ઓળખે છે.

o કોઈ તંત્ર અથવા સંગઠન ઊભું કરવાની તથા તે તંત્રને કુશળતાપૂર્વક ચલાવવાની આવડત અને કુનેહનો પરિચય પણ તેમણે દેશને આપ્યો છે.

માણસને એની આંખમાંથી અથવા એનાં પગલાં પરથી ઓળખી લેવાની અથવા માપી લેવાની તેમની અસાધારણ શક્તિને લીધે ખોટા માણસો તેમની સાથે નભી શકતા નથી અને તેને લીધે કેટલાક લોકો તેમના વિરોધી પણ થઈ જાય છે.

# વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ

ગાંધીજી પ્રત્યે તેમની ભક્તિ અને વફાદારી તો અદ્ભુત છે.

- **સરદાર પટેલ - એક સમર્પિત જીવન** લેખક-રાજમોહન ગાંધી (વર્ષ ૧૯૯૧) ગુજરાતીમાં અનુવાદક : નગીનદાસ સંઘવી
- **હિંદના સરદાર** - રાવજીભાઈ મણિભાઈ પટેલ, વર્ષ ૧૯૬૩

પુસ્તકની પ્રસ્તાવના શ્રી મોરારજીભાઈ દેસાઈએ લખી છે, તેઓ લખે છે - સ્વ. શ્રી રાવજીભાઈ દક્ષિણ આફ્રિકાના નિવાસકાળથી ગાંધીજીના અનુયાયી હતા. દેશમાં આવ્યા પછી એમણે આઝાદીની બધી લડતોમાં અને રચનાકાર્યોમાં અગ્રભાગ લીધો હતો. એમના હાથે લખાયેલું જીવનચરિત્ર સરદાર સાહેબના તેઓ સાથી હોઈ વિશેષ બોધપ્રદ નીવડશે એવો મને વિશ્વાસ છે.

- **ત્રિવેણી સંગમ** - સંપાદક - મુકુલભાઈ કલાર્થી, વર્ષ-૧૯૬૨ સંપાદકીય નોંધમાં મુકુલભાઈ લખે છે - ૧૯૩૨ની સાલમાં બાપુજી (ગાંધીજી) અને સરદારશ્રી વલ્લભભાઈને યરવડા જેલમાં રાખ્યા હતા. એકાદ મહિના પછી શ્રી મહાદેવભાઈને પણ યરવડા લાવવામાં આવ્યા હતા. આમ યરવડા મંદિરમાં બાપુજી, સરદારશ્રી અને મહાદેવભાઈ એમ ત્રણ મહાનુભાવોનો અપૂર્વ સંગમ થયો. એને ત્રિવેણી સંગમ કહીએ તો અનુચિત ન ગણાય. બાપુ પુનિત ગંગા જેવા, સરદારશ્રી ધીરોદાત્ત જમુના જેવા અને શાંત, સૌમ્ય, નમ્ર અને મહાદેવભાઈ સરસ્વતી જેવા વિનયશીલ ગણી શકાય.
- Two books by Balraj Krishna

0 **Sardar Vallabhbhai Patel - India's Iron Man** (Year 2005)

લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે - Vinoba Bhave called Patel "The acurate bowman of Gandhi's struggle, his disciple and his GOC (General Officer Commanding)

0 **Sardar Vallabhbhai Patel - The Man who unified India** (Year 2012)

- **સરદાર - સાચો માણસ, સાચી વાત** - ઉર્વીશ કોઠારી

પહેલી આવૃત્તિ, ૫ માર્ચ-૨૦૦૫, સાતમી આવૃત્તિ ૨૦૨૩.

ઉર્વીશભાઈ પોતાના પુસ્તક વિષે અંતરની અને અંદરની વાત કરતાં કેટલીક ધ્યાનમાં લેવાની વાતો નોંધે છે. તેઓ માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરે છે.

o પુસ્તકનો આશય ચરિત્રલેખન કે ચરિત્ર સંકિર્તન નથી. સરદારના વ્યક્તિત્વનાં કેટલાંક પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમનું સર્વાંગી ચિત્રણ કરવાનો ઉપક્રમ રાખવો.

o બિનસાંપ્રદાયિક, હિંદુવાદી, જમણેરી, તટસ્થ, ગાંધીભક્ત, અખંડ ભારતના સર્જક, લોખંડી પુરુષ, નહેરુ શત્રુ જેવાં એકરંગી ચોકઠાંથી બચવું.




ભાઈ છેલ્લે નોંધે છે - સરદાર વિશેની ઘરેડ માન્યતાઓ અને ગેરમાન્યતાઓનાં જામી ગયેલાં જાળાં દૂર કરવામાં આ પુસ્તક મદદરૂપ બને એટલી અપેક્ષા...

સરદાર અંગેનાં અન્ય મહત્ત્વનાં પુસ્તકોમાં 0 **સરદાર પટેલ અને ગુજરાતનું જાહેર જીવન** - ગણેશ માવલંકર 0 **સરદારની જેલ ડાયરી** - સરદાર 0 **બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ** - મહાદેવ દેસાઈ વગેરે ગણાવી શકાય.


વિનોબા આંદોલન સાથે સંકળાયેલા - ગાંધીદર્શનને આત્મસાત્ કરેલા બે ગુજરાતી લેખકોમાં 0 નારાયણ દેસાઈ અને 0 કાન્તિભાઈ શાહનું નામ આપણી સામે આવે. આ લેખકોનાં મહત્ત્વનાં પુસ્તકો ગણીએ તો, નારાયણ દેસાઈનું 'મારું જીવન એ જ મારી વાણી'ના ચાર ગ્રંથો અને કાન્તિભાઈ શાહનું 'હિંદ સ્વરાજ' : એક અધ્યયન - છે.












આ પુસ્તકોમાં સરદાર અંગે વિશેષ સામગ્રી દેખાતી નથી. જો કે વર્ષ ૧૯૮૬માં નારાયણભાઈએ લખેલા પુસ્તક 'મને કેમ વીસરે રે?'માં પહેલો જ લેખ સરદાર વલ્લભભાઈ પટેલ અંગેનો છે. વિનોબાજીના વિનોબા સાહિત્ય ખંડ-૧૯માં ઋષિ-તર્પણ વિભાગમાં પાન નં. ૪૯૧ પર સરદાર વલ્લભભાઈ પટેલ અંગે ૩ પાનાંની નોંધ છે.

સરદાર અંગેનાં કેટલાંક મહત્ત્વનાં પુસ્તકો પર નજર નાંખ્યા પછી આપણે હવે તેમના જીવનની મહત્ત્વની ઘટના પર નજર નાંખીએ.

- **સરદાર અને સમયચક્ર**

o ૧૮૭૫ ૩૧ ઑક્ટોબર : મોસાળ નડિયાદમાં જન્મ.

o ૧૮૯૩ ઝવેરબા સાથે લગ્ન.

o ૧૯૦૦ ગોધરામાં વકીલાતની શરૂઆત.

o ૧૯૦૪ પુત્રી મણિબહેનનો જન્મ.

o ૧૯૦૫ 0 પોતાની જગ્યાએ મોટા ભાઈ વિઠ્ઠલભાઈને બેરિસ્ટર બનાવવા માટે ઇંગ્લેંડ જવાની તક આપી.
0 પુત્ર ડાહ્યાભાઈનો જન્મ.

o ૧૯૦૯ ઝવેરબાનું મૃત્યુ.

o ૧૯૧૦ બેરિસ્ટર બનવા ઇંગ્લેંડ ગયા.

o ૧૯૧૩ અમદાવાદમાં સ્થાયી થયા.

o ૧૯૧૫ ગુજરાત સભાના સભ્ય તરીકે જાહેર જીવનમાં ઔપચારિક પ્રવેશ.

o ૧૯૧૭ 0 અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય બન્યા.
0 ગાંધીજીએ રચેલી ગુજરાત પ્રાંતિક પરિષદમાં વલ્લભભાઈ સેક્રેટરી નિમાયા.

o ૧૯૧૮ 0 અમદાવાદમાં દુષ્કાળ રાહતનું કામ કર્યું.
0 ખેડા સત્યાગ્રહમાં ગાંધીજીના સાથીદાર બન્યા.

o ૧૯૧૯ 0અમદાવાદ મ્યુનિસિપાલિટીના મેનેજિંગ કમિટીના ચેરમેન બન્યા.
0 રોલેટ એક્ટ સામે ચળવળ ઉપાડી. (સરકાર સામેની રાષ્ટ્રીય ચળવળને દાબી દેવા કાળો કાયદો (બ્લેક એક્ટ) બન્યો હતો.)

o ૧૯૨૧ અમદાવાદમાં યોજાયેલા કોંગ્રેસના ૩૬મા વાર્ષિક અધિવેશનમાં સ્વાગત પ્રમુખ બન્યા.

o ૧૯૨૨ રંગૂન સુધી પ્રવાસ ખેડીને ગુજરાત વિદ્યાપીઠ માટે રૂ. ૧૦ લાખનું ભંડોળ ભેગું કર્યું.

o ૧૯૨૩ 0 નાગપુર ઝંડા સત્યાગ્રહમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી. બ્રિટિશ સરકાર આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવવા દેતી ન હતી.
0 બોરસદ હૈડિયાવેરો (ડાકુઓ સામે રક્ષણ આપવા સામે ઉઘરાવવામાં આવતો વેરો)નો વિરોધ કરવાના સત્યાગ્રહની આગેવાની લીધી.

o ૧૯૨૪ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા.

o ૧૯૨૮ 0 બારડોલી સત્યાગ્રહની આગેવાની લીધી.
0 વલ્લભભાઈમાંથી 'સરદાર' બન્યા.

o ૧૯૨૯ 0 કોંગ્રેસ પ્રમુખ તરીકે પહેલી વાર તેમનું નામ મુકાયું.
0 જવાહરલાલની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી.

o ૧૯૩૦ 0 પહેલી વાર તેમની ધરપકડ રાસ ગામેથી થઈ અને જેલની સજા થઈ.
0 આ વર્ષમાં ત્રણ વાર જેલની સજા થઈ.

o ૧૯૩૧ કોંગ્રેસના કરાંચી અધિવેશનમાં પ્રમુખ બન્યા.

o ૧૯૩૩ મોટા ભાઈ વિઠ્ઠલભાઈનું મૃત્યુ થયું.

o ૧૯૩૪ પૂનામાં નાકનું ઓપરેશન કરાવ્યું.

o ૧૯૩૫ બોરસદ તાલુકામાં પ્લેગ સામે રાહતનું કામ કર્યું.

o ૧૯૩૮ 0 કાઠિયાવાડમાં તેમની હત્યાનું કાવતરું નિષ્ફળ ગયું.
0 હરિપુરા અધિવેશનમાં સ્વાગત પ્રમુખ તરીકેની જવાબદારી ઉત્તમ રીતે નિભાવી.

o ૧૯૪૦ સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ધરપકડ.

o ૧૯૪૧ આંતરડાની બીમારીની સારવાર કરાવી.

o ૧૯૪૨ 'હિંદ છોડો' આંદોલનના પગલે ધરપકડ.

(જુઓ પાન નં. ૧૫...)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માતાના દૂધમાં યુરેનિયમ

બિહારના છ જિલ્લાઓમાં સ્તનપાન કરાવતી માતાઓના દૂધમાં યુરેનિયમની હાજરી અંગે એક નવા વૈજ્ઞાનિક અભ્યાસે ચિંતા વ્યક્ત કરી છે, જે શિશુઓ માટે સંભવિત સ્વાસ્થ્યનાં જોખમો દર્શાવે છે. શિશુઓ તેમના જીવનના શરૂઆતના મહિનાઓ દરમિયાન ફક્ત માતાના દૂધ પર આધાર રાખે છે. સાયન્ટિફિક રિપોર્ટ્સમાં પ્રકાશિત આ સંશોધન, બિહારનાં ગંગાનાં મેદાનોમાં સ્તનપાનમાં યુરેનિયમ દૂષણનું પ્રથમ મૂલ્યાંકન છે – આ એક એવો પ્રદેશ છે જે આર્સેનિક, સીસું અને પારો જેવી ભારે ધાતુઓના ઝેરી સંપર્ક માટે પહેલાંથી જ સમાચારમાં છે.

સંશોધકોએ ભોજપુર, સમસ્તીપુર, બેગુસરાય, ખાગરિયા, કટિહાર અને નાલંદામાંથી પસંદ કરાયેલા ૧૭ થી ૩૫ વર્ષની વયના ૪૦ સ્તનપાન કરાવતી માતાઓના સ્તન દૂધના નમૂનાઓનું વિશ્લેષણ કર્યું. દરેક સહભાગીએ જાણકાર સંમતિ આપી, અને સ્તનપાન કરાવવાની પ્રથાઓ, બાળવિકાસ અને રહેણાક ઇતિહાસને સમજવા માટે વિગતવાર ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા. આ અભ્યાસ મહાવીર કેન્સર સંસ્થાન અને સંશોધન કેન્દ્ર (પટણા), લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, NIPER - હાજીપુર અને અન્ય સહયોગી સંસ્થાઓની ટીમો દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

### બધા નમૂનાઓમાં યુરેનિયમ હતું

પેપરમાં સૌથી આશ્ચર્યજનક તારણોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, 'હાલના અભ્યાસમાં ૧૦૦% સ્તનપાન કરાવતી માતાઓનું સ્તન દૂધ યુરેનિયમથી ખૂબ જ દૂષિત હોવાનું જણાવાયું છે.' આ નમૂનામાં સાંદ્રતા બદલાતી હોવા છતાં, દરેક સ્તન દૂધના નમૂનામાં શોધી શકાય તેવું યુરેનિયમ (U-238) જોવા મળ્યું છે, જેનાં મૂલ્યો 5.25 માઈક્રોગ્રામ/લિટર સુધી હતાં. કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ માતાના દૂધમાં યુરેનિયમ માટે સત્તાવાર રીતે માન્ય મર્યાદા નક્કી કરી નથી, પણ શિશુ ખોરાકના સ્રોતોમાં કોઈ પણ કિરણોત્સર્ગી ભારે ધાતુની હાજરીને આરોગ્ય ચિંતાનો વિષય માનવામાં આવે છે. આ અભ્યાસમાં જિલ્લાવાર યુરેનિયમ સ્તરનું મેપિંગ કરવામાં આવ્યું હતું. ડેટા કોષ્ટકોમાં જાણવા મળ્યું છે કે ખાગરિયામાં સૌથી વધુ સરેરાશ હતી. યુરેનિયમ (U238) દૂષણના સરેરાશ સંપર્કનો ઘટતો ક્રમ આ મુજબ છે; ખાગરિયા/સમસ્તીપુર/બેગુસરાય/કટિહાર/ભોજપુર/નાલંદા.

❍ કટિહારમાં સૌથી વધુ સિંગલ પીક યુરેનિયમ સાંદ્રતા 5.25 માઈક્રોગ્રામ/લિટર નોંધાઈ છે.

❍ ખાગરિયામાં સૌથી વધુ સરેરાશ દૂષણ સ્તર 4.035 માઈક્રોગ્રામ/લિટર દર્શાવાયું છે.

❍ નાલંદામાં સૌથી ઓછી સરેરાશ સાંદ્રતા 2.354 માઈક્રોગ્રામ/લિટર હતી.

યુરેનિયમના સંપર્કમાં બાળકોને કેવી રીતે અસર થઈ શકે છે તે સમજવા માટે, સંશોધકોએ મૂલ્યાંકન કર્યું કે શિશુઓ સ્તન દૂધ દ્વારા કેટલું યુરેનિયમ ગળી શકે છે. મોન્ટે કાર્લો સિમ્યુલેશનનો ઉપયોગ કરીને, વિશ્લેષણ દર્શાવે છે કે જો સંપર્ક વધુ રહે તો લગભગ ૭૦% શિશુઓ કેન્સર સિવાયની સ્વાસ્થ્ય અસરોનું જોખમ ધરાવતાં હતાં. આ અભ્યાસમાં નોંધ્યું છે કે, 'શિશુઓ તેમની માતાઓની તુલનામાં ખૂબ જ સંવેદનશીલ હોય છે....' કારણ કે તેમનાં અંગો હજૂ પણ વિકાસશીલ છે, તેમના શરીરનું વજન ઓછું છે. અને તેઓ યુરેનિયમને અસરકારક રીતે બહાર કાઢી શકતાં નથી. આને કારણે, યુરેનિયમની થોડી માત્રા પણ શિશુઓ પર પ્રમાણસર મોટી અસર કરી શકે છે.

સંશોધકોએ સંભવિત કિડની-સંબંધિત અસરો અને લાંબા ગાળાના કૅન્સરનાં જોખમ બંનેનું મૂલ્યાંકન કર્યું. સ્તન દૂધમાં જોવા મળતાં સ્તરોમાંથી કૅન્સરના જોખમનાં કોઈ ચિહ્નો શોધી કાઢવામાં આવ્યાં નથી. જોકે, એક્સપોઝર લેવલ એટલું ઊંચું હતું કે વિજ્ઞાનીઓએ બિન-કાર્સિનોજેનિક અસરો વિશે ચિંતા વ્યક્ત કરી છે.

### સ્તનદૂધમાં યુરેનિયમ ચિંતાજનક છે

યુરેનિયમ તેની કિરણોત્સર્ગ સક્રિયતા માટે વધુ જાણીતું છે, ત્યારે તેની રાસાયણિક ઝેરીતા વધુ ચિંતાનો વિષય છે – ખાસ કરીને શિશુઓ માટે. આ અભ્યાસ સમજાવે છે કે શિશુઓ તેમના ઓછા વજન અને અવિકસિત અંગોને કારણે પુખ્ત વયના લોકો કરતાં ભારે ધાતુઓ વધુ સરળતાથી શોષી લે છે. લેખકો અનેક જોખમો પર વાત કરે છે :

❍ યુરેનિયમના સંપર્કમાં આવવાથી 'શિશુના સ્વાસ્થ્ય માટે ઘણાં સંભવિત પરિણામો આવી શકે છે, જેમાં નેફ્રોટોક્સિસિટીનો સમાવેશ થાય છે... (લાંબા ગાળાનું કિડનીને નુકસાન)

❍ તે ન્યુરોલોજીકલ વિકાસને અસર કરી શકે છે, જેના કારણે 'જ્ઞાનાત્મક અને વર્તણૂકીય સમસ્યાઓ' થાય છે.

❍ યુરેનિયમના સંપર્કમાં આવવાથી 'જીવનમાં પાછળથી કૅન્સર થવાનું જોખમ વધી શકે છે.'

❍ તેમાં રક્ત-મગજ અને પ્લેસેન્ટલ અવરોધો બંનેને પાર કરવાની ક્ષમતા છે, જે મગજના વિકાસને સંભવિત રીતે નુકસાન પહોંચાડે છે.

❍ સંશોધકોએ વ્યાપક સાહિત્યનો પણ ઉલ્લેખ કર્યો છે જે દર્શાવે છે કે યુરેનિયમ શરૂઆતના જીવનમાં હાડકાંના વિકાસ, રોગપ્રતિકારક શક્તિના વિકાસ અને કુશળતામાં દખલ કરી શકે છે.

### ભૂગર્ભજળ દૂષણ સંભવિત મુખ્ય સ્રોત

આ અભ્યાસમાં સમાન માતાઓ માટે પાણી અથવા ખોરાકના સ્રોતોનું સીધું પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. લેખકો તેમના અગાઉના કાર્ય તરફ નિર્દેશ કરે છે જેમાં બિહારમાં ભૂગર્ભજળના ૨૭૩ નમૂનાઓમાં યુરેનિયમ દૂષણ જોવા મળ્યું હતું. જેમાં કેટલાક જિલ્લાઓમાં અત્યંત ઉચ્ચ સ્તર નોંધાયું હતું – સુપૌલમાં ૮૨ માઈક્રોગ્રામ/લિટર, નાલંદામાં ૭૭ માઈકોગ્રામ/લિટર અને વૈશાલીમાં ૬૬ માઈકોગ્રામ/લિટર, જે WHOની પીવાના પાણી માટે ૩૦ માઈકોગ્રામ/લિટર મર્યાદા કરતાં વધુ છે. પીવાના અને ખેતી બંને માટે ભૂગર્ભજળ પર બિહારની ભારે નિર્ભરતાને જોતાં,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દૂષણ આના કારણે થયું હોવાનું માનવામાં આવે છે :

- ભૌગોલિક સ્રોતો (યુરેનિયમ સમૃદ્ધ ખડકોની રચના)
- ભૂગર્ભજળનું વધુ પડતું નિષ્કર્ષણ
- ખાતરનો ઉપયોગ (ખાસ કરીને ફોસ્ફેટ ખાતરો)
- ઔદ્યોગિક ગંદાં પાણી
- ખરાબ રીતે પ્રક્રિયા કરાયેલાં ગંદાં પાણી.

લેખકો ભાર મૂકે છે કે બિહારમાં યુરેનિયમ દૂષણ સ્થાનિક નથી - ૧૧ જિલ્લાઓના ભૂગર્ભજળમાં યુરેનિયમ અસુરક્ષિત સ્તરે છે, જેમાં ગોપાલગંજ, સારણ, પટના, નાલંદા, સુપૌલ અને કટિહારનો સમાવેશ થાય છે.

રસપ્રદ વાત એ છે કે, ભૂગર્ભજળનું દૂષણ વધારે હોવા છતાં, સ્તન દૂધમાં યુરેનિયમનું સ્તર ઓછી માઈક્રોગ્રામ રેન્જમાં જોવા મળે છે. આ વૈશ્વિક અભ્યાસો સાથે સુસંગત છે જે દર્શાવે છે કે યુરેનિયમ સ્તન પેશીઓમાં મજૂબત રીતે બાયોક્યુમ્યુલેટ થતું નથી કારણ કે તે ફોસ્ફેટ જૂથો, હાડકાં અને કિડની જેવી કે કેલ્શિયમ-સમૃદ્ધ પેશીઓ સાથે બંધન કરવાનું પસંદ કરે છે. સંશોધકો સમજાવે છે કે : 'યુરેનિયમ પ્લાઝમા પ્રોટીન સાથે જોડાય છે અને સ્તનદૂધ કરતાં હાડકાં અને કિડનીમાં એકઠું થાય છે.

આ ચિંતાજનક તારણો હોવા છતાં, આ અભ્યાસ સ્તનપાન અચાનક બંધ કરવા અંગે ચેતવણી આપે છે. લેખકો જણાવે છે કે, ''શિશુઓના પોષણ માટે સ્તનપાન એ શ્રેષ્ઠ પદ્ધતિ છે તે પર ભાર મૂકવાની પણ ભલામણ કરવામાં આવે છે, અને તેનું બંધ કરવું માત્ર ક્લિનિકલ સંકેતોના આધારે જ થવું જોઈએ. તેઓ નોંધે છે કે સ્તનપાન અજોડ પોષણ અને રોગપ્રતિકારક લાભો પ્રદાન કરે છે, અને યુરેનિયમ સ્તરો ચિંતાજનક છે, પણ તબીબી સલાહ વિના સ્તનપાન બંધ કરવાનું કારણ નથી.''

### આ માટે શું કરી શકાય ?

- યુરેનિયમ દૂષણનું રાજ્યવ્યાપી બાયોમોનિટરિંગ
- નિયમિત ભૂગર્ભજળ પરીક્ષણ
- જાહેર આરોગ્ય સલાહ, ખાસ કરીને સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ માટે
- પાણી, માટી અને ખાદ્ય શૃંખલાઓમાં યુરેનિયમ ગતિશીલતા પર વધુ સંશોધન
- સુરક્ષિત પાણીની પહોંચ, જેમાં યુરેનિયમ દૂર કરવા સક્ષમ ગાળણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. (દા.ત.. આર.ઓ. સિસ્ટમ્સ)

લેખકો કહે છે કે : ''આ પ્રદેશોમાં વ્યાપક સ્તરે U238 ના બાયોમોનિટરિંગની પણ જરૂર છે.''

બિહાર છેલ્લા દાયકામાં આર્સેનિક, સીસા અને પારાના દૂષણ માટે પહેલાંથી જ હેડલાઇન્સમાં આવી ચૂક્યું છે, જેમાં ઘણા અભ્યાસોમાં માતાઓ અને શિશુઓ બંનેમાં ભારે ધાતુઓના સંપર્કની જાણ કરી છે. અભ્યાસમાં અંતિમ નિષ્કર્ષ આપવામાં આવ્યો છે તે સ્પષ્ટ છે : જ્યારે માતાના દૂધમાં જોવા મળતા યુરેનિયમનું સ્તર તાત્કાલિક કેન્સરનું જોખમ સૂચવવા માટે વધુ નહોતું, પણ સંશોધકોએ શોધી કાઢ્યું કે ૭૦% શિશુઓ બિન-કાર્સિનોજેનિક અસરોનું જોખમ ધરાવે છે. આનું કારણ એ છે કે શિશુઓનાં શરીરનું વજન ઘણું ઓછું હોય છે અને કિડનીનો વિકાસ ઓછો થતો હોય છે, જેના કારણે તેઓ પુખ્ત વયના લોકો માટે 'સલામત' ગણી શકાય તેવી સાંદ્રતામાં પણ ઝેરી અસર માટે સંવેદનશીલ બને છે. માતાના દૂધ દ્વારા શિશુના શરીરમાં યુરેનિયમનો સંપર્ક નોંધપાત્ર રીતે વધારે છે, જે તેમના સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે, જેના કારણે ઓછો આઈક્યુ, ન્યુરોલોજીકલ વિકાસ અને ઘણી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવાં સંભવિત જોખમો થઈ શકે છે.

(સાભાર : ગુ.ટુડે. તા.૧૫-૧૧-૨૦૨૫)

---

**વલ્લભભાઈ પટેલ...** (પાન ૧૩નું ચાલુ)

- ૧૯૪૫ લગભગ પોણા ત્રણ વર્ષની જેલ પછી મુક્તિ
  0 આંતરડાની બીમારીએ ઊથલો માર્યો.
- ૧૯૪૬ ઝીણાના ધર્મઆધારિત રાષ્ટ્રના સિદ્ધાંતનો કડક વિરોધ કર્યો. મુસ્લિમ લીગને પાકિસ્તાનની વાત ત્યજીને કેન્દ્રીય ધારાસભામાં જોડાવા આગ્રહ કર્યો.
- ૧૯૪૭ 0 આઝાદ ભારતના નાયબ વડાપ્રધાન, ગૃહમંત્રી, માહિતી-પ્રસારણ મંત્રી બન્યા.
  0 દેશી રજવાડાંના વિલીનીકરણની ઐતિહાસિક પ્રક્રિયાનો આરંભ.
- ૧૯૪૮ 0 જૂનાગઢ અને હૈદરાબાદને ભારતમાં ભેળવી દીધાં.
  0 ગાંધીજીના મૃત્યુ પછી માનસિક રીતે ભારે ધક્કો અનુભવ્યો.
  0 હૃદયરોગનો હુમલો થયો.
- ૧૯૪૯ રજવાડાંઓના સંઘ રચવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ આગળ વધી 0 રાજવીઓ માટે સાલિયાણાં નક્કી કર્યાં.
- ૧૯૫૦ 0 ૭૫મા જન્મદિને દોઢ લાખ રૂ.ની થેલી અર્પણ થઈ.
  0 તે થેલી કોંગ્રેસની પ્રાંતિક સમિતિને આપી.
  0 ૧૫ ડિસેમ્બરની સવારે મુંબઈમાં અવસાન થયું.

સરદાર અંગે આગળ ઉપર વધુ વિગતો જાણીશું.

**- રસાંશ**

---

**ગૂજરાત સર્વોદય મંડળ...** (પાન ૧૯નું ચાલુ)

પ્રથમ પાને પ્રગટ થતા વિનોબાજીના લેખોનું સંપાદનકામ ૩-૪ વર્ષ કર્યું. 'વિનોબા ૧૨૫'ને ખ્યાલમાં રાખી પ્રચારપ્રસાર માટે ચાર્ટ, પુસ્તિકાઓ તૈયાર કરવાનું કામ કર્યું. કેટલાંક ગામોમાં સંપર્ક ચાલુ કર્યો પરંતુ 'કોરોના' ફેલાતાં તે કાર્યક્રમ આગળ ન વધ્યો. તેઓ અવારનવાર પવનાર આશ્રમની મુલાકાત લઈને આશ્રમવાસીઓને હૂંફ આપે છે. હાલમાં તેઓ 'ભૂમિપુત્ર-૭૫' પર્વની ઉજવણીમાં સક્રિય રસ લઈ રહ્યા છે. જ્યોત્સનાબહેન સાથે રહી 'જીવન શોધન શિબિર'નું સંચાલન કરે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મિત્ર-મિલન મહોત્સવ પવનાર

**વિ**નોબાજીની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે બ્રહ્મવિદ્યામંદિર, પવનારમાં તા. ૧૫-૧૬-૧૭ નવેમ્બરના દિવસોમાં મિત્ર-મિલનનું આયોજન થતું હોય છે, જેમાં દેશભરમાંથી લોકો ભાગ લેતા હોય છે. વિનોબાજીએ ભૂદાનયાત્રા શરૂ કરી તેનું આ ૭૫મું - અમૃતવર્ષ હોવાથી આ વખતે મિત્ર-મિલનનો મુખ્ય વિષય 'भूदानयज्ञ : मानवता का आरोहण' રાખવામાં આવ્યો હતો. બ્રહ્મવિદ્યા મંદિરથી મૈત્રી નામથી એક માસિક પણ બહાર પાડવામાં આવે છે અને એનો નવેમ્બરનો વિશેષાંક પણ આ જ વિષય પર આશ્રમનાં શીલાબહેન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. (સંપર્ક : मैत्री, ब्रह्मविद्या मंदिर, पवनार, जि. वर्धा-442111, मो.: 8856951374)

મિત્રમિલન નિમિત્તે દેશભરમાંથી લોકો આવતા હોય છે એટલે આ દિવસોમાં આશ્રમમાં સારી એવી ચહલપહલ રહેતી હોય છે. આ બધાના ભોજન-નિવાસ વગેરેની વ્યવસ્થા પણ એક મોટું કામ હોય છે. આ વખતે રસોડાની જવાબદારી ગુજરાતનાં હેમાબહેને આશ્રમનાં રેખાદીના સહયોગમાં ઉપાડી અને તેમની મદદમાં શાહજહાંપુર (ઉ.પ્ર.)નાં રમેશભૈયા અને વિમળાબહેન તેમજ ધુળિયાનાં પ્રાચીબહેન રહ્યાં. બીજી મુખ્ય જવાબદારી નિવાસની કરજત (મહારાષ્ટ્ર)ના સુભાષ પાટીલ છેલ્લાં કેટલાંય વર્ષોથી ઉપાડે છે. એમની મદદમાં આશ્રમનાં નલિનીબહેન અને શીતલ રહ્યાં. સભા સંચાલનની જવાબદારી જ્યોત્સનાબહેને મહેન્દ્રભાઈ ભટ્ટ, પરાગ ચોલકર, વસંતભાઈ ફૂટાણે, અમિતભાઈ, ચતુરાબહેન, નીલુબહેન અને ડૉ. ક્રતિની મદદથી ઉપાડી. રજિસ્ટ્રેશનમાં કંચનબહેનની મદદમાં બિહારનાં ઉષાબહેન અને આસામનાં અપરાજિતાબહેન રહ્યાં.

મિત્રમિલનમાં આ વખતે વિદ્યાર્થીઓ - યુવાઓની સંખ્યા પણ સારી એવી રહી. હરદોઈ(ઉ.પ્ર.), સર્વોદય આશ્રમની છાત્રાઓ એકદમ અનુશાસિતપણે સભામાં હાજર રહી નોંધ કરવાથી માંડી રસોઈ-સફાઈના કામમાં પણ મદદરૂપ થતી. જલગાંવની આદિવાસી શાળાના વિદ્યાર્થીઓ પણ પોતાના શિક્ષકો અને સંચાલક પાટીલસાહેબની દોરવણી હેઠળ ભોજન વ્યવસ્થા-સફાઈમાં મદદ કરવાની સાથે મિલનમાં સહભાગી થયા. આ ઉપરાંત ગુરુકુળ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરતા બૃજેશભાઈ સાથે દસ બાળકો, કર્ણાટકનાં આબિદાબહેન સાથે પણ કેટલાક વિદ્યાર્થીઓ-શિક્ષકો અને ઇંદોરના પુષ્પેન્દ્ર દુબેની પ્રેરણાથી માસ કોમ્યુનિકેશન વિભાગના આઠ વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા. આ સિવાય છેલ્લાં કેટલાંય વર્ષોથી ગુજરાતથી ગ્રામશિલ્પી મિત્રોનું જૂથ પણ સપરિવાર આવીને બીજાં કામોમાં મદદ કરવા માટે નદી તટ પરની વિનોબાની સમાધિ સુધીની સજાવટની જવાબદારી હોંશે હોંશે ઉપાડી લે છે. આ વખતે લોકભારતી, સણોસરા પ્રેરિત ગ્રામબંધુઓની આવી જ બીજી સાત યુવાનોની ટીમ બલીયા (ઉ.પ્રદેશ)થી આવી હતી. આ ઉપરાંત બિહાર અને ઝારખંડથી શત્રુઘ્નભાઈની ટીમ અને છત્તીસગઢથી ઘણા લોકો આવ્યા હતા. આસામના મૈત્રી આશ્રમથી ચંપાબહેન અને અપરાજિતા સાથે બીજા છ લોકો પણ આવ્યા હતા. આમ દેશના વિવિધ પ્રાંતો ઉપરાંત સ્થાનિક નવા-જૂના મિત્રો થકી મિત્રમિલનમાં રોનક આવી ગઈ હતી !




૧૫મીએ વહેલી સવારે ચાર વાગ્યે ઊઠવાનો ઘંટ વાગે અને જમુબહેન અને સાથીઓ પ્રભાતફેરીની ધૂન ગાતાં આશ્રમ પરિસરમાં ફરી વળે. ૪-૩૦ વાગ્યે પ્રાર્થના-ભજન-ધૂન પછી સૌ ૧૫મીએ વિશેષરૂપે ધૂન ગાતાં નદી તટ પર દીવડાથી શણગારેલ ગાંધી-વિનોબાની સમાધિની પ્રદક્ષિણા કરે. ત્યાંથી ભરત-રામ મંદિરમાં થોડી વાર ધૂન અને પછી વિનોબાના ચૂંટેલા ૮૩ વેદમંત્રોનું ગાન. તે પછી ૬ થી ૯ ના સમયમાં લોકો પોતાની રુચિ મુજબના સફાઈ-રસોઈ-ખેતીકામ જેવા શ્રમકાર્યમાં જોડાવાની સાથે નિત્યકર્મ અને નાસ્તાને ન્યાય આપે.

નવ વાગ્યે શરૂ થતા પ્રથમ સત્રનો પ્રારંભ આશ્રમનાં લલીતાબહેનના મધુર કંઠે રવીન્દ્રનાથ ટાગોરના ગીત 'આનંદલોકે મંગલાલોકે, વિરાજો સત્ય-સુંદર'થી થયો. આશ્રમનાં મનોરમાબહેને આવેલ સૌનું સ્વાગત કર્યું અને વર્ષ દરમ્યાન દિવંગત થયેલ મિત્રો-સ્વજનોને શ્રદ્ધાંજલિ આપી. આ વખતનો વિષય ભૂદાનયજ્ઞ હતો, એટલે જ્યોત્સનાબહેને ભૂમિકા બાંધતાં જણાવ્યું કે કેટલાક લોકો ભૂદાનને ઇતિહાસ માને છે પણ આપણે વર્તમાનમાં જીવીએ છીએ એ પણ ઇતિહાસ જ બની જશે. તેમણે કહ્યું કે રામે સત્યનો, કૃષ્ણએ પ્રેમનો અને બુદ્ધે કરુણાનો સંદેશ આપ્યો. વિનોબાએ આ ત્રણેને જોડીને સત્ય-પ્રેમ-કરુણાનો સમન્વય કર્યો. ભૂદાનયજ્ઞને માનવતાનું આરોહણ કેમ કહેવાય છે તેના બે-ત્રણ માર્મિક પ્રસંગ પણ તેમણે બતાવ્યા.

એમના પછી ગૌતમભાઈ બજાજ કે જે પંદર વર્ષની ઉંમરથી સતત વિનોબા સાથે પદયાત્રામાં રહ્યા અને વિનોબાસાહિત્યના ૨૧ હિંદી ખંડોમાં જેમનું મહત્ત્વનું યોગદાન છે, તેમણે ભૂદાનના તત્ત્વ-વિચારની વાત કરતાં જણાવ્યું કે આપણે એ વિચારને ઠીકથી સમજવો પડશે. એમણે 'નેતિ-નેતિ'ની પદ્ધતિથી વાત મૂકતાં જણાવ્યું કે ભૂદાન ફક્ત ગરીબી મિટાવવા માટે કે હિંસાને રોકવા માટે કે સામ્યવાદને રોકવા માટેનું કાર્ય નહોતું, અને એ ભૂતદયાનું કામ પણ નહોતું. તો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પછી એ શું હતું, એ સમજવા માટે એ વિચાર પાછળ જે મનુષ્ય છે એને જોવો-સમજવો પડશે. વિનોબાજીએ 'अथातो ब्रह्मजिज्ञासा' કહીને ઘર છોડ્યું હતું. અને છેવટે બ્રહ્મવિદ્યા મંદિરની સ્થાપના કરી. એટલે કે શરૂથી અંત સુધી એમના જીવનમાં બ્રહ્મ જ મુખ્ય રહ્યું. વચ્ચે બીજું કંઈ નહીં ! એમનું સમગ્ર કાર્ય જ બ્રહ્મવિદ્યા માટે હતું.

તે પછી નાગપુરના પરાગ ચોલકર કે જેમણે ભૂદાન-ગ્રામદાન વિશે ગહન અધ્યયન પછી 'सबै भूमि गोपल की' નામથી હિંદીમાં ત્રણ પુસ્તકો આપ્યાં છે. અને જે મરાઠી અને અંગ્રેજીમાં પણ પ્રકાશિત થયાં છે. તેમણે વાત મૂકી, એમણે 'ભૂદાન : કલ-આજ-કલ' વિષય પર વાત કરતાં કયા પ્રાંત-રાજ્યમાંથી કેટલી જમીન ભૂદાનમાં મળી, કેટલાનું ભૂમિહીનોમાં વિતરણ થયું, વિનોબાએ કયા-કયા નવા વિચારો ક્યારે રજૂ કર્યા તેનું એક સમગ્ર વિવરણ રજૂ કર્યું. આ દિશામાં આગળ આપણે શું કરી શકીએ તે પણ એમણે જણાવ્યું. તે પછી સેવાગ્રામ હૉસ્પિટલના ડૉ. ઉલ્હાસ જાજૂએ ભૂદાન-ગ્રામદાન આરોહણમાંથી ઊભરતાં કેટલાંક સૂત્રો દ્વારા વાત રજૂ કરી. એમણે કહ્યું કે ભૂદાનયજ્ઞમાં વિનોબાજી કરુણાની દીક્ષા આપતા રહ્યા હતા. આંતરમનમાં છુપાયેલી કરુણાના જાગરણને જાણે કે એ આવાહન હતું ! માનવના દિલની ભલાઈનો સાક્ષાત્કાર હતો ! ગ્રામદાનનો સ્વીકાર એટલે માનો સામૂહિક કરુણાવતારનું પ્રાગટ્ય ! તેના માટે વિનોબાજીએ સામાજિક એકમ ગામને સઘનક્ષેત્ર માન્યું. શ્રમજીવી સમાજ સમતામૂલક હોય છે. એ પરસ્પરાવલંબન સિવાય જીવી શકતો નથી. આપણે તો પરસ્પરાવલંબનથી સર્વજનાવલંબનનું આરોહણ કરવાનું હતું. એમના પછી યવતમાલ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરવાવાળા સુભાષ શર્માએ વિશ્વની સામે ઉપસ્થિત મુખ્ય સમસ્યાઓ તરફ ધ્યાન દોરતાં જણાવ્યું કે ભૂદાનને આજના સંદર્ભમાં કઈ રીતે જોઈ શકાય ? એમણે વિનોબાજીએ દર્શાવેલ મુદ્દાને ધ્યાનમાં રાખીને આ સમસ્યા કેવી રીતે ઉકેલી શકાય તે બતાવ્યું. આ પ્રથમ સત્રનું સંચાલન કર્ણાટકનાં આબિદાબહેને કર્યું. સમાપન કરતાં એમણે જણાવ્યું કે આપણે વિનોબાના વિચારને ઠીકથી સમજવા પડશે.

બપોરના ભોજનવિરામ પછી બીજું સત્ર સમૂહચર્ચા માટે હતું. મહેન્દ્રભાઈની દોરવણી હેઠળ મુખ્ય સાત મુદ્દા-વિષયોના આધારે સાત જૂથ કરવામાં આવ્યાં (૧) ભૂદાન-ગ્રામદાન આગળ શું ? (૨) ગ્રામસભા ગ્રામમાતા કેવી રીતે બની શકે ? (૩) अन्न बहु कुर्वीत (૪) ખાદી અને વસ્ત્ર-સ્વાવલંબન (૫) યોગ-ઉદ્યોગ-સહયોગ (૬) दानं संविभाग: (૭) ગ્રામ-સંસ્કૃતિ સંરક્ષણ. આ દરેક વિષયના વિશેષ જાણકારને જે-તે જૂથના સંયોજક બનાવાયા. દરેક પોતાની રસ-રુચિ મુજબની જૂથ-ચર્ચામાં સામેલ થયા. જોકે એ ધ્યાન રાખવામાં આવ્યું કે દરેક જૂથમાં વિવિધ




ઉંમરના લોકો ભળે અને દરેકને રજૂઆતની સમાન તક મળે, તેમ છતાં ચર્ચામાં કોઈ વિશેષ ઉત્સાહથી ભાગ લે અને કોઈક ઘણી મુશ્કેલીથી રજૂઆત કરે એમ પણ થયું. ક્યાંક ભાષાની મર્યાદા પણ નડી. તેમ છતાં એકંદરે અનુભવ સારો રહ્યો.

સામાન્ય રીતે ૧૫મીએ રાત્રે કોઈ કાર્યક્રમ વગેરે રાખવામાં આવતો નથી. પણ આ ભૂદાનનું અમૃતવર્ષ હોવાથી વિનોબાની એક ડોક્યુમેન્ટ્રી બતાવવામાં આવી અને એમાં ગૌતમભાઈ દરેક ફોટામાં એ ક્યાંનો ફોટો છે, સાથે કોણ છે વગેરે વિગતો સાથે કોઈ વિશેષ પ્રસંગ હોય તો તેનું પણ વર્ણન કરતા હતા તેથી ઘણું રસપ્રદ રહ્યું !

૧૬મીએ સવારની પ્રાર્થના પછી સત્સંગમાં ઉષાદીએ 'આત્માને જાણીએ' વિષય પર રજૂઆત કરી. સવારે ૯ વાગ્યે તૃતીય સત્રના પ્રારંભમાં 'મૈત્રી'નાં સંપાદક કંચનબહેને ભૂદાન કેવી રીતે ઈશ્વરીય ઈશારાથી પ્રાપ્ત થયું તેની વાત કરી. એમણે ભૂદાન વર્તમાન માટે, માનવધર્મની સ્થાપના માટે અને આગામી યુગની દૃષ્ટિએ કેટલું મહત્ત્વનું છે તેની વાત સાથે ભૂદાનની કેટલીક વિશેષતાઓનો પણ કેટલાક રોચક પ્રસંગો સાથે ઉલ્લેખ કર્યો. એમના પછી મહારાષ્ટ્ર સરકારના સંયુક્ત સચિવ શ્રી નિતીન પાટીલે ક્યારે, કેટલું શેનું દાન કરીએ તેનું વિવેચન કરતાં જણાવ્યું કે પાપના પ્રક્ષાલન, આસક્તિના નિવારણ, અંતરાયને દૂર કરવા માટે અને મનનો મેલ ધોવા માટે દાન જરૂરી છે. તે પછી પૂણેનાં ગીતા દેશમુખે, ફલટનના બાબુલાલ ગાંધીએ કરેલ ભૂદાનનું કામ અને એ વિસ્તારની બિનઉપજાઉ જમીનને ઉપજાઉ બનાવવા માટે કરેલા સેન્દ્રિય ખેતીના પ્રયોગની વાત કરી. ઉજ્જૈનના સેવાધામ આશ્રમ દ્વારા બારસો જેટલાં વૃદ્ધ, બીમાર, વિકલાંગ બાળકો માટે કાર્યરત સુધીરભાઈ ગોયેલે સંક્ષેપમાં પોતાના આ કામની જાણકારી આપી. વર્ષોથી વિનોબાવિચાર અને આશ્રમ સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા શાહજહાંપુર (ઉ.પ્ર.)ના રમેશભૈયાએ કહ્યું કે જમીનવિહોણા લોકોની સમસ્યાના ઉકેલ માટે દુનિયાને હિંસા-કત્લ-કાનૂનના રસ્તાની ખબર હતી પરંતુ વિનોબાએ એક ત્રીજો જ રસ્તો બતાવ્યો. વિનોબાએ ભૂદાનથી ગ્રામદાન, ગ્રામદાનથી પ્રખંડદાન અને પ્રખંડદાનથી અખંડદાનની વાત કરી હતી.

આશ્રમનાં જ્યોતિબહેને ભૂદાન દ્વારા કેવી રીતે માનવતાનું આરોહણ થતું રહ્યું, કેવી રીતે એક-એક પર્વ થકી જીવનનું આરોહણ થયું તેની વાત વિસ્તારથી કરી. બનારસના અલખભાઈનું આખું જીવન ભૂદાન-ગ્રામદાન-ગૌરક્ષામાં વીત્યું છે. વિનોબાએ જે પણ કાર્યક્રમ આપ્યો તેમાં ખૂંપેલા રહ્યા. એમણે કહ્યું કે તુલસીદાસે કહ્યું છે - स्वांत: सुखाय रघुनाथ गाथा - તેમ હું પણ જ્યાં જાઉં ત્યાં બાપુ-બાબા-પવનારની વાતો કરતો રહું છું. અમારે માટે તો કાશી-મથુરા-પંઢરપુર અહીં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ છે. એમના પછી વિદર્ભના સર્વોદય મંડળના જૂના સાથી અને નિવૃત્ત એંજિનીયર નરેન્દ્રભાઈ બૈત્તે ભૂદાન અંગે કેટલીક વાતો કહી. એ છેલ્લાં પંદર વર્ષથી ભૂદાનની સમસ્યાઓ અંગે સરકારમાં રજૂઆત કરતા રહ્યા છે. એમણે કહ્યું કે ભૂદાનને આપણે વ્યવસ્થિત રીતે કાયદાકીય ઢાંચામાં ન લાવી શક્યા તેને કારણે કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. પણ જો આપણે સક્રિય થઈએ તો પ્રશાસન પણ અનુકૂળ થાય છે તેવો મત રજૂ કર્યો. સમયની મર્યાદાને કારણે ભૂદાનની આ સમસ્યાઓ, એના નિરાકરણ અંગે એમના પ્રયત્નોની વિગતે જાણકારી માટે થોડા મિત્રો એમની સાથે ભોજન પછી પણ બેઠા. આ ત્રીજા સત્રનું સમાપન કરતાં હરદોઈ (ઉ.પ્ર.)નાં કુસુમબહેને જણાવ્યું કે શાળામાં ભૂદાન વિશે થોડું ભણવામાં આવ્યું હતું, પણ અહીં ઘણી નવી વાતો જાણવા મળી. પોતે ભૂદાનયજ્ઞ વખતે પ્રત્યક્ષ હાજર રહ્યાં ન હતાં પણ પોતાની સંસ્થાના માધ્યમથી એ જમીનની વહેંચણી કરવાના કામમાં ભાગીદાર બન્યાં હતાં અને કેટલીક બિનઉપજાઉ જમીનને ઉપજાઉ કરવાનું કામ પણ કર્યું.

સાંજના ચોથા સત્રનું સંચાલન ઈંદોરની કૉલેજમાં અધ્યાપક એવા પુષ્પેન્દ્ર દુબેએ કર્યું. એમના પિતા નરેન્દ્ર દુબે વિનોબાજી સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા એટલે વિનોબાવિચાર તો એમને ગળથૂથીમાં મળ્યો હતો. એમણે આજની યુવાપેઢી – ટેકનોલોજી વગેરેની વાતો જોડીને જણાવ્યું કે યુવાપેઢી સમક્ષ યોગ્ય રીતે વાતો મુકાય તો એ ઝીલવા તૈયાર હોય છે. આ સત્ર આગલા દિવસે થયેલ જૂથચર્ચાના રિપોર્ટીંગ અને પ્રશ્નોત્તરી માટે રાખ્યું હતું. એમાં સાતેય જૂથે પોતાનાં તારણો રજૂ કર્યાં. રાતના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીત-નૃત્યની રજૂઆત સાથે ભૂદાન અને વિનોબાજીના જીવન આધારિત નાટક પણ રજૂ થયાં.

૧૭ નવેમ્બરની સવારે પ્રાર્થના પછીના સત્સંગમાં નાસિકનાં નિલુતાઈ નાવરેકરે સપ્તશક્તિ અંગે રજૂઆત કરી. તે પછી ૯ વાગ્યે પાંચમા અને છેલ્લા સત્રનું સંચાલન ચતુરાબહેને કર્યું. સૌથી પહેલાં મિઝોરમના કૃષિ વિજ્ઞાની ડૉ. ઓમપ્રકાશ સિંહે 'પાંચ પાંડવ'ની મનોરમ કલ્પના રજૂ કરતાં જણાવ્યું કે આ પાંચ પાંડવ એટલે કે આંબળાં-જમરુખ-બેલ-લીંબુ અને લીચીને અનુક્રમે મા-પિતા-ગુરુ-શહીદો અને ધરતી-સમાજના નામે ઉછેરવાની અપીલ કરી. તે પછી અહીં થોડાં વર્ષોથી નિયમિત આવતા યુવાસાથી કાર્તિકેય કે જેનું શિક્ષણ ગાંધીગ્રામ વિશ્વ-વિદ્યાલય, તામીલનાડુથી થયું છે અને અત્યારે નેપાળમાં યોગશિક્ષણમાં સક્રિય છે એમણે પોતાની વાત મૂકી. ગુરુકુળ પદ્ધતિ આધારિત શિક્ષણક્ષેત્રે કાર્યરત એવા બીજા યુવા સાથી બૃજેશભાઈએ પણ કેટલીક વાતો-પ્રશ્નોની રજૂઆત કરી. એવાં જ બીજાં પૂણેનાં પ્રાચીબહેન કે જે વ્યવસાયે વકીલ છે અને ધુળિયા (મહારાષ્ટ્ર)ની ગૌશાળામાં પોતાની સાથે બીજાં ૧૨ બાળકોને રાખીને એના શિક્ષણ-ઉછેરની જવાબદારી સંભાળી રહ્યાં છે. એમણે પણ પોતાના અનુભવોની વાત કરી. ઝારખંડના જોગેશ્વર મહંતોએ જણાવ્યું કે ભૂદાન વિશે મને કોઈ જાણકારી નહોતી. અહીં આવીને ઘણું જાણવાનું મળ્યું. એમના સાથીઓ સાથેનું જૂથ બિહારના શત્રુઘ્ન ઝાની પ્રેરણાથી પોતાના વિસ્તારમાં મહુડામાંથી દારૂ બનાવાતો હતો એ બંધ કરાવીને લોકોને એમાંથી મીઠાઈ-લાડુ વગેરે બનાવવાના કામમાં જોડીને વૈકલ્પિક દિશાનાં કામોમાં કાર્યરત છે એની વાત પણ કરી.

તે પછી ઉ.પ્ર. સરકારમાં સંયુક્ત સચિવપદેથી નિવૃત્ત શ્રી અજય પાંડેએ પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું કે હું ચિરયુવા, વિનોબાનો ઉપાસક છું. ગુજરાતની લોકભારતી સંસ્થા 'લોકબંધુ' નામથી યુવા કાર્યકર્તાઓ માટે એક યોજના ચલાવે છે. એના સંયોજક અમિત શાહે આ યોજનાની વિગતે વાત રજૂ કરી. આ યોજનામાં બલીયાના કેટલાક યુવામિત્રો ઉપરાંત બંગાળની અલીશા પણ જોડાય છે. એણે પણ પોતાના કામ અંગે રજૂઆત કરી. રૂપાયતન-વિદ્યાભારતી ટ્રસ્ટ, અમરેલીની શિક્ષણસંસ્થાના રવજીભાઈએ જણાવ્યું કે આપણાં શિક્ષકો-વિદ્યાર્થીઓએ વિનોબાના વિચાર જાણવા જોઈએ. આસામના મૈત્રી આશ્રમનાં ચંપાબહેને પોતાના આશ્રમની કેટલીક માહિતી આપી. શાહજહાંપુર (ઉ.પ્ર.)નાં વિમળાબહેને મહિલા સશક્તિકરણની વાત કરતાં જણાવ્યું કે અમારી ત્રિઉપાસના ચાલે છે – સ્ત્રી ઉપાસના, ગૌમાતાની ઉપાસના અને ધરતીની ઉપાસના. તેમણે જણાવ્યું કે એમના વિનોબાઆશ્રમ થકી લગભગ ૪૦ ગામોમાં શિક્ષણની જ્યોત ઝળહળે છે. અંતમાં અમિત સરોદેએ પોતાની વાત મૂકતાં જણાવ્યું કે, આજના સમયમાં આપણે પેન પણ બીજાને આપતા અચકાઈએ છીએ ત્યારે લોકોએ કેવી રીતે લાખો એકર જમીન વિનોબાને ભૂદાનમાં આપી દીધી હશે ?

ત્રિદિવસીય સંમેલનનું સમાપન કરતાં ઉષાદીએ જણાવ્યું કે એ ભૂદાનયજ્ઞ હતો. આપણે જ્યારે યજ્ઞ કરીએ છીએ તો શાંતિ સ્થપાય છે. તે પછી એમણે યજ્ઞ-દાન-તપની વાત વિસ્તારથી સમજાવી. અંતમાં આશ્રમનાં વડીલ ગંગામાએ વૈદ્યનાથધામ અને કલકત્તાના પ્રસંગોનું સ્મરણ કરીને આશીર્વચન આપ્યાં. અને છેલ્લે 'શુભ મંગલ હો' તેમજ જ્ઞાનદેવ મહારાજના 'પસાયદાન' ગાન સાથે સંમેલનની પૂર્ણાહુતિ થઈ.

'મૈત્રી'નાં કંચનબહેનના લેખ આધારિત **– પારુલ દાંડીકર**

## યુવા શિબિર : 'સમાજધર્મ અને સમાજધર્મીઓ'

**'ચિ**રંતન ગાંધીવિદ્યા કેન્દ્ર' દ્વારા પ્રતિ વર્ષ યુવા શિબિર યોજાય છે, તેમ ગ્રામસ્વરાજ સંઘ, નીલપરના સોનટેકરી પરિસર પર, ફેબ્રુઆરી ૨૦-૨૧-૨૨ના રોજ યોજાશે. યુવાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાજકાર્ય સાથે જોડાય તે માટે વ્યાખ્યાનો અને ગોષ્ઠિના સ્વરૂપમાં કામ થશે. સમાજકાર્ય કરતી વેળા જે પ્રશ્નો-સમસ્યાઓ આવે છે તે સમજવા અને તેની સામે કેમ ઝઝૂમવું, કેવી માનસિકતા અને અભ્યાસપરકતા કેળવવી, તેની વાત વિવિધ વક્તાઓ દ્વારા મુકાશે. અત્યારે જે વક્તાઓ અને સંવાદકર્તાઓ અપેક્ષિત છે તેમાં : હિમાંશીબહેન શેલત, શરીફાબહેન વીજળીવાળા, કોકિલાબહેન વ્યાસ, સોનલબહેન પરીખ, મીનળબહેન દવે, હસમુખભાઈ પટેલ, લીલાધરભાઈ 'અધા', પ્રકાશભાઈ આમટે. વિશેષ વિગતો અને નોંધણી માટે શ્રીરમજાનભાઈ હસણિયા મો.: ૭૫૬૭૦૭૪૯૮૩



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - ૫

**આ** લેખમાળામાં હાલ આપણે સર્વોદય મંડળના પ્રમુખોનો ટૂંકો પરિચય મેળવી રહ્યા છીએ. આ લેખમાં આપણે પ્રમુખપદે રહેલા શ્રી ચૂનીભાઈ વૈદ્ય, શ્રી મણિભાઈ સંઘવી અને મહેન્દ્રભાઈ ભટ્ટનો પરિચય આપીશું.



○ **શ્રી ચૂનીભાઈ વૈદ્ય** તા. ૬-૪-૮૭થી ૧૩-૫-૯૦ના રોજ મણિભાઈ સંઘવી પ્રમુખ બન્યા ત્યાં સુધી પ્રમુખપદે રહ્યા હતા. તા. ૧૬-૧૦-૨૦૨૫ના ભૂમિપુત્રમાં તેમનો એકદમ ટૂંકો પરિચય ભૂમિપુત્રના શરૂઆતના સંપાદક તરીકે આપ્યો હતો.

ભાઈ કેતન રૂપેરાને ચૂનીભાઈના જીવનમાં 'કર્મ અને કલમની જુગલબંધી' દેખાઈ. સર્વોદય મંડળને ચૂનીભાઈના કર્મનો લાભ અને કલમનો પણ લાભ મળ્યો છે. ચૂનીભાઈના કર્મમાં રચના અને સંઘર્ષનો સમન્વય હતો. ભૂમિપુત્રના સંપાદક તરીકે તેમની કલમનો લાભ 'ભૂમિપુત્ર'ને સારાં એવાં વર્ષો સુધી મળ્યો છે.

વર્ષ ૧૯૧૮માં જન્મેલા ચૂનીકાકાએ ૧૯૩૦ દાંડીકૂચ વખતે ૧૨ વર્ષની વયે ગાંધીજીનાં દર્શન કર્યાં હતાં. મેટ્રીક સુધી ભણ્યા પછી સુરતની મ્યુનિસિપાલીટીમાં ક્લાર્ક તરીકે કામ કર્યું. થોડોક સમય બેલગામ, (કર્ણાટક) કાલિકટમાં કામ કરી, ગુજરાત આવી મુણુંદ ગામ (જિ.પાટણ)માં ગણિતના શિક્ષક બન્યા, પછી હેડ માસ્તર બન્યા. ત્યારબાદ ગાંધી સ્મારક નિધિ દિલ્હીમાં દોઢ વર્ષ કામ કરી, અમદાવાદ આવી ગાંધી સ્મારક સંગ્રહાલયના કામમાં જોડાયા. તેમજ 'ભૂમિપુત્ર'ના કામમાં પ્રબોધ ચોક્સી અને નારાયણ દેસાઈને મદદ કરવા લાગ્યા હતા.

વિનોબાની સૂચનાથી કાશી જઈને 'સર્વ સેવા સંઘ'ના પ્રકાશનની જવાબદારી સંભાળી હતી. ત્યાર બાદ રાધા કૃષ્ણ બજાજના સૂચનથી વિનોબાજીની ભૂદાન 'આસામ યાત્રા' પહેલાં ત્યાં જરૂરી વાતાવરણ ઊભું કરવા આસામ પહોંચ્યા. આસામમાં ૧૨ વર્ષ રહ્યા. ભૂદાનનું કામ કર્યું. વર્ષ ૧૯૭૧-૭૨માં બિહારના સહરસા જિલ્લામાં ભૂદાન-ગ્રામદાનની પ્રવૃત્તિ કરી. ત્યારબાદ કાશીમાં પોણાબે વર્ષ પ્રકાશનનું કામ કરી સેવાગ્રામમાં થોડા મહિના રહીને ૧૯૭૪માં ગુજરાત આવીને કાન્તિભાઈ શાહ સાથે ભૂમિપુત્રના સંપાદનમાં જોડાયા.

ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીનો વિરોધ કર્યો. સેન્સરશીપને અવગણીને ભૂમિપુત્રમાં પ્રતિબંધિત લેખો છાપતા રહ્યા. ભૂમિપુત્ર પ્રેસ સીલ કરવામાં આવ્યું. કાકા સાત મહિના જેલમાં રહ્યા.

વર્ષ ૧૯૭૯ સુધી ભૂમિપુત્રના સંપાદક પદે રહ્યા. તે પછી અમદાવાદ આવીને લોકસમિતિના નેજા તળે રચનાત્મક અને આંદોલનાત્મક કામ કરતા રહ્યા. તેમજ લોકસંપર્ક માટે 'લોકસ્વરાજ' સામયિક શરૂ કર્યું. કાકાએ ૧૯-૧૨-૨૦૧૪માં અમદાવાદમાં દેહ છોડ્યો ત્યાં સુધીમાં તેઓ અનેક આંદોલનોમાં સક્રિય રહ્યા. આ અંગે વધુ રસ ધરાવતા મિત્રોએ ગ્રંથ 'અગ્નિ પુષ્પ' - ચુનીભાઈ વૈદ્ય સ્મૃતિગ્રંથ વાંચવો રહ્યો.

○ **શ્રી મણિભાઈ સંઘવી** ૧૩-૫-૯૦ને રોજ મંડળના પ્રમુખ બન્યા. મહેન્દ્રભાઈ ભટ્ટ તા. ૧૨-૭-૯૨ના રોજ પ્રમુખ બન્યા ત્યાં સુધી મણિભાઈ પ્રમુખપદે કાર્યરત રહ્યા.



શ્રી મણિભાઈનો જન્મ કચ્છના રાપર તાલુકામાં તા. ૨-૨-૧૯૨૧ના રોજ થયો હતો. વર્ષ ૧૯૪૧માં મેટ્રિકની પ્રિલિમરી પરીક્ષામાં નપાસ થયા અને તેમનું સ્કૂલનું વિદ્યાર્થી જીવન પૂરું થયું. ત્યાર બાદ ખાદીકામમાં રસ લેવા માંડ્યો. અને ફતેગઢમાં ખાદી કાર્યાલય શરૂ કર્યું. તેના દ્વારા રાહતનાં કામો પણ કરવા લાગ્યા. ૧૯૪૫માં ફતેગઢ છોડીને કેટલીક સંસ્થાઓની મુલાકાત લીધી તેમજ સામાજિક કાર્યકરોને મળતા રહ્યા. તા. ૧૯-૨-૪૬થી અગિયાર માસ વેડછી આશ્રમમાં જુગતરામભાઈ દવે સાથે વીતાવ્યા. ત્યાં નરહરિભાઈ પરીખ, બબલભાઈ મહેતાનો પરિચય થયો. ત્યાં રહ્યા તે દરમ્યાન વણાટકામ શીખ્યા.

૧૯૪૭માં વેડછી છોડીને કચ્છમાં પાછા આવ્યા. અને ખાદીકામ કરવા લાગ્યા. વર્ષ ૧૯૪૮-૪૯માં કચ્છમાં પડેલા દુષ્કાળમાં લોકોને રોજી પૂરી પાડી તેમજ રાહતનાં કામો પણ કર્યાં.

વર્ષ ૧૯૫૧ હૈદરાબાદ પાસે શિવરામપલ્લીમાં યોજાયેલ સર્વોદય સંમેલનમાં જઈ આવ્યા. ત્યાંથી આવ્યા પછી વર્ષ ૧૯૫૨માં ખેડૂતોના પ્રશ્ને સક્રિય થયા. ૬-૧૦-૧૯૫૨ના રોજ રાપરમાં 'રાપર તાલુકા ખેડૂત મંડળ'ની સ્થાપના કરી.

વર્ષ ૧૯૫૩માં બિહારના ચાંડીલ મુકામે ભરાયેલ સર્વોદય સંમેલનમાં તેમણે ભાગ લીધો. કચ્છમાં ભૂદાન પ્રવૃત્તિ ચાલુ કરી. રવિશંકર મહારાજની કચ્છ ભૂદાનયાત્રા ૧૬-૧૦-૧૯૫૩ થી ૨૫-૧૦-૧૯૫૩ સુધી ચાલી. કચ્છમાં કુલ ૧૧૦૦૦ એકર જમીન ભૂદાનમાં પ્રાપ્ત થઈ અને શાણપુર તેમજ જડસા - બે ગામો ગ્રામદાની ગામો બન્યાં. ભૂદાન સાથે હરિજન પ્રવૃત્તિ અને કોળી સમાજના વિકાસ તેમજ શિક્ષણની પ્રવૃત્તિ તેઓ કરતા રહ્યા.

૧૯૬૫-૬૬માં કચ્છમાં દુષ્કાળ પડતાં ભણશાલી ટ્રસ્ટ સાથે રહી ઠેર ઠેર ઢોરવાડા અને રાહતનાં કામો કર્યાં. સરકારે લાદેલી કટોકટી સામે કચ્છમાં ૩૦-૧-૭૭થી બાપુ નિર્વાણ દિન સુધી પદયાત્રાનું આયોજન કર્યું. વર્ષ ૧૯૭૮માં નીલપર (રાપર પાસે)માં ગ્રામ સ્વરાજ સંઘની સ્થાપના કરી વિવિધ પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. ૧૯૭૯માં મચ્છુ બંધ હોનારત વખતે કચ્છના વાગડ વિસ્તારમાં પણ વ્યાપક નુકસાન થયું. ૫૬ ગામોમાં ૩૯૬ નવાં મકાનો ભણશાલી ટ્રસ્ટના સહયોગથી બાંધ્યાં. વર્ષ ૧૯૮૭-૮૮માં કપરા દુષ્કાળમાં ૩૮૪ લાભાર્થીઓના કૂવા ઊંડા કરાવ્યા. ગુજરાતમાં કોમી દાવાનળ વખતે સ્નેહ-સદ્ભાવ યાત્રા કચ્છના અશાંત વિસ્તારોમાં કરી.

વર્ષ ૧૯૯૦માં તેઓ સર્વોદય મંડળના પ્રમુખ બન્યા. ગુજરાત રાજ્ય ખાદીગ્રામોદ્યોગ બોર્ડના તેઓ સદસ્ય પણ બનેલા. વર્ષ ૧૯૯૫માં તેમને અશોક ગોંધિયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. વર્ષ ૨૦૦૧ની ૨૬મી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાન્યુઆરીએ કચ્છમાં આવેલા ભૂકંપથી નીલપર, વલ્લભપુર, સેલારી અને રતનપુર સંસ્થાનાં મકાનો ધ્વસ્ત થયાં હતાં. રમેશભાઈ સંઘવી સંસ્થાની જવાબદારી સંભાળતા હતા. પરંતુ રમેશભાઈને હૃદયનો હુમલો આવતાં મણિભાઈએ થોડો સમય સંસ્થાની ધૂરા સંભાળી હતી. તા. ૬-૧૦-૨૦૦૮ શુક્રવારના દિવસે તેમણે ૮૭ વર્ષની પાકટ ઉંમરે દેહ છોડ્યો.

❍ **મહેન્દ્રભાઈ ભટ્ટ** તા. ૧૨-૭-૧૯૯૨ના રોજ ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ બન્યા.



મહેન્દ્રભાઈ ભાવનગરના શ્રી આત્મારામ ભટ્ટ, જે ગાંધીયુગના એક અઠંગ સત્યાગ્રહી હતા તેમના દીકરા છે. શાળાકીય અભ્યાસ પૂરો થતાં રજાઓમાં મોટા ભાઈ અરુણભાઈની પોરબંદરથી પંઢરપુર સુધીની ૫૦૦ માઈલ લાંબી પદયાત્રામાં જોડાયા હતા. સાયન્સ કૉલેજમાં ભણતાં ભણતાં નરહરિ પરીખનું 'માનવ અર્થશાસ્ત્ર' પુસ્તક વાંચ્યું હતું. મોરબી કૉલેજમાંથી સાદગીથી ભણી બી.ઈ. ઇલેક્ટ્રીકલની ડિગ્રી હાંસલ કરી. ત્યારબાદ ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ (જી.ઈ.બી.)માં થોડો સમય નોકરી કરી. પણ સહકર્મચારીઓનો ગ્રાહકો સાથેનો આર્થિક વ્યવહાર જોઈને તેમણે નોકરી છોડી દીધી. વિનોબાજીની ભૂદાનયાત્રા ૧૯૫૮માં ગુજરાતમાં ચાલી તેમાં વિનોબાનાં પ્રવચનો ટાઈપ કરવાનું કામ કર્યું.

ત્યારબાદ તરુણ શાંતિસેનામાં જોડાઈ બિહારના દુકાળના કામે લાગ્યા. થોડોક સમય ઉત્તર ગુજરાતમાં ડૉ. જોષી સાથે કામ કર્યું. તેમની સાથે ૫૦૦ ગામોમાં ફર્યા. કૉલેજોમાં વ્યાખ્યાનો આપ્યાં. પછી ભરૂચમાં જગદીશભાઈ લાખીયા સાથે સામાજિક કામમાં જોડાયા. વર્ષ ૧૯૭૬માં રાજપીપળા પાસેના માંગરોળ ગામે 'પ્રયાસ' સંસ્થા સ્થાપી ગ્રામવિકાસ અને માનવીય ટેકનોલોજીના પ્રચાર-પ્રસારનું કામ ચાલુ કર્યું. તેમની સાથે ભારતીબહેન ભટ્ટ પણ જોડાયાં. વર્ષ ૧૯૮૩માં ઇજનેર મિત્રોનું 'માનવીય ટેકનોલોજી ફોરમ' બનાવ્યું. મે ૧૯૮૭માં એગ્રોપોલીટીન ડીસ્ટ્રીક્ટ - ખેતી આધારિત ગ્રામ વસાહતની વિભાવના મહેન્દ્રભાઈએ રજૂ કરી.

ઓગસ્ટ ૧૯૮૭માં ગ્રામ પોલિટેકનિકની વિભાવના રજૂ કરી. માંગરોળ રામપુરા કેમ્પસ પર ગ્રામ પોલિટેકનિક ચાલુ કરવા ૩-૪ વર્ષ સારો એવો પ્રસ્તન કર્યો. પણ કલ્પેલું સ્વપ્ન સાકાર ન થયું. પણ વિવિધ ટ્રેનિંગ કેમ્પસ ચલાવ્યા. સંમેલનો યોજાતાં રહ્યાં તેમાં તેઓ સારા એવા પ્રમાણમાં સક્રિય રહ્યા. ત્યારબાદ સજીવ ખેતીના પ્રયોગો અંગે બદ્રીભાઈ જોષી, અશોક રાઠી સાથે તણછા આજુબાજુનાં ગામોમાં કામ થયું. સાથે સાથે 'પ્રયાસ' સંસ્થા દ્વારા નર્મદા અને ગરુડેશ્વર તાલુકાનાં ૭૫ ગામોમાં ગ્રામ વિકાસનાં કામો આજે પણ કરી રહ્યા છે.

ભારતીબહેને બાળકો અને મહિલાઓના વિકાસ માટેનાં કામો વિકસાવ્યાં. પ્રયાસ સંસ્થા ડોક્ટરના સહકારથી આરોગ્ય જાળવણીનાં કામો પણ કરી રહી છે. આજે ૮૫-૮૬ વર્ષની વયે પણ મહેન્દ્રભાઈ સક્રિય રહ્યા છે. ભૂમિપુત્રના સંપાદક શ્રી કાન્તિભાઈ શાહનું વર્ષ ૨૦૧૨માં મૃત્યુ થતાં ભૂમિપુત્રના

(જુઓ પાન નં. ૧૫)

# વાંચન થાળ

આપણે ૧૬-૧૨-૨૦૨૫ના ભૂમિપુત્રમાં કલાગંગોત્રી ગ્રંથ ૨૬-૨૭ અને ૨૮નો ટૂંકો પરિચય આપ્યો હતો. આ અંકમાં ગ્રંથ ૨૯ તેમજ કલાગંગોત્રીનાં અન્ય પ્રકાશનો પર નજર નાંખીશું.

■ **પ્રકાશક – રમણીક ઝાપડિયા,** કલાતીર્થ ટ્રસ્ટ, રંગ, ૧૮ રાજનન સોસાયટી વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ મો.: ૯૮૨૫૬૬૪૧૬૧

❍ કલા ગંગોત્રી ગ્રંથ ૨૯ - લોકકલાવિદ્ રામસિંહજી રાઠોડનું સંસ્કૃતિ ચિંતન, સંપાદક - હરેશ ધોળકિયા.

❍ સંશોધન ગ્રંથ - ૧, કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન સંસ્થાન - કલા-સંસ્કૃતિ વિષયક પુરસ્કૃત લેખોનો સંચય- ।। કલા-અન્વેષણા ।। સંપાદક - નિસર્ગ આહીર.

❍ કલાતીર્થ ૦ સંસ્કૃતિ સંવર્ધક એવોર્ડ - ૨૦૨૫ ૦ પુરસ્કાર વિતરણ : કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન પ્રકલ્પ - ૨૦૨૫નો અહેવાલ. ૦ પુસ્તક : કચ્છની ધરોહર.

● લોકકલાવિદ્ રામસિંહજી રાઠોડનું સંસ્કૃતિ ચિંતન, સંપાદક - હરેશ ધોળકિયા, પૃષ્ઠ-૧૯૦. પ્રથમ આવૃત્તિ ૧૬-૮-૨૦૨૫.


સૌ પ્રથમ આપણે રામસિંહજીનો પરિચય મેળવીએ. તેમનો જન્મ ૮ ડિસેમ્બર ૧૯૧૭ના રોજ ભુવડ - તા. અંજાર ગામે થયો હતો. તેમણે ફોરેસ્ટ્રીમાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો હતો. તેમજ સરકારની આઈ.એફ.એસ.ની પદવી પ્રાપ્ત કરીને ગુજરાતના વનવિભાગમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપી હતી. સાથે સાથે સંશોધનાત્મક લેખો લખતા રહ્યા હતા. લેકકલા સંશોધન, પ્રદર્શન, ફોટોગ્રાફી વગેરે પ્રવૃત્તિઓ ચલાવી અને તેને પ્રોત્સાહિત પણ કરી. તેમનું વધારે ધ્યાન કચ્છ પર રહ્યું. કચ્છનું સંસ્કૃતિદર્શન પુસ્તક લખ્યું.

વર્ષ ૧૯૯૩માં ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - ભૂજ-કચ્છ, સોસાયટીની સ્થાપના કરી. ૨૫ જૂન ૧૯૯૭માં રામસિંહજીનું અવસાન થયું. સંસ્કૃતિ ચિંતન પુસ્તકના પાછલા ભાગમાં નીતાબહેન જોષીએ રામસિંહજીભાઈ તેમજ તેમના પરિવારનો પરિચય આપ્યો છે.

સંપાદક હરેશભાઈ લખે છે - કચ્છને જાણવા ઇચ્છનાર અને તેનો અભ્યાસ કરનાર માટે આ ગ્રંથનો પરિચય અને અભ્યાસ અનિવાર્ય છે. રામસિંહજીભાઈને જાણે કચ્છ વિષે બધું જ કહી દેવાની એક ઝંખના છે.







YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રામસિંહજીભાઈએ પોતાના ઘરમાં 'ભારતીય સંસ્કૃતિ દર્શન - કચ્છ' નામે મ્યુઝિયમ ઊભું કર્યું હતું. તેમણે વિવિધ સામયિકોમાં તથા વર્તમાનપત્રોમાં પુષ્કળ માહિતી લેખો લખ્યા અને (તે દ્વારા) કચ્છ વિષે જ્ઞાન પ્રસરાવતા રહ્યા.

આ પુસ્તકમાં કચ્છની સંસ્કૃતિ, ઇતિહાસ, સ્થળો વગેરે અંગેના લેખો છે. તેમના લેખોમાં ઊંડાણ છે, લેખો ફિલ્ડ વર્ક અને ઊંડા સંશોધનનું પરિણામ છે. સાહિત્યિક ભાષામાં જાણે નકશીકામ કર્યું હોય એવો સૌન્દર્યબોધ તેમના લેખોમાં દેખાય છે. પુસ્તકમાં ૧૮ લેખો છે, જેમાં કચ્છનું લીંપણ, ભીંતચિત્રો, કચ્છનાં કીર્તિમંદિરો, કચ્છની સંસ્કૃતિ, કચ્છનો ઇતિહાસ, ભૂજનું મ્યુઝિયમ, મહારાવ લખપતજી, ભદ્રેશ્વર, સહજાનંદ સ્વામી, શ્રેયસ લોકસંગ્રહાલય, કચ્છનો પુરાતત્ત્વ વારસો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ પુસ્તક માત્ર ચિત્રો કે ફોટા જોઈ લીધા એટલે સમજાઈ ગયું તેવું નથી. નિરાંતે વાંચવું પડે.

પ્રકરણ-૩માં કચ્છના પ્રાચીન ઇતિહાસમાંની વિગતો જાણવા જેવી છે. ઇ.સ. પૂર્વે ૧૪૨ થી ૧૨૪ સુધી કચ્છ મિનાન્ડરના ગ્રીક રાજ્યનો એક ભાગ ગણાતું હતું. ત્યાર બાદ શકો, પછી વિક્રમાદિત્ય, ફરી પાછા શકો, પછી પાર્થિયનો, ત્યારબાદ સૌરાષ્ટ્રના શાહ રાજાઓ, ત્યારબાદ ૨ વલ્લભી રાજાઓ આવ્યા. મધ્યયુગમાં ચાવડાઓ, ત્યારબાદ થોડા ભાગમાં આરબો પછી સિદ્ધરાજ જયસિંહ પછી વાઘેલાઓ ત્યારબાદ લાખા ફુલાણીનું રાજ્ય આવ્યું.

પ્રકરણ-૪માં કચ્છના ભૂમિ બંધારણ અંગેની માહિતી છે. ભૂમિ બંધારણમાં ફેરફાર થતા રહ્યા છે, જેનાં મુખ્ય કારણોમાં ભૂકંપ છે. ઈ.સ.૧૮૧૯માં એક મોટો ધરતીકંપ થયો હતો. તે વખતે લખપત ઉપરનો લગભગ ૬૦ ચોરસ માઈલ જમીનનો વિસ્તાર ઊંચોનીચો થઈ ગયો. આ ઊંચાણ 'અલ્લાહ-બંધ'ના નામે ઓળખાય છે. આના કારણે સિંધુ નદીનું પાણી કચ્છ તરફ વળતું બંધ થઈ ગયું. લખપત તરફની એક વખતની ફળદ્રુપ જમીન રણ વિસ્તારમાં ઉમેરાઈ ગઈ. પુસ્તકના પાન નં. ૪૪ ઉપર કચ્છના ભૂસ્તરનો નકશો આપેલો છે.

કચ્છના ભૂસ્તરનાં પડોમાં પ્રાણીઓ અને વનસ્પતિના અમૂલ્ય અસ્મીભૂત અવશેષો સમાયા છે. જીઓલોજીના અભ્યાસ માટે કચ્છ મઝાનો વિસ્તાર છે. કચ્છ પ્રદેશમાં લાવારસ પણ રેલાયેલો છે. નદીઓના કાંપ, દરિયાકાંઠાના કીચડ, રેતી વગેરેનાં પડોનું બંધારણ કચ્છમાં બન્યું છે. કચ્છમાં ચિરોડી, લિગ્નાઇટ, ફટકડી, ચૂનાના પથ્થરો, ચીની માટી, મકાન બનાવવાના પથ્થરો ઉપલબ્ધ છે. મીઠાના ઉદ્યોગો માટે મોટી તકો છે.

આ પ્રકરણમાં કચ્છના પશુધન અને વન્યપ્રાણીઓની વિગતો આપેલી છે. યાયાવર પક્ષીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં દૂર દૂરથી આવે છે.

કચ્છના લોકસમાજમાં વિવિધતા ઘણી છે. બદલાયેલી રાજ્યસત્તાઓ સમાજઘડતરમાં પોતાની છાપ મૂકતી ગઈ છે. આહીર, સંઘાર, ચારણ, રબારી, મેઘવાળ, કણબી, સથવારા, સમા, હિંદુ કુંભાર, ભણશાળી, વાગડિયા રાજપૂત વગેરે કોમોની રહેણી-કરણી, વસ્ત્રાલંકારો પ્રાચીન સામાજિક રિવાજોનું સ્મરણ કરાવે છે.

કચ્છમાં કેટલીક શિલ્પકૃતિઓ મંદિરોમાં જોવા મળે છે. કોટાઈના શિવ-મંદિરની દીવાલો પર પ્રાણવાન શિલ્પના નમૂના જોવા મળે છે.

પુસ્તકમાં પ્રકરણ-૬ કચ્છી રાજવંશ માટે ફાળવ્યું છે. કચ્છ ઉપર ૪૩૮ વર્ષ સુધી જાડેજા વંશના ૧૮ રાજવીઓનું શાસન ચાલ્યું છે. પુસ્તકમાં આયના મોલ, મદનસિંહજી મ્યુઝિયમ કચ્છના ઇતિહાસ તથા કલા-કૌશલ્યનો સારો એવો ખ્યાલ આપે છે. પ્રકરણ ૮માં ભુજના મ્યુઝિયમનો ઇતિહાસ આપ્યો છે તેમજ સંગ્રહાલયના ફોટા પણ આપ્યા છે.

કચ્છ અને સહજાનંદ સ્વામી અંગેની વિગતો પણ પુસ્તકમાં આપેલી છે. સ્વામીએ કરસેવા કરીને ભૂજનું સ્વામીનારાયણ મંદિર બાંધ્યું હતું. ઈ.સ. ૧૮૦૪માં સહજાનંદ સ્વામી કચ્છમાં આવ્યા હતા. ઘેર ઘેર ફરીને ધર્મની વાતો કરી હતી.

પ્રકરણ ૧૫માં રામસિંહજીભાઈએ કુમારના સંપાદક શ્રી બચુભાઈ રાવતને યાદ કર્યા છે. બચુભાઈના પ્રેમભર્યા આગ્રહથી 'કુમાર'માં કચ્છ અંગેના વિવિધ લેખો લખ્યા. વનવિદ્યા અને વનસ્પતિના અભ્યાસની સાથે સાથે ભૂસ્તરીય અભ્યાસને પણ વધુ વિકસાવવા સૂચવ્યું. કુમારમાં રામસિંહજીના લેખો છપાવા લાગ્યા. બચુભાઈ ખુદ કચ્છમાં પધાર્યા. કોટાયના વિખ્યાત શિલ્પસમૃદ્ધ પ્રાચીન શિવમંદિરની મુલાકાત પણ લીધી હતી. રાવતજી લીંપણકળા જોઈને ખુશ થયા હતા.

લોકકલાવિદ્ રામસિંહજી રાઠોડનું આ પુસ્તક કચ્છ અંગે જાણવા તેમજ કચ્છની કલા-સંસ્કૃતિને માણવા ખૂબ ઉપયોગી છે.

● 'કલા-અન્વેષણા' - કલા સંસ્કૃતિ વિષયક પુરસ્કૃત લેખોનો સંચય, સંપાદક : નિસર્ગ આહીર, પૃષ્ઠ ૨૫૬.

રમણીકભાઈ ઝાપડિયા લખે છે - સમૃદ્ધ ગુજરાત કલાક્ષેત્રે પાછળ ન રહી જાય તેવી ખેવના અને આશયમાંથી કલાતીર્થ ટ્રસ્ટનો જન્મ થયો છે. કલાકીય પ્રવૃત્તિઓને એની સમગ્રતામાં અપનાવીને એની ક્ષિતિજો વિસ્તારવી એ જ ઉદ્દેશ મુખ્ય છે. એ માટે કલાની સમજ આપતું પ્રકાશન કરવું, કલાનાં અનેક પાસાંઓને ઉત્તમ રીતે ઉજાગર કરતા કલા ગંગોત્રી ગ્રંથોને પ્રકાશિત કરવા એ મુખ્ય ઉદ્દેશ છે. અત્યાર સુધીમાં ૨૯ જેટલા માતબર ગ્રંથો પ્રકાશિત કરી શકાયા છે એનો આનંદ છે.

કલાતીર્થનો બીજો એક આશય ગુજરાતી ભાષામાં કલા-સંસ્કૃતિ વિષયક સંશોધન અને લેખન કરનારા નવા, યુવાન લેખકોને પ્રોત્સાહિત કરીને પ્રેરિત કરવાનો છે. આ માટે 'કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન સંસ્થાન'નો શુભારંભ કરવામાં આવ્યો છે. નવા યુવા લેખકો, સંશોધકો તરફથી અનેક લેખો પ્રાપ્ત થયા. તેમાંથી ૧૩ જેટલા સંશોધનલેખોને 'સંશોધન ગ્રંથ-૧'માં સમાવવામાં આવ્યા છે.

આ ગ્રંથના સંપાદક ભાઈ નિસર્ગ આહીરે સંપાદકીય નોંધ 'કલા-સંસ્કૃતિનો પ્રકાશાંકિત પથ' ખૂબ જ સુંદર લખી છે.

- વૈશ્વિક લીલામાં આપણે કાલદેવતાના એક અંશ સિવાય કશું નથી. નાશવંત માનવનાં સંસિદ્ધ થયેલ કર્મનાં પદચિહ્નો માત્ર શેષ રહે છે.
- અક્ષરસંપદા અનેકના ચિત્તમાં પ્રકાશ પાથરનાર પથનું કાર્ય કરે છે.
- શબ્દસાધકનું વાણીમય કે લિપિમય અક્ષરરૂપ એટલે માનવ્યનો વિસ્તાર.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

- શબ્દ થકી ઋત પ્રગટ થવું જોઈએ.

- શબ્દનું પ્રાબલ્ય અવતરિત કરવા માટે સાધના કરવી પડે. અધ્યયન, મનોમંથન, ચિંતન, મનન, નિદિધ્યાસન થકી શબ્દગત સત્તા વિસ્તારવી પડે.

- જેમ સાહિત્યકાર જન્મે તેમ સંશોધક પણ જન્મતો હોય છે. સૌંદર્ય, રસ અને આનંદના રસ્તે રૂપસિદ્ધિ કરનારને સર્જક કહેવાય.

- સાહિત્યકાર રસાનંદના માર્ગે સવાઈ સૃષ્ટિ રચે, તત્ત્વચિંતક સર્વવ્યાપી વૈશ્વિક લીલાને ઉકેલી કોઈ દર્શન આપે, તે જ રીતે સંશોધક અનેક અભ્યાસોની કડીઓ જોડીને વિશેષ સત્ય પ્રગટ કરે છે.

- શબ્દની સર્વવ્યાપી સાધના વગર સર્જન, દર્શન અને સંશોધન અર્થહીન બની રહે છે. પુસ્તકનાં પાન નં. ૨૧ અને ૨૨ પર સંશોધન પુરસ્કાર પ્રકલ્પના વિષયોની યાદી આપી છે. પ્રસ્તુત પુસ્તકમાં ૧૩ સંશોધન લેખો પ્રગટ કરવામાં આવ્યા છે. નવી પેઢી તેમની રસ રુચિ પ્રમાણે વિવિધ વિષયોમાં સારી એવી માહિતી ભેગી કરીને આપણી સામે મૂકે છે.

ગુજરાતની કલાઓ અંગે કુલ ૬ લેખ છે. મુગલ ચિત્રકલાના ૨ લેખો છે. રાજસ્થાની કલા અંગે ૧ લેખ છે. દરેક લેખની આગવી વિશેષતા છે. પ્રથમ લેખ 'મુગલ ચિત્ર કલાનો વૈભવ'માં ૩૦ ઉપરાંત પાનાંમાં ચિત્રકલાના ઘણા બધા ફોટા આપવામાં આવ્યા છે. મુગલ ચિત્રકલા બે શૈલીઓનું મિશ્રણ છે - ભારતીય અને ઈરાની. બાબરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે તેની પાસે ૨૪૦ જેટલાં ઉત્તમ ચિત્રો હતાં. મુગલ ચિત્રકારોએ આંતરિક સૌંદર્યની અભિવ્યક્તિ માટે ભારતીય શૈલી અને બાહ્ય સૌંદર્યની અભિવ્યક્તિ માટે ઈરાની શૈલીનો ઉપયોગ કર્યો છે.

લેખ નં ૨માં લેખિકા નોંધે છે - આપણો સમાજ પુરુષપ્રધાન સમાજ છે. પુરુષપ્રધાન સમાજ હોવા છતાં કલા સાથેનું વધુ જોડાણ સ્ત્રીઓનું રહ્યું છે. એ પછી ચિત્રકલા હોય, સ્થાપત્યકલા, સંગીતકલા હોય, શિલ્પકલા હોય કે પછી સાહિત્યકલા હોય. કલામાં સાહિત્યમાં પ્રાચીન કાળથી નારી આલેખન પામી છે. કલામાં સૌંદર્યમયતા, લાવણ્ય, સુકોમળતા, શોભા, કાંતિ વગેરે જેવા ગુણોનો સમાવેશ થાય છે.

રાજપૂત શૈલીનાં લઘુચિત્રોમાં ચિત્રકારોએ ખાસ કરીને નાયિકાઓનાં વિવિધ રૂપોને આકર્ષક રીતે રજૂ કર્યાં છે. ઘણાં બધાં ચિત્રો દ્વારા વિવિધ પ્રદેશોની શૈલીમાંનાં નારીચિત્રો રજૂ કર્યાં છે. રાગ માલા સંબંધિત નારીનાં ચિત્રોને અલગ અલગ રીતે રજૂ કરવામાં આવ્યાં છે. પાટણનાં પટોળાં લેખમાં પટોળાનો ઇતિહાસ રજૂ કર્યો છે. પટોળાનિર્માણની પ્રક્રિયામાં ટેકનિકલ, પ્રોડક્શનની સારી એવી વિગતો આપી છે. પટોળાં કેમ મોંઘાં છે તેની વિગતો આપી છે. 'ગુજરાતનાં મ્યુઝિયમો' વાળા લેખમાં ૨૧ મ્યુઝિયમોની વિગતો આપી છે.

'જૈન ચિત્રકલા' લેખમાં ભારતીય પરંપરામાં કલાની વિભાવના પર ઘણી વિગતો આપી છે. ભારતીય ચિત્રકલાને ૦ પ્રાગ-ઐતિહાસિક ૦ પ્રાચીન ૦ મધ્યકાલીન ૦ રાજપૂત કાળ અને ૦ આધુનિક સમયની ચિત્રકલામાં વહેંચી શકાય. આ વિગતો પછી જૈન ચિત્રકલાની વિગતો આપી છે. આ ચિત્રકલાનાં મુખ્ય કેન્દ્રો ગુજરાત અને રાજસ્થાન રહ્યાં છે. જૈન ધર્મના તીર્થંકરો, દેવ-દેવતાની મૂર્તિઓ વગેરે તાડનાં પાંદડાં, લાકડાની પટ્ટીઓ અને કાગળ ઉપર ઉતારવામાં આવી છે.

આપણે આગળ નોંધ્યું છે તેમ સંશોધન - પુરસ્કાર પ્રકલ્પના ઘણા વિષયોની યાદી આપી છે. ભવિષ્યમાં આ વિષયો અંગેના સંશોધન લેખો આપણને વાંચવા મળશે તેવી આશા રાખવી રહી.

■ **કલાતીર્થ - સંશોધન પ્રકલ્પ-૨૦૨૫નો અહેવાલ :** આ અહેવાલમાં વિવિધ પ્રસંગોના ફોટા આપવામાં આવ્યા છે. કલાતીર્થ દ્વારા સંશોધન લેખો લખવાવાળાં ભાઈ-બહેનોનું બહુમાન કરતા ફોટા આપવામાં આવ્યા છે. કલાતીર્થ સાથે સંકળાયેલા સૌ માટે આ ફોટોઆલ્બમ એક સારું સંભારણું છે.

■ **પુસ્તક : કચ્છની ધરોહર - Herigate of Kachchh.**

શ્રી રમણીકભાઈ ઝાપડિયા આ પુસ્તકમાં એક નમ્ર પ્રાર્થના કરે છે-




આ ગ્રંથ આપની સંસ્કૃતિ પ્રીતિ, કલાચાહના રસિકતાને ધ્યાનમાં રાખીને મોકલી રહ્યા છીએ. અમારો આશય આ કલાજ્ઞાન વધારેમાં વધારે જનસમૂહ સુધી પહોંચે તે છે. ....પરંતુ 'પસ્તી ભંડાર' સુધી ન પહોંચી જાય તેનું ધ્યાન રાખશો. કલાતીર્થ ટ્રસ્ટનાં સઘળાં પ્રકાશનો છાતીસરસા ચાંપવા જેવાં હોય છે. ઘરેણાઓને તીજોરી કે લોકરમાં મૂકતા હોઈએ તેમ કબાટ કે પુસ્તકાલયની શોભામાં અભિવૃદ્ધિ થાય તેમ મૂકવાનું મન થાય તેવાં હોય છે. આપ આ જે સેવા બજાવો છો તે અજોડ છે. ઇતિહાસ તેની નોંધ લેશે. આપ આવાં પ્રકાશનો દ્વારા માત્ર કલાનો ઇતિહાસ રજૂ કરતા નથી પરંતુ તેનું સંવર્ધન પણ કરો છો. હવે તો નવી પેઢીને પણ આમાં જોડવા પ્રયત્ન કરી રહ્યા છો. આ પ્રશંસાપાત્ર કામ છે. ૧૦૭ પાનાંમાં દર બે પાને કચ્છની ધરોહરને ઉજાગર કરતાં ચિત્રો - ફોટોગ્રાફ આ પુસ્તકમાં આપેલાં છે.

દરેક સ્થળનું વર્ણન ગુજરાતી હિંદી અને અંગ્રેજીમાં આપેલ છે. પુસ્તકમાં ૦ ધોળાવીરા, ભૂજની ટંકશાળ ૦ ભુજની આલ્ફ્રેડ હાઇસ્કૂલ ૦ લખપતનો કિલ્લો ૦ લખપતમાં પીર ઘોષ મહમદનો કૂબો ૦ નાનીબા સંસ્કૃત પાઠશાળા ૦ કંથકોટ કિલ્લો (ભચાઉ તાલુકો) ૦ પ્રાગ મહેલ (ભૂજ) ૦ લખપતજીની છતરડી (ભૂજ) ૦ જમાદાર ફતેમહમ્મદનો ખોરડો (ભૂજ) ૦ મેકમર્ડોની કબર ૦ કેરા શિવ મંદિર, ઉપરાંત અન્ય ધરોહરો સાથે કુલ ૪૧ ધરોહરોના ફોટા પુસ્તકમાં આપ્યા છે. છેલ્લે ભુજના કચ્છ સંગ્રહાલયના ઘણા ફોટા આપ્યા છે. સાથે તેનો ઇતિહાસ પણ વર્ણવેલો છે. વર્તમાન મ્યુઝિયમ બિલ્ડીંગનો ૧૪ નવેમ્બર ૧૮૮૪ના રોજ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ સંગ્રહાલય વિકાસના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ આગવું સ્થાન ધરાવે છે.

**- રશાંસ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**સામાજિક અને રાજનીતિક...** (પાન ૭નું ચાલુ)

કરવાનો ઇન્કાર કરી દે તો શાસન દ્વારા કાર્ય નહીં કરી શકાય. ઈ.સ. ૧૯૨૦-૨૧માં ભારતમાં બ્રિટિશ શાસનનો વિરોધ કરવાને માટે અસહયોગના માર્ગને જ અપનાવાયો હતો. ગાંધીજીએ કહ્યું પણ હતું કે અસહયોગ એક નિષ્ક્રિય સ્થિતિ નથી. તે એક સક્રિય સ્થિતિ છે. અસહયોગ અવશ્ય જ અહિંસાત્મક હોવો જોઈએ, કેમ કે તેમાં ન તો બીજાને દંડ દેવાની ભાવના હોય છે અને ન તો એ બદલાની ભાવનાથી કરાય છે. અહિંસાની ભાવના ખરેખર આપણને અવશ્ય જ નમ્રતાની તરફ લઈ જાય છે. અહિંસાની ભાવનામાં આપણે એવી રીતે કાર્ય કરવું જોઈએ જે રીતે આંબો ફળ આપે છે ત્યારે ઝૂકી જાય છે, અને તેની શાન તેમાં જ છે.

**૨. સવિનય અવગણના**

સવિનય અવગણના સત્યાગ્રહનું બીજું રૂપ છે. તેને સશસ્ત્ર વિદ્રોહ કહી શકાય છે. ગાંધીજી કહેતા હતા કે અસહયોગ અને સવિનય અવગણના સત્યાગ્રહ નામના વૃક્ષની બે શાખાઓ છે. તેઓએ ઈ.સ. ૧૯૨૦માં 'યંગ ઇન્ડિયા'માં લખ્યું હતું કે, ''પ્રત્યેક સત્યાગ્રહી એ બધા કાયદાની અવગણના કરવાને માટે લાચાર છે જેને એ અન્યાયપૂર્ણ સમજતા હતા અને જે ફોજદારી નહોતા જેથી કરીને એ સરકારને પોતાની ઇચ્છાનુસાર ઝુકાવી શકે.''

તેઓ કહેતા કે પૂર્ણ સવિનય અવગણના એક શાંતિપૂર્ણ વિદ્રોહ છે. તે અવગણના અસૈનિક, ખુલ્લી અને અહિંસાત્મક હોવી જોઈએ. તે એક સશક્ત વિદ્રોહની સરખામણીએ વધારે ભયાનક છે, કેમ કે તેનું ક્યારેય દમન નથી થઈ શકતું, જો સત્યાગ્રહી વધુમાં વધુ કષ્ટ સહન કરવા તૈયાર હોય તો. નિર્દોષ કષ્ટ સહેવાની પૂર્ણ ક્ષમતા આંતરિક વિશ્વાસ પર આધારિત છે. ૧૯૩૦-૩૪માં ગાંધીજીએ સવિનય અવગણના આંદોલન ચલાવ્યું, જેમાં બહિષ્કાર વગેરે કેટલીય વાતો જેવી કે - વિદ્યાલયો, ન્યાયાલયો, વિદેશી કાપડ, સરકારી નોકરીઓ અને વ્યવસ્થાપિક સભાઓનો બહિષ્કાર વગેરે સામેલ હતા. સવિનય અવગણના અર્થાત્ નમ્રતા સાથે કાયદાનો ભંગ કરવો, તેના માટે સત્યાગ્રહીને ગમે તેટલી વખત સજા કેમ ન અપાય, યોગ્ય છે. અર્થાત્ સવિનય અવગણના એક અધિકાર છે જે પ્રત્યેક માનવીની પાસે રહે છે અને તે એનું પવિત્ર કર્તવ્ય બની જાય છે જ્યારે તે પ્રેમથી ઉત્પન્ન થાય છે.

**૩. હિજરત**

તેનો અર્થ છે - સ્વેચ્છાથી દેશ-ત્યાગ. એવી વ્યક્તિ જે પોતાને પીડિત અનુભવે છે અને પોતાના આત્મસમ્માનને કારણે એ સ્થાનમાં નથી રહી શકતી, એમના દ્વારા હિજરતનો પ્રયોગ કરી શકાય છે. ઈ.સ. ૧૯૪૮માં બારડોલીમાં, ૧૯૪૯માં જૂનાગઢ, વિઠ્ઠલગઢ વગેરેમાં તેઓએ લોકોને એ સ્થાનોને છોડી દેવાની સલાહ આપી હતી, જ્યાં તેઓના પર અત્યાચાર થઈ રહ્યા હતા. તે આંદોલનની મંજૂરી એ લોકોને ગાંધીજી આપતા હતા જેઓમાં ન તો સાચી અહિંસાની શક્તિ હતી અને ન તો હિંસા દ્વારા પોતાનું રક્ષણ કરવાની ક્ષમતા.

**૪. ઉપવાસ અને ધરણાં**

ગાંધીજીએ ઉપવાસને 'અગ્નિબાણ' કહ્યું છે. ઉપવાસ આત્મશુદ્ધિને માટે એક મહત્ત્વનું સાધન છે. ગાંધીજી કહેતા હતા કે સત્યાગ્રહની સૌથી સારી અને પૂર્ણ રીત ઉપવાસ જ છે. તેઓએ દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની સ્થિતિ સુધારવા માટે, ભારતમાં ૧૯૨૪માં હિંદુ-મુસ્લિમ એકતાને માટે, ૧૯૨૯માં હરિજનોના ઉદ્ધારને માટે, અને ૧૯૩૪માં સાંપ્રદાયિક નિર્ણયની વિરુદ્ધ ઉપવાસ કર્યા હતા. ગાંધીજીનો વિચાર હતો કે સાચો ઉપવાસ શરીર, મન અને આત્માની શુદ્ધિ કરે છે, એ ઇન્દ્રિયોનું દમન કરે છે અને એક હદ સુધી આત્માને મુક્ત કરે છે.

**૫. હડતાલ**

સત્યાગ્રહનું એક રૂપ હડતાલ પણ છે. જોકે પશ્ચિમી જગતમાં તેનો પ્રયોગ વિધ્વંસકારી કાર્યોમાં કરાયો હતો, પરંતુ ગાંધીજીએ તેનો પ્રયોગ અહિંસાત્મક રીતે કર્યો. 'હડતાલ'નો અર્થ છે - 'કામમાં અવરોધ પેદા કરવો.' જોકે હડતાલ ખૂબ જ પ્રભાવશાળી શસ્ત્ર છે, પરંતુ ગાંધીજી તેનો પ્રયોગ ઓછામાં ઓછો કરવાના પક્ષમાં હતા. કેમ કે વધારે પ્રયોગ કરવાથી તે પ્રભાવહીન થઈ જાય છે. હડતાલ આત્મશુદ્ધિને માટે કરાતો સ્વૈચ્છિક પ્રયત્ન છે. જેનો અર્થ સ્વયં કષ્ટ સહન કરતા જઈ વિરોધીઓનું હૃદયપરિવર્તન કરવું છે. હડતાલ કરનાર વ્યક્તિઓની માંગણીઓ નિતાંત સ્પષ્ટ અને ઉચિત હોવી જોઈએ.

**૬. બહિષ્કાર**

ભારતમાં સામાજિક બહિષ્કારની પ્રથા ઘણા સમયથી ચાલી આવે છે. ગાંધીજીએ બહિષ્કારને પોતાના સત્યાગ્રહમાં બહુ ઓછું સ્થાન આપેલ છે. જ્યારે કોઈ એક કે થોડી વ્યક્તિ બહુમતિની ન્યાયઉચિત વાત કે નિર્ણય માનવાનો ઇન્કાર કરે ત્યારે બહિષ્કાર કરી શકાય છે. પરંતુ તેમાં એ પ્રતિબંધ પણ છે કે બહિષ્કૃત વ્યક્તિ દ્વારા ઉઠાવાયેલ કષ્ટ પ્રત્યે કરવાવાળાને સહાનુભૂતિ થવી જોઈએ અને કષ્ટને માટે દુઃખનો અનુભવ થવો જોઈએ. ભારતની આઝાદીમાં બહિષ્કારનો અર્થ વિદેશી ચીજોનો ઉપયોગ ન કરવા તથા અંગ્રેજી ન્યાયાલયો, નોકરીઓ, શાળાઓ વગેરેનો બહિષ્કાર કરવાના રૂપમાં કરાયો.

આ બધાં સાધનોનો પ્રયોગ ગાંધીજીએ ભારતની આઝાદીને 'સત્ય' માની તેની પ્રાપ્તિને માટે આગ્રહ રાખ્યો. આ રીતે સત્યાગ્રહ એક રાજકીય શસ્ત્રના રૂપમાં પ્રયુક્ત થયો.

(ક્રમશઃ) **- ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# ઓળખપત્ર

**સુ**નિતા આખી કૉલેજમાં પ્રથમ ક્રમે આવી. ગણિતના વિષયમાં એણે મેળવેલા સર્વોચ્ચ ગુણાંક બદલ એને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલો. કેટલીય શાળાઓ એને પોતાની શાળામાં જોડાવાનું આમંત્રણ આપવા તત્પર હતી, પણ સુનિતાએ પહેલેથી જ નક્કી કરેલું કે, તદ્દન છેવાડાના ગામડાની, અભાવો વચ્ચે ઝઝૂમતી કોઈ શાળામાં એ શિક્ષિકા તરીકે નોકરી કરશે. અંતે મનનું ધાર્યું જ કરીને એ આ આદિવાસી વિસ્તારમાં આવેલી ખખડધજ શાળામાં સામેથી નોકરી માગીને આવેલી.

માથામાં પડેલી જૂને કારણે માથું ખંજવાળતા રહેતા છોકરાઓની વચ્ચે ભલે ફાટેલાં પણ વ્યવસ્થિત ચડ્ડી-ખમીસ પહેરેલા અને તેલ નાખીને ઓળેલા વાળ વાળા રાઘવે પહેલે જ દિવસે સુનિતાનું ધ્યાન ખેંચ્યું. એણે પૂછેલું, ''શું નામ તારું બેટા?''

''મેડમ, મારું નામ રાઘવ.''

ત્યારે આખા વર્ગને સંબોધીને એણે કહેલું, ''તમારે બધાંએ મને બહેન કહીને બોલાવવાની, બરાબર?''

હાજરીપત્રક, ચોક, ડસ્ટર, પાણીની બોટલ બધું ભેગું કરીને સુનિતા જ્યારે ઘરે જવાની તૈયારી કરવા લાગી ત્યારે રાઘવ દોડીને આવ્યો,

''બેન, આ હાજરીપત્રક ને પાણીની બાટલી હું લઈ લેવા.''

બસ, તે દિવસથી એ ક્રમ જ થઈ ગયો હતો. સુનિતાને ગામલોકોએ એક ઓરડાનું જે ઘર આપ્યું હતું એ રાઘવના ઝૂંપડા પહેલાં આવતું. રસ્તામાં રાઘવ જિજ્ઞાસાથી ઘણા સવાલ પૂછતો રહેતો. રાઘવના અક્ષર પણ મરોડદાર અને સુંદર હતા. એનાં વર્તન અને વાતોમાં શાલીનતા હતી. પહેલી પરીક્ષામાં એના બધા જવાબો સાચા હતા. સુનિતાને આ છોકરો ગમવા માંડ્યો હતો. એને થતું કે, ધ્યાનથી પાસાં પાડવામાં આવે તો રાઘવ હીરાની જેમ ઝળકી ઊઠે એમ હતો. એની પાછળ મહેનત કરવાનો સંકલ્પ કરે ન કરે ત્યાં એક દિવસ એની વાત સાંભળીને સુનિતાને ઝાટકો લાગ્યો. બંને ઘર ભણી જઈ રહ્યાં હતાં ત્યારે ડૂમો ભરાયેલા કંઠે રાઘવ બોલ્યો, ''બેન, આ દિવાળી પછી હું નિશાળે ની આવા. મા કહેતી છે કે, પાંચ-છ મહિના પછી કદાચ ફરીથી આ ગામમાં અવાહે તો ઠીક, નકર...''

''કેમ?''

''બીજા ગામમાં શેરડી કાપ્પા જવાનું છે. તાં વધારે રુપિયા મલે.''

સુનિતાને આઘાત લાગ્યો. આટલા હોનહાર છોકરાનું ભવિષ્ય આમ જ ખતમ થઈ જશે? એ રાઘવની માને મળવા ગઈ. ખૂબ સમજાવી પણ એની મા કોઈ વાત માનવા તૈયાર નહોતી.

''જો બેન, તારી બધ્ધી વાત હાચી પણ મને કે' કે, તેં કોઈ દી ભૂખ વેઠેલી છે કે? નજરની હામે પોરિયાઓને ખાલી પેટે ટળવળતાં જોયેલાં છે કે?''

''ચાલો, હું રાઘવની જવાબદારી લેવા તૈયાર છું. એને મારી પાસે રાખીને ભણાવીશ. તૈયાર છો?''

''બેન, તને ખબર છે કે, પેટનાં જણેલાં કોને કેવાય? એમાં પણ રઘલો તો મારી ચાર ચાર પોરી પછી જન્મેલો હાત ખોટનો દીકરો. એને તને હોંપીને થોડી જાવાની?''

સુનિતા નિરાશ થઈ ગઈ. એણે છેલ્લો પ્રયત્ન કરી જોયો. ''ભલે પણ તમે જશો એ ગામમાં પણ સરકારી શાળા તો હશે જ. ત્યાં રાઘવને ભણવા...''

હવે રાઘવની માને ગુસ્સો આવ્યો, ''હું લાગી પડેલી છે કારની, ભણાવો ભણાવો. નિહારે મોકલો કરતી? તારી નિહાર મને હું આપે? ને ચાર પોરીઓ મને મદદ કરવા આવહે ત્યારે ઘરનું ધિયાન રઘલો ની રાખહે તો કોણ રાખહે, બોલ?''

પાછી ફરી રહેલી સુનિતાએ પાછળ ફરીને જોયું તો રાઘવની માને ફાટેલા સાડલાના છેડાથી આંખો લૂછતી જોઈ એને સમજાયું કે, પેટ ભરવાની મજબૂરી પાસે દુનિયાની બધી બાબતો ગૌણ છે.

રજાઓ પછી નિશાળ ફરીથી ચાલુ થઈ. ભણાવતી વખતે સુનિતાની નજર સામે વારંવાર રાઘવ આવી જતો. ભણાવવામાં એનું પહેલાં જેવું મન નહોતું લાગતું. ઘરે જતી વખતે રાઘવ વગર સૂનું લાગતું હતું. આમ ને આમ છએક મહિના થવા આવ્યા. એક દિવસ રાઘવના ઘર પાસે રહેતી રાધાએ કહ્યું, ''બેન, તમને રઘલાની માઈએ બોલાવેલા છે.''

સુનિતાનું મન નાચી ઊઠ્યું, ''રાઘવ પાછો આવી ગયો?''

જેવી શાળા છૂટી કે એ રાઘવના ઘર તરફ ગઈ. હવે તો રોજ એને ઘરે બોલાવીને ભણાવવો પડશે. આટલા બધા મહિનાથી શાળા છૂટી ગઈ છે એટલે મહેનત તો કરવી પડશે, પણ વાંધો નહીં. છોકરો હોશિયાર છે એટલે પહોંચી વળશે. ઝૂંપડાની બહાર ઊભા રહીને એણે બૂમ પાડી, ''રાઘવ, ઓ રાઘવ... જો તો, તને મળવા કોણ આવ્યું છે?''

બાજુની ઝૂંપડીમાંથી એક ઘરડી સ્ત્રી બહાર આવી.

''બેન, તારી બૂમ હવે રઘલો થોડો હાંભળવાનો? આટલું કહીને એ સાડલાના છેડાથી આંખો લૂછવા લાગી. સુનિતાનું હૈયું ધબકારો ચૂકી ગયું.''

''કેમ? રાઘવ પાછો નથી આવ્યો? ત્યાં જ રહી ગયો છે?''

''અરે બેન, તને હું કેઉં? એની માઈએ જ પોયરાને મારી લાઈખો.''

સુનિતા ગાંડાની માફક રાઘવની ઝૂંપડી તરફ દોડી. બારણામાં જ એની મા બેઠી હતી. વિખરાયેલા વાળ, રડી રડીને સૂઝી ગયેલી આંખો અને વાંકી વળી ગયેલી પીઠ. એણે પોતાની મેળે જ બોલવાનું ચાલું કર્યું,

''પેલી ડોહી હાચું જ કેતી છે. મેં જ મારી લાઈખો મારા પોયરાને. હું કરું બેન? ઘર હાચવવા રઘલાને મૂકીને હું ને પોરીઓ કામે જતાં. એક દિવસ પાછાં આયવા તિયારે રઘલો ઝૂંપડાની વચ્ચોવચ પડેલો. મોઢામાંથી ફીણ નીકળતા હુતા. એને એરુ આભડી ગયેલો. બહેન પૈહા કમાવાની લાઈમાં મેં તો એકનો એક પોયરો ગુમાયવો.''

શું બોલવું એ સુનિતાને સૂઝ પડતી નહોતી, ત્યાં રઘલાની મા એકદમ ઊભી થઈ. ખીલીએ લટકતી ઝોળીમાંથી કંઈક કાઢીને લઈ આવી ને સુનિતાને કહેવા લાગી, ''મારી પાંહે પોયરાનો એકાદ ફોટો હો ની મલે. એનું મોઢું જોવાનું મન થાય તો કેવી રીતે જોઉં? તાં જ મને યાદ આયવું કે તમે નિહારમાંથી પોયરાઓના ફોટા પાડીને આ આપેલું ને તે રઘલાએ હાચવી રાખેલું. એ હાથ જોડીને કહેવા લાગી, માફ કરજે બેન, હું બોયલા કરતી ને, કે, નિહારે મને હું આયપું?'' રઘલો જતાં જતાં મને હમજાવી ગિયો કે, નિહારે આ આયપું.'' રઘલાની માએ પોતાના હાથમાં પકડેલા ઓળખપત્ર પર એક મા અને એક શિક્ષિકાનાં આંસુઓનો અભિષેક થઈ રહ્યો.

(સંધ્યા શિંદેની મરાઠી વાર્તાને આધારે) – આશા વીરેંદ્ર

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org